gujaratvandan.com



અક્ષય અને ટાઈગરની 'બડે મિયાં છોટે મિયાં'માં માનુષીનો લીડ રોલ

પેજ 11

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

રવિવાર, 28 જાન્યુઆરી 2024

પોષ વદ-3, વિક્રમ સંવત 2080 | કિંમત : રૂ. 5 | વાર્ષિક : રૂ. 260 | વર્ષ : 07 | અંક : 38 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12

**સુવિચાર**

અહીં પગના તળિયા કોઈ નથી જોતું....બુટની પોલીશ ચકાચક હોવી જોઈએ સાહેબ...

## લોકસભાની ચૂંટણી પહેલા બિહારમાં ખેલા હોબા..!

### બિહારમાં એકાએક રાજકીય પરિસ્થિતિ પ્રવાહી બની, કોંગ્રેસ માટે 'વોચ એન્ડ વેઈટ'

# નીતિશ ફરીથી ભાજપ સાથે સરકાર બનાવવા તૈયાર

■ રાજકારણમાં નીતિશ કુમાર હવે 'સુશાસન બાબૂ' ને બદલે 'પલટૂ બાબૂ' બની ગયાનો વ્યંગ

ગુજરાત | વંદન

બિહારની રાજનીતિમાં લોકસભાની ચૂંટણી પહેલા ભારે ઉથલ-પાથલ થઈ ગઈ છે. એક સમયે ભાજપ સાથે અને બીજી વખત લાલુ યાદવની પાર્ટી સાથે સરકાર બનાવનાર મુખ્યમંત્રી નીતિશ કુમારનું નામ હવે રાજકારણમાં સુશાસન બાબૂને બદલે પલટૂ બાબૂ તરીકે લેવાય રહ્યું છે. કેમકે તેમણે ફરી એક વાર પલટી મારી છે અને જે ભાજપે તેમનું ઘોર અપમાન કર્યું હતું એ જ ભાજપ સાથે સરકાર બનાવવા જઈ રહ્યાં છે. તેમનું આ રાજકીય પગલુ તેમના માટે રાજકીય હારાકારી (આપઘાત) સમાન નિવડશે કે કેમ તે ભવિષ્ય નક્કી કરશે પણ નીતિશકુમારના આ પગલાથી ઈન્ડિયા ગઠબંધનને ચોક્કસ ભારે ફટકો પડ્યો છે કેમકે, લોકસભાની ચૂંટણીમાં ભાજપને હરાવવા નીતિશકુમારે આગેવાને લઈને કોંગ્રેસ સહિત વિરોધપક્ષોને એક કર્યાં હતા. અલબત્ત બિહારની બદલાયેલી રાજનીતિ પહેલા ગઠબંધનના ભાગીદાર મમતા બેનર્જી અને કેજરીવાલે લોકસભાની ચૂંટણી સ્વતંત્ર લડવાની જાહેરાત કરી હતી અને બિહારની પલટાએલી રાજનીતિના પગલે કોંગ્રેસના એક એવી લાગણી વ્યક્ત થઈ છે કે, લોકસભાની ચૂંટણીઓ હવે એકલા હાથે લડવી જોઈએ. કોંગ્રેસે નીતિશકુમારને વિશ્વાસઘાતું ગણાવ્યાં છે તો લાલુની પાર્ટી આરજેડી દ્વારા સરકાર બનાવવાના પ્રયાસો ચાલી રહ્યાં છે પરંતુ તેમા સફળતા મળે તેમ નથી. દરમ્યાન દિલ્હીમાં ભાજપ, કોંગ્રેસ અને અન્ય પક્ષો વચ્ચે બેઠકોનો દોર છેલ્લા બે દિવસથી ચાલી રહ્યો છે. બિહારમાં ખરેખર શું થશે તેના અંગે કોઈ કાંઈ દાવા પૂર્વક કઈ શકે તેમ નથી. કેમકે, સવાલ સત્તા માટેના જાદુઈ આંકડાનો છે.

જે હાલમાં રાજકીય પરિસ્થિતિ દિલ્હીમાં આકાર લઈ રહી છે તેમા એમ મનાય છે કે, ભાજપ અને નીતિશકુમાર ફરી છે એક થઈને સરકાર બનાવશે. વિધાનસભાનું અધ્યક્ષ પદ ભાજપ પાસે રહેશે અને એક કે બે નાયબ મુખ્યમંત્રીઓ બનાવવામાં આવશે. બિહારમાં એકાએક આવું ઉલટ-સુલટ કેમ થયું તેના રાજકીય કારણો અને તારણોમાં એમ માનવામાં આવી રહ્યું છે કે કેન્દ્ર સરકારે બિહાર તત્કાલીન મુખ્યમંત્રી સ્વ. કર્પૂરી ઠાકુરને ભારત રત્ન આપવાની જાહેરાત બાદ અને આ સમય દરમિયાન ભત્રીજાવાદ પરની તેમની ટિપ્પણી પછી સીએમ નીતિશ કુમાર દ્વારા પીએમ નરેન્દ્ર મોદીનો ખુલ્લેઆમ આભાર વ્યક્ત કરતા અટકળોનો દોર શરૂ થયો હતો.

બિહારમાં હાલમાં નીતિશ કુમારની પાર્ટી JDU પાસે 45 ધારાસભ્યો છે, BJP પાસે 76 અને HAM પાસે 4 ધારાસભ્યો છે, જે કુલ મળીને 125 ધારાસભ્યો છે, જે સરકાર બનાવવા માટે જરૂરી 122ના જાદુઈ

...અનુસંધાન પેજ નં. 6 પર

### RJDએ બેઠક બોલાવી

લોકસભા ચૂંટણી પહેલા નીતિશ કુમાર NDA ગઠબંધનમાં જોડાય તેવી વાતો વચ્ચે હવે બિહારનું રાજકારણ ગરમાયું છે. બિહારમાં રાજકીય ઉથલપાથલ વચ્ચે RJD કેમ્પમાંથી મોટા સમાચાર આવી રહ્યા છે. તેજસ્વી યાદવે કહ્યું કે, તેઓ આસાનીથી તખ્તાપલટ થવા દેશે નહીં અને રાજ્યાભિષેક ફરીથી આસાનીથી થવા દેશે નહીં. એવું કહેવામાં આવી રહ્યું છે કે, RJD CM પદ માટે કોઈ દલિત ચહેરાને આગળ કરી શકે છે. આ બધા વચ્ચે રાષ્ટ્રીય જનતા દળ (RJD) એ રાજકીય સંકટને પહોંચી વળવા માટે આજે બપોરે 1 વાગ્યે તેજસ્વી યાદવના 5 સર્ક્યુલર રોડ સ્થિત નિવાસસ્થાને ધારાસભ્ય દળની બેઠક બોલાવી છે. આ બેઠકમાં કોઈ મોટો નિર્ણય લેવામાં આવી શકે છે.

### બિહાર વિધાનસભાની શું છે સ્થિતિ ?



બિહાર વિધાનસભાની સંખ્યાની રમત વિશે વાત કરીએ તો 243 સભ્યોના ગૃહમાં બહુમતી માટે જરૂરી જાદુઈ આંકડો 122 ધારાસભ્યોનો છે. લાલુ યાદવની આગેવાની હેઠળની RJD 79 સભ્યો સાથે સૌથી મોટી પાર્ટી છે, જ્યારે ભાજપ 78 ધારાસભ્યો સાથે બીજા સ્થાને છે. નીતિશ કુમારની પાર્ટી JDU 45 ધારાસભ્યો સાથે ત્રીજી પાર્ટી છે. કોંગ્રેસ પાસે 19 અને ડાબેરીઓ પાસે 16 ધારાસભ્યો છે. જો આપણે RJD, કોંગ્રેસ અને ડાબેરીઓના ધારાસભ્યોની સંખ્યા ઉમેરીએ તો કુલ સભ્યોની સંખ્યા 114 સુધી પહોંચે છે, જે બહુમત માટે જરૂરી જાદુઈ આંકડા કરતા આઠ ઓછી છે.

### લાલુએ નીતિશને 5 વખત ફોન કર્યો

RJD ઉપાધ્યક્ષ શિવાનંદ તિવારી પણ નીતિશના વલણથી નારાજ દેખાયા. તેમણે કહ્યું,



ગઈકાલે મેં નીતીશ કુમાર સાથે એપોઈન્ટમેન્ટ માંગી હતી પરંતુ હજુ સુધી એપોઈન્ટમેન્ટ મળી નથી. અમે નીતિશને કહ્યું શું વાત છે, મારી માટે સમય નથી. આ અંગે તેમણે કહ્યું કે તે આજે જ જણાવીશ. નીતિશ કુમારનું નામ ઈતિહાસમાં કેવી રીતે નોંધાશે? આ તરફ નીતિશના પક્ષ બદલવાના સમાચારો વચ્ચે RJD સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવ એકદમ બેચેન દેખાઈ રહ્યા છે. એક ચર્ચા એવી પણ છે કે, લાલુએ નીતિશને લગભગ 5 વખત ફોન કર્યો પરંતુ નીતીશે લાલુનો ફોન ઉપાડ્યો નહીં જેના કારણે નીતિશે સ્પષ્ટ સંદેશ આપી દીધો છે કે, તેઓ ભાજપ સાથે જવાના છે.

### કોંગ્રેસે શું કહ્યું ?

આ બધાની વચ્ચે બિહાર કોંગ્રેસ અધ્યક્ષ અખિલેશ સિંહે પણ મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, અમે કોઈપણ પરિસ્થિતિ માટે તૈયાર છીએ. અગાઉ પણ ધારાસભ્યોને તોડવાના પ્રયાસો થયા છે. એક એમએલસીએ પાર્ટી છોડી દીધી હતી. આ પછી કોઈ ગયું નથી. પૂર્ણિયામાં રાહુલ ગાંધીની રેલી અંગે તેમણે કહ્યું કે, તેમાં હાજરી આપવા માટે નીતિશ કુમારને આમંત્રણ આપવામાં આવ્યું છે.

### કોંગ્રેસે એકલા હાથે ચૂંટણી લડવી જોઈએ : આચાર્ય પ્રમોદ કૃષ્ણમ

લોકસભાની ચૂંટણી માટે હવે વધુ સમય બાકી નથી પરંતુ ભાજપ વિરુદ્ધ રચાયેલી 'ઈન્ડિયા' ગઠબંધનમાં તિરાડ પડી રહી છે. બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર ફરી એકવાર NDAમાં સામેલ થઈ શકે છે તેવી અટકળોએ જોર પકડ્યું છે. આ વચ્ચે કોંગ્રેસ નેતા આચાર્ય પ્રમોદ કૃષ્ણમનું નિવેદન પણ સામે આવ્યું છે. તેમણે કહ્યું કે 'નીતીશ કુમારે તેમની વિશ્વસનીયતા ગુમાવી દીધી છે. આ માટે તેમના નિર્ણયો અને તેઓ પોતે જવાબદાર છે. કોંગ્રેસે પૂરા દેશમાં એકલા હાથે ચૂંટણી લડવાનું વિચારવું જોઈએ, આટલી મોટી લડાઈ આ લોકોના આધાર પર ન લડી શકાય."

## ન્યૂઝ બ્રિફ

### પંજાબ : BSFએ હેરોઈન ભરેલું પેકેટ જપ્ત કર્યું


પંજાબમાં ભારતીય સુરક્ષા દળના જવાનોએ એક ચાઈનીઝ ડ્રોન ઝડપ્યું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, 26 જાન્યુઆરીએ BSF જવાનોને પંજાબના અમૃતસર જિલ્લાના રોરાનવાલા ગામમાં સરહદની નજીકના વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન એક શંકાસ્પદ વસ્તુ દેખાઈ હતી. જ્યારે સૈનિકોએ તે વસ્તુની નજીક જઈને જોયું તો તે એક ડ્રોન હતું જેને બીએસએફના જવાનોએ પકડી લીધું હતું. અમૃતસર ગ્રામીણ પોલીસે તેના સત્તાવાર સોશિયલ મીડિયા એક્સ પર એક પોસ્ટ શેર કરીને લખ્યું હતું કે, VDC સભ્યની સૂચના પર, અમૃતસર ગ્રામીણ પોલીસ અને BSF પંજાબે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું, જેમાં BSF પંજાબને આંતરરાષ્ટ્રીય સરહદ પર સ્થિત મોધે ગામના ખેતરોમાંથી ડીજેઆઈ પ્રો ડ્રોન અને 519 ગ્રામ હેરોઈનના પેકેટ મળી આવ્યું હતું.

### ટ્રક સાથે કાર અથડાતા ચાર લોકો જીવતા ભડથું

દેશમાં અકસ્માતના બનાવો દિવસેને દિવસે વધી રહ્યા છે ત્યારે પંજાબમાં વધુ એક અકસ્માતની ઘટના બની છે જેમાં ચાર લોકોના મોત થયા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ પંજાબના હોશિયારપુરમાં કાર અને ટ્રક વચ્ચે ભયાનક અકસ્માતની ઘટના બની હતી જેમાં કારમાં આગ લાગતા ચાર લોકો જીવતા ભડથું થઈ ગયા હતા. પંજાબમાં એક મોટી અકસ્માતની દુર્ઘટના બની છે જેમાં હોશિયારપુરમાં એક કાર અને ટ્રક વચ્ચે ભીષણ અકસ્માત થતાં એક મહિલા સહિત ચાર લોકોના મોત થયા છે. સૂત્રો દ્વારા મળતા અહેવાલ મુજબ ટ્રક સાથે કાર અથડાયા બાદ કારમાં આગ લાગી હતી અને કારનો દરવાજા ન ખુલવાને કારણે કારમાં સવાર ચારેય લોકો જીવતા ભડથું થઈ ગયા હતા.

### જરાંગ માની ગયા, શિંદે સરકારે મરાઠા અનામતનો પ્રશ્ન ઉકેલ્યો

મહારાષ્ટ્રમાં મરાઠા અનામતને લઈને એક મોટો



સમાચાર સામે આવી રહ્યા છે જેમાં અનામતની માગને લઈને આંદોલન કરી રહેલા કાર્યકર્તા મનોજ જરાંગે પાટીલની માંગણીઓને સરકારે સ્વીકારી લીધી છે. જે બાદ તેમણે આંદોલન સમાપ્ત કરવાની જાહેરાત કરી છે. આ દરમિયાન જરાંગેએ રાજ્યના મુખ્યમંત્રી એકનાથ શિંદેની પણ પ્રશંસા કરી હતી. મરાઠા સમુદાય માટે અનામતની માગ કરનારા કાર્યકર્તા મનોજ જરાંગે પાટીલે જણાવ્યું હતું કે, 'મુખ્યમંત્રી એકનાથ શિંદેએ સારું કામ કર્યું છે. અમારો વિરોધ હવે સમાપ્ત થઈ ગયો છે. અમારી માગને સ્વીકારવામાં આવી છે. અમે તેમનો પત્ર સ્વીકારીશું.'

### વાંકી નજરે...

સૌજન્યથી...





### દેશભરમાં 75મા પ્રજાસત્તાક દિનની ઉલ્લાસભેર ઉજવણી

# દિલ્હીમાં કર્તવ્ય પથ પર નારી શક્તિ અને સૈન્ય શક્તિએ રંગ રાખ્યો...

■ મુખ્ય અતિથિ ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોન ભારતની શક્તિ જોઈને રોમાંચિત બન્યા

ગુજરાત | વંદન



દેશભરમાં 26 જાન્યુઆરીની રંગારંગ ઉજવણી થઈ હતી. મુખ્ય સમારોહ નવી દિલ્હી ખાતે કર્તવ્ય પથ પર યોજાયો હતો. આ વખતે ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોન મુખ્ય અતિથિ હતા. ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કર્તવ્ય પર સૈન્ય પરેડમાં સેનાના ત્રણેય દળોની સલામી ઝીલી હતી અને તે અગાઉ તેમણે તિરંગો લહેરાવ્યો હતો. મુખ્ય અતિથિ ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોન ભારતની શક્તિ જોઈને રોમાંચિત બન્યા હતા અને તે બદલ વડાપ્રધાન મોદીને અભિનંદન આપ્યા હતા.

26મીને શુક્રવારના રોજ 75મો ગણતંત્ર દિવસની ઉજવણીમાં રહ્યો છે. કર્તવ્ય પથ પર માત્ર સાંસ્કૃતિક ધરોહર જ નહીં પરંતુ દેશની સૈન્ય તાકાત પણ જોવા મળી હતી. આમંત્રિત લોકોની સુરક્ષા માટે ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવ્યો હતો. આ ખાસ અવસર પર, કર્તવ્યપથ પરની પરેડમાં રાજ્યની વિવિધ થીમ પર ટેબ્લો એટલે કે ઝાંખીઓ એક પછી એક રજૂ થઇ હતી. ગુજરાતે ધોરડોની થીમ પરનો ટેબ્લો રજૂ કર્યો હતો. પરેડમાં ફ્રાન્સની 95-સભ્યોની માર્ચિંગ ટુકડી અને 33-સભ્યની બેન્ડ ટુકડી પણ સામેલ હતી.. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન ગણતંત્ર દિવસની ઉજવણીના મુખ્ય અતિથિ બન્યા હતા. દિલ્હી આવતા પહેલાં તેઓ જયપુર ગયા હતા અને ત્યાં વડાપ્રધાન મોદી સાથે રોડ શો કર્યો હતો..

રાજ્યો પછી, વિવિધ મંત્રાલયોના ટેબ્લો રજૂ થયા હતા. જેમાં સૌ પ્રથમ, ISROની ઝાંખી બહાર પાડવામાં આવી હતી, જેમાં ચંદ્રયાન 3 અને ભારતીય અવકાશના ઈતિહાસની ઝલક છે.

આ પછી CSIR ના ટેબ્લોમાં વૈજ્ઞાનિકોના પ્રયત્નો અને સિદ્ધિઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય, ત્યારબાદ બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય, ગૃહ મંત્રાલય અને વિદેશ મંત્રાલયની ઝાંખીઓનું અનાવરણ કરવામાં આવ્યું હતું. G-20 સમિટની ઝલક વિદેશ મંત્રાલયની ઝાંખીમાં જોવા મળે છે.

### અટારી-વાઘા બોર્ડર: બીટિંગ રિટ્રીટ સેરેમનીમાં જવાનોએ જુસ્સો બતાવ્યો




■ સમારંભનું વિશેષ આકર્ષણ બન્યું પરેડની સાથે ચાલતા બેન્ડની સૂરાવલિઓ

ગુજરાત | વંદન

26 જાન્યુઆરી 2024ના રોજ પંજાબના અમૃતસરમાં આવેલ અટારી-વાઘા બોર્ડર પર આયોજીત થતી બીટિંગ રિટ્રીટ સેરેમનીમાં ફરી એક વાર દેશવાસીઓના હ્રદયમાં દેશભક્તિની લહેર જોવા મળી હતી. હાલમાં જ સામે આવેલા વીડિયોમાં ભારતીય અને પાકિસ્તાની સેનાના જવાનોના કદમતાલ કરતા જોવા મળ્યા હતા.


સેરેમનીનો શુભારંભ ભવ્ય તિરંગાના ફરકાવતા થયો હતો, જેમાં સરહદ પર હાજર હજારો દર્શકોના દિલને ગર્વથી ભરી દીધું હતું. ભારતીય સેનાના જવાનોની અનુશાસિત કતારબદ્ધ ચાલ, શાનદાર પોશાક અને અતૂટ ઉત્સાહે વાતાવરણને દેશભક્તિના રંગમાં રંગી દીધું હતું. માર્ચ દરમ્યાન તેમને હાવભાવ, તેમની દ્રઢતા અને તેના ચહેરા પર દેશપ્રેમની ચમક તમામને મંત્રમુગ્ધ કરી રહી હતી. સમારંભનું વિશેષ

...અનુસંધાન પેજ નં. 6 પર

## ઓલિમ્પિક માટે ભારતની દાવેદારીને ફ્રાન્સ સમર્થન કરશે: મેક્રોન

■ ફ્રાન્સ ઓલિમ્પિક રમતોમાં ભારત સાથે વધુ મજબૂત સહયોગ બનાવવા ઉત્સુક

ગુજરાત | વંદન



ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને શુક્રવારે મોટું નિવેદન આપ્યું છે. તેમણે ભારતને ખાતરી આપી છે કે નજીકના ભવિષ્યમાં ભારતમાં ઓલિમ્પિક ગેમ્સના આયોજનમાં ફ્રાન્સ તેને સમર્થન આપશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા આયોજિત ભોજન સમારંભ દરમિયાન તેમના સંબોધનમાં, મેક્રોને જણાવ્યું હતું કે તેઓ ઓલિમ્પિક રમતોમાં ભારત સાથે વધુ મજબૂત સહયોગ બનાવવા માટે ઉત્સુક છે. મેક્રોને કહ્યું, 'અમને ભારત સાથે રમતગમત પર વધુ મજબૂત સહયોગ બનાવવામાં ખુશી થશે. ભવિષ્યમાં ભારતમાં ઓલિમ્પિક ગેમ્સનું આયોજન કરવાના તમારા ઈરાદાને અમે ચોક્કસપણે સમર્થન આપીશું. ફ્રાન્સના રાષ્ટ્રપતિ શુક્રવારે નવી

...અનુસંધાન પેજ નં. 6 પર

### ઈન્ટરનેશનલ કોર્ટના નિર્ણયને ઈઝરાયલે અપમાનજનક ગણાવ્યો

ગુજરાત | વંદન

ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટીસ(ICJ)ના નિર્ણય પર ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ તીખી પ્રતિક્રિયા આપતા કહ્યું કે તેમના દેશને પોતાની રક્ષા કરવાનો અધિકાર છે. ઈઝરાયલે આ નિર્ણયને અપમાનજનક ગણાવ્યો છે. આ ઉપરાંત ઈઝરાયલે પ્રતિજ્ઞા લીધી છે કે દેશની સુરક્ષા માટે જે પણ જરૂરી હશે તે કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે દક્ષિણ આફ્રિકાએ ગાઝામાં ઈઝરાયલના હુમલાને

...અનુસંધાન પેજ નં. 6 પર

### ઉચ્ચ શિક્ષણ અંગે ભારતમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિની જાહેરાત

## ફ્રાન્સ 2030 સુધીમાં ભારતના 30 હજારથી વધુ વિદ્યાર્થીને આવકારશે

■ ફ્રેન્ચ ભાષા શીખવવા માટે ભારતમાં નવા સેન્ટરો ખોલવામાં આવશે

ગુજરાત | વંદન



ભારતના 75મા પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં ભાગ લેવા આવેલા ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોંએ ભારતના વિદ્યાર્થીઓ માટે મોટું એલાન કર્યું છે.

તેમણે પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં સામેલ થતાં પહેલા એક ટ્વીટ કર્યું છે. તેમાં તેમણે લખ્યું છે કે, "ફ્રાન્સે એવું લક્ષ્ય રાખ્યું છે કે 2030 સુધીમાં ભારતના 30 હજારથી વધુ વિદ્યાર્થીઓ હશે. આ બહુ ઊંચો ટાર્ગેટ છે પણ અમે તેને હાંસલ કરવા માટે પ્રતિબદ્ધ છીએ."

તેમણે કઈ રીતે આ લક્ષ્યને ફ્રાન્સ હાંસલ કરશે તેના વિશે પણ વાત કરી છે. તેમણે ફ્રેન્ચ ભાષા શીખવવા માટે નવા સેન્ટરો ખોલવાની જાહેરાત કરી છે.

આ સિવાય તેમણે કહ્યું છે કે તેઓ ઈન્ટરનેશનલ ક્લાસીસ ખોલી રહ્યા છે જેમાં ફ્રેન્ચ નહીં બોલી શકતા વિદ્યાર્થીઓ પણ યુનુવર્સિટીમાં જોડાઈ શકશે. વિઝા પ્રક્રિયામાં પણ મદદ આપવાની તેમણે ખાતરી આપી છે. તેમની

...અનુસંધાન પેજ નં. 6 પર

## એલર્જીથી પીડિત યુવતીએ ચા સાથે બિસ્કીટ ખાતા થયું મોત

■ તેની પ્રિય વસ્તુ જ તેના મોતનું કારણ બની...

ગુજરાત | વંદન

ભારત સહિત દુનિયાભરના દેશોના



લોકોની સવાર ચા-કોફી કે હવે આજના જમાનામાં ગ્રીન ટી સાથે થાય છે પરંતુ તેની સાથે બિસ્કીટ કે બ્રેડનું ચલણ પણ સમગ્ર દુનિયામાં હજી ચાલુ જ છે. ચા સાથે બિસ્કીટ ખાવાનું દરેક વ્યક્તિને પસંદ હોય જ છે. નાના બાળકથી લઈને પુખ્ત વયનો કોઈપણ વ્યક્તિ સવારમાં ચાની સાથે બિસ્કીટની માંગ કરતો જોવા મળે જ છે પરંતુ જો તમને કહેવામાં આવે કે ચાની જોડે બિસ્કીટ ખાવાથી મૃત્યુ પણ થઈ શકે છે તો તમને આંચકો લાગશે ને ? કોઈને પણ એક સેકન્ડ માટે ઝટકો તો લાગે જ, કે આ શું બિસ્કીટ ખાવાથી મોત થશે ? પરંતુ આ વાત સાચી છે, એક બાળકીએ ચા સાથે બિસ્કીટ ખાતા મોતની ઘટનાએ સૌને ચોંકાવી દીધા છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ મામલો ન્યૂયોર્કનો છે. અમેરિકાના આ શહેરમાં રહેતી એક મહિલા બિસ્કીટ

...અનુસંધાન પેજ નં. 6 પર

## ભારતમાં હવે હેલિકોપ્ટર મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ શરૂ થશે

■ ટાટા અને યુરોપિયન કંપની એરબસ આના પર સાથે મળીને કામ કરશે

ગુજરાત | વંદન




ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનનો ભારત પ્રવાસ સમાપ્ત થઈ ગયો છે. ગણતંત્ર દિવસ પર ફ્રાન્સના રાષ્ટ્રપતિને મુખ્ય અતિથિ તરીકે આમંત્રિત કરીને ભારતને મોટો ફાયદો થયો છે. ફ્રાન્સે ભારતને એક એવી ભેટ આપી છે, જેના કારણે દેશને આકાશમાં સાર્વભૌમત્વ હાંસલ કરવાનો મોકો મળ્યો છે. હવે ભારત દેશમાં હેલિકોપ્ટર પણ બનાવશે. દેશમાં હેલિકોપ્ટર મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ શરૂ થવા જઈ રહ્યો છે. ટાટા અને યુરોપિયન કંપની એરબસ આના પર સાથે મળીને કામ કરશે. એરબસ હેલિકોપ્ટર્સે કહ્યું કે તે દેશમાં હેલિકોપ્ટર મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ

...અનુસંધાન પેજનં. 6 પર

## નાઈટ્રોજન ગેસથી મૃત્યુદંડની સજા આપનાર અમેરિકા બન્યો પ્રથમ દેશ

■ માનવાધિકારના હિમાયતીઓ દ્વારા સજાની પદ્ધતિનો વિરોધ કરાયો

ગુજરાત | વંદન




અમેરિકમાં હત્યાના આરોપી કેનેથ યુજીન સ્મિથને ગુરુવારે સાંજે અલાબામામાં નાઈટ્રોજન ગેસ દ્વારા મૃત્યુદંડની સજા આપવામાં આવી હતી. ભારતીય સમય અનુસાર શુક્રવારે સવારે તેનું નિધન થયું હતું. જે બાદ અમેરિકા નાઈટ્રોજન ગેસ માસ્કથી મૃત્યુદંડની સજા આપનાર વિશ્વનો પ્રથમ અને એકમાત્ર દેશ બન્યો છે. 35 વર્ષ પહેલા એક અમેરિકન મહિલાની હત્યા કરવામાં આવી હતી. જે સ્મિથે સોપારી આપી હતી. હવે આ ઘટનાને 35 વર્ષ વીતી ગયા છે. હવે સ્મિથને તેના કાર્યોની સજા મળી છે અને તે પણ સાવ અલગ રીતે. આ પહેલા વર્ષ 2022માં તેને ઝેરી ઈન્જેક્શન આપીને મારી

...અનુસંધાન પેજ નં. 6 પર

ગાંધીનગર
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

### આ વખતે 26 બેઠકો પાંચ-પાંચ લાખની લીડ સાથે જીતવાનો ટાર્ગેટ અપાયો

# ભાજપના કાર્યકરોને લેશન: ઉમેદવારની ચિંતા છોડો, ચૂંટણી પ્રતિકનો પ્રચાર કરો..!

**■ ઉમેદવારની ઘોષણા પહેલા જ ચૂંટણી કાર્યાલયો ધમધમતા થઈ ગયા**

ગુજરાત | વંદન

અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ બાદ ગુજરાતમાં ભાજપ ઈલેક્શન મોડમાં આવ્યુ છે. કમલમમાં તો બેઠકોનો દોર જામ્યો છે. ભાજપે સાંસદ,ધારાસભ્યોથી માંડીને કાર્યકરોને એક લીટીનો સંદેશો આપ્યો છેકે, ઉમેદવાર કોઈપણ હોય. તમારે કમળના પ્રતિકને જોવાનો છે. એટલુ જ નહી, ભાર લીડ સાથે વિજયી બનાવો.લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે ગુજરાતમાં ભાજપે 26 પૈકી 26 બેઠકો જીતવાના લક્ષ્યાંક સાથે ચૂંટણીની તૈયારીઓ આદરી છે. આજે કમલમમાં મુખ્યમંત્રી, પ્રદેશ પ્રમુખ સહિત ભાજપના ટોચના નેતાઓની બેઠક યોજાઈ હતી જેમાં ચૂંટણીલક્ષી ચર્ચા કરવામાં આવી હતી.

પહેલીવાર એવુ થઈ રહ્યુ છેકે, ગુજરાતમાં ભાજપે લોકસભાની




ચૂંટણીમાં ઉમેદવારની સત્તાવાર ઘોષણા થઈ નથી તે અગાઉ ચૂંટણી કાર્યાલયોનુ ઉદઘાટન સુધ્ધાં કરી દીધુ છે. આ તરફ, કમલમમાં લોકસભા બેઠકના કલ્સ્ટર ઈન્ચાર્જ, સાંસદ,ધારાસભ્ય,સંયોજકો ઉપરાંત શહેર પ્રમુખો સાથે બેઠક કરવામાં આવી હતી

જેમાં બધાયને એક જ આદેશ અપાયો હતો કે, રેકોર્ડબ્રેક લીડ સાથે ભાજપના ઉમેદવારને વિજયી બનાવો. ભાજપે આ વખતે પાંચ લાખની લીડ સાથે વિજય મેળવવા નક્કી કર્યુ છે.બેઠકમાં રાજ્ય અને કેન્દ્ર સરકારની યોજના છેવાડાના માનવી સુધી કેવી રીતે પહોંચાડી શકાય તે અંગે હોમવર્ક પણ આપવામાં આવ્યુ હતું.

## ગાંધીનગર મેયરના હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો



ગુજરાત | વંદન

26 જાન્યુઆરીના રોજ 75માં પ્રજાસત્તાક દિન નિમિત્તે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણાના વરદ હસ્તે ધ્વજવંદન નો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા, સ્ટે. કમિટી ચેરમેન જશવંતભાઈ પટેલ, ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય રીટાબેન પટેલ, કાઉન્સિલરો, મહાનગરપાલિકાના અધિકારીઓ, કર્મચારીગણ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતા.

## દિલ્હી: ગુજરાતના પ્રવાસનની વૈશ્વિક ઓળખ'' ધોરડો ટેબ્લોએ ભારે આકર્ષણ જમાવ્યું...

**■ ધોરડો અનેક વિપરિત પરિસ્થિતિ છતાં પ્રવાસન ક્ષેત્રમાં શિરમોર સ્થળ બનીને બેઠું છે**

ગુજરાત | વંદન

અમૃત કાળના પ્રથમ પ્રજાસત્તાક દિવસે એટલે કે, 75-મા પ્રજાસત્તાક પર્વ નિમિતે તા.26 જાન્યુઆરી, 2024ના રોજ ગુજરાતના પ્રવાસન અને સંસ્કૃતિક વારસાને ઉજાગર કરતાં ટેબ્લો ''ધોરડો: ગુજરાતના સરહદી પ્રવાસનની વૈશ્વિક ઓળખ''નું નવી દિલ્હીના 'કર્તવ્ય પથ' ખાતે આયોજિત રાષ્ટ્રીય પરેડમાં ભવ્ય પ્રદર્શન થયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ધોરડોનો UNWTO: United Nations World Tourism Organizationના Best Tourism Village યાદીમાં તાજેતરમાં જ સમાવેશ કરવામાં આવ્યો છે. આ સરહદી ગામ તેની ખમીરાઈ અને 'વિકસિત ભારત'ની પરિકલ્પનાને મૂર્તિમંત કરવાની સાથે રાજ્ય અને દેશના સરહદી પ્રવાસનને ઉતેજન આપે છે. આજે રજુ થયેલો ગુજરાતનો આ સુંદર કલાકૃતિઓથી રંગીન ટેબ્લો 'કર્તવ્ય




પથ' પર લોકોના આકર્ષણનું કેન્દ્ર બની ગયો હતો.

પર્યાવરણીય-ભૌગોલિક અને કુદરતી વિષમતાઓથી ભરપૂર કચ્છના રણમાં આવેલું રાજ્યનું સરહદી ગામ ધોરડો અનેક વિપરિત પરિસ્થિતિ છતાં પ્રવાસન ક્ષેત્રમાં શિરમોર સ્થળ બનીને બેઠું છે.

Tradition-Tourism-Technology નો સુંદર સમન્વય સાધ્યો હોવાના લીધે જ ધોરડોને UNWTO: United Nations World Tourism Organization (UNWTO)ના Best Tourism Village યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે, જે સાચા અર્થમાં ''વિકસિત ભારત''ની પરિકલ્પનાને સાકારિત કરે છે. આ ટેબ્લોમાં કચ્છની ઓળખ સમા 'ભૂંગા', રણોત્સવ, ટેન્ટ સિટી અને કચ્છના વિવિધ ભરતગૂંથણ, ડિજિટલ ક્રાંતિને દર્શાવતાં નિદર્શનો રજૂ કરવામાં આવ્યા હતા.

# રાજ્યમાં 5 જગ્યાએ અકસ્માતની ઘટનામાં એક બાળકી સહિત કુલ 7 લોકોના મોત

**■ રાજકોટમાં કારે રોન્ગસાઈડમાં વૃદ્ધાને ઉડાવ્યા, સમગ્ર ઘટના સીસીટીવીમાં કેમેરામાં કેદ થઈ**

ગુજરાત | વંદન

રાજ્યમાં 26 જાન્યુઆરીના રોજ ગોઝારા અકસ્માતની 5 ઘટનાઓ સામે આવી છે. જેમા 7 લોકોએ જીવ ગુમાવ્યા છે. સૌપ્રથમ કચ્છની વાત કરીએ તો કચ્છના રાપરના ચિત્રાડ નજીક ડમ્પર અને ટ્રેલર વચ્ચે અકસ્માતમાં 2 વ્યક્તિના મોત નીપજ્યા છે. આ તરફ મહેસાણાના વીસનગરમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી માટે શાળાએ જઈ રહેલી 7 વર્ષની બાળકીએ અકસ્માતમાં જીવ ગુમાવ્યો છે. મોપેડ પર માતા બાળકીને શાળાએ મુકવા જતી હતી ત્યારે ડમ્પર અને મોપેડ વચ્ચે અકસ્માત થયો. ડમ્પરની અડફેટે 7 વર્ષીય બાળકીનું મોત નીપજ્યું જ્યારે ઈજાગ્રસ્ત માતા સારવાર હેઠળ છે.

રાજકોટમાં ફરી એકવાર બેફામ કાર ચાલકે એક વૃદ્ધાનો જીવ લીધો છે. શહેરના સાધુ વાસવામી રોડ પર આવેલા પાટીદાર ચોકમાં કાર ચાલકે રોંગ સાઈડમાં આવતી કારે મોપેડ ચાલક વૃદ્ધાને અડફેટે લેતા વૃદ્ધાનુ ઘટનાસ્થળે જ મોત નિપજ્યુ છે. અકસ્માતની સમગ્ર ઘટના ઘટનાસ્થળના સીસીટીવીમાં




કેમેરામાં કેદ થઈ છે.

બનાસકાંઠામાં થરાદ અને ડીસા હાઈવે પર અકસ્માત થયો જેમા ટ્રક અને એસટી બસ વચ્ચે અકસ્માતમાં 1 વ્યક્તિનું મોત થયુ છે જ્યારે 5 લોકો ઘાયલ થયા છે. અકસ્માતમાં ટ્રક ચાલકનું ઘટનાસ્થળે મોત નિપજ્યુ છે. જ્યારે એસટી બસના ડ્રાઈવરને પણ ગંભીર ઈજા આવી છે. અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિકજામના દશ્યો સર્જાઈ ગયા હતા. પોલીસે પરિસ્થિતિ થાળે પાડી ફરી ટ્રાફિક યંત્રવત કરાવ્યો હતો.

આ તરફ જૂનાગઢમાં વિસાવદર નજીક બે કાર વચ્ચે અકસ્માત સર્જાયો જેમા એક વ્યક્તિનું મોત થયુ છે. મોણિયા રોડ પર બે કાર સામસામે ટકરાઈ હતી અને 4 લોકો ઘવાયા હતા. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જ્યારે દાહોદમાં પાનમ પુલ નજીક ડમ્પરે બાઈકને અડફેટે લેતા 2 યુવકના મોત થયા છે. ડમ્પર ચાલક અકસ્માત સર્જી ટ્રક મુકી ફરાર થઈ ગયો હતો. દેવગઢબારિયાના મોતીપુરા નજીક આ અકસ્માત સર્જાયો હતો.

## લોકતંત્રની સમૃદ્ધિ માટે મતદાનમાં ભાગ લેવા નાગરિકોને રાજ્યપાલની અપીલ

**■ દસ મિનિટ દેશ માટે, અચૂક મતદાન માટે- મુખ્ય નિર્વાચન અધિકારી**

ગુજરાત | વંદન



ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગાંધીનગર ખાતે યોજાયેલાં 14માં રાષ્ટ્રીય મતદાતા દિવસના રાજ્યકક્ષાના કાર્યક્રમમાં સંબોધન કરતા જણાવ્યું હતું કે દેશના સર્વાંગી વિકાસ અને લોકતંત્રની સમૃદ્ધિ માટે મતદાનમાં ભાગ લેવો એ પ્રત્યેક નાગરિકની નૈતિક ફરજ છે.

રાજ્યપાલે આ અવસરે જણાવ્યું હતું કે ભારતનું લોકતંત્ર સમૃદ્ધિ તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે સ્વતંત્ર ભારતના મતદાર એવા નાગરિકો લોકતંત્ર પ્રત્યેની પોતાની જવાબદારી પ્રમાણિકપણે નિભાવે. રાજ્યપાલશ્રીએ યુવા મતદારોની વિશેષ જવાબદારી પ્રત્યે ધ્યાન દોરતા જણાવ્યું હતું કે યુવા મતદારો માત્ર મતદાતા જ નહીં, મતદાન માટે લોકજાગૃતિના પ્રહરી બને.

તેમણે જણાવ્યું હતું કે પરતંત્રતાથી મોટું કોઈ દુ:ખ નથી અને સ્વતંત્રતાથી મોટું કોઈ સુખ નથી. તેમણે આઝાદીની લડાઈમાં બલિદાન આપનારા સ્વાતંત્ર્યવીરોને શ્રદ્ધાસુમન અર્પણ કરી લોકતંત્રમાં સમજદાર મતદાતાની આવશ્યકતા પર ભાર મુકતા ઉમેર્યું હતું કે જે દેશના મતદાતા વિવેકશીલ અને સમજદાર હોય તે રાષ્ટ્રનો સર્વાંગી વિકાસ થાય છે. રાજ્યપાલ શ્રીએ લોકશાહી દેશમાં મતની તાકાત સર્વોપરી હોવાનું પણ જણાવ્યું હતું.

રાજ્યપાલે જણાવ્યું હતું કે વિશ્વનું સમૃદ્ધ લોકતંત્ર ધરાવતા ભારત દેશમાં આગામી લોકસભાની ચૂંટણી વિશ્વના નાગરિકો માટે લોકતંત્રના મહાપર્વનો સંદેશો બની રહેશે. સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણ માટે યોગ્ય લોકપ્રતિનિધિની પસંદગી માટે પાત્રતા ધરાવતા સૌ નાગરિકોને મતદાન કરવા આ તકે તેમણે અનુરોધ પણ કર્યો હતો. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ ચૂંટણી પ્રક્રિયામાં શ્રેષ્ઠ યોગદાન આપ

## કોબા પાસે હિટ એન્ડ રનની ઘટનામાં એક વૃદ્ધનું મોત

**■ ઈન્ફોસિટી પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી**

ગુજરાત | વંદન

ગાંધીનગર શહેર તેમજ આસપાસના વિસ્તારમાં અકસ્માતની ઘટનાઓ વધી રહી છે ત્યારે ગાંધીનગર કોબા હાઈવે ઉપર હિટ એન્ડ રનની વધુ એક ઘટનામાં રસ્તો ઓળંગી રહેલા વૃદ્ધનું અજાણી કારની અડફેટે મોત નીપજ્યું છે. જે સંદર્ભે ઈન્ફોસિટી પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી હતી. ગાંધીનગરમાં વધતા અકસ્માતો વચ્ચે હવે હિટ એન્ડ રનના બનાવ વધ્યા છે ત્યારે ગઈકાલે સાંજે કોબા પાસે હિટ એન્ડ રનની વધુ એક ઘટનામાં વૃદ્ધનું મોત થઈ ગયું છે જે અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે કોબા પાટીયા પાસે રહેતો ખોડાજી નાગજીજી ઠાકોર છૂટક મજૂરી કરી ગુજરાન ચલાવે છે. જ્યારે તેના પિતા નાગજીજી ગેમરજી ઠાકોર પશુપાલનનો વ્યવસાય કરતા હતા. ગઈકાલે સાંજે ખોડાજી ઘરે હાજર હતો. એ દરમિયાન તેના પિતા ઘરનો સામાન લેવા માટે કોબા ગામમાં જવા માટે નિકળ્યા હતા. જેની થોડીક વારમાં જ રોડ ઉપર બુમાબુમ થતા ખોડાજી ત્યાં પહોંચી ગયો હતો. તેને જાણવા મળ્યું હતું કે તેના પિતા ગાંધીનગરથી કોબા સર્કલ તરફનો રોડ ક્રોસ કરતા હતા.

# સેક્ટર-22માં પાણીની લાઈન તૂટતા રોડ પર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ

**■ તંત્રો વચ્ચે સંકલનના અભાવે આજે આ વિસ્તારના હજારો નાગરિકો હેરાન થયા**

ગુજરાત | વંદન



ગાંધીનગર શહેરમાં પાણી અને ગટરની લાઈનનું કામ ચાલી રહ્યું છે ત્યારે તેના કારણે સેક્ટર ૨૨માં પાણીની લાઈન તૂટી હતી અને મુખ્ય માર્ગ ઉપર જ ળબંબાકારની સ્થિતિ સર્જાયા બાદ ભુવા પડયા હતા અને વાહનો ફસાયા હતા આ સ્થિતિના કારણે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા તો પોલીસ પણ દોડી આવી હતી અને ડાયવર્ઝન આપવું પડયું હતું.

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી પાણી અને ગટરની નવી લાઈન નાખવા માટે કામગીરી ચાલી રહી છે પરંતુ આ બંને એજન્સીઓ દ્વારા કામમાં રીતસરની વેઠ ઉતારવામાં આવતી હોવાની વ્યાપક ફરિયાદ થતાં હજી સુધી તેમની સામે કોઈ કડક પગલાં ભરવામાં આવ્યા નથી શહેરના સેક્ટર ૨૨માં હાલ આ લાઈન માટે કામગીરી ચાલી રહી છે ત્યારે મુખ્ય એવા રિંગ રોડ ઉપર પાણીની લાઈનમાં ભંગાણ સર્જાતા જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી અને ત્યારબાદ માર્ગો ઉપર પાણી ફરી વળ્યા હતા. અગાઉ ખોદવામાં આવેલા અને યોગ્ય પુરાણ નહીં કરવામાં આવેલા માર્ગો બેસી ગયા હતા. જેના કારણે વાહનો ફસાઈ ગયા હતા. આ સ્થિતિને કારણે રીંગરોડને એક સમયે બંધ કરી દેવાની નોબત આવી હતી. ૧૭- ૨૨થી પંચદેવ મંદિર તરફના આ માર્ગ ઉપર વણસેલિ સ્થિતિને કારણે પોલીસ પણ દોડી આવી હતી અને માર્ગ ઉપર વાહનોનું સંચાલન કરવા માટે ડાયવર્ઝન આપવાની ફરજ પડી હતી.

તંત્રો વચ્ચે સંકલનના અભાવે આજે આ વિસ્તારના હજારો નાગરિકો હેરાન થયા હતા. વારંવારની આ સ્થિતિ હોવા છતાં યોગ્ય કાર્યવાહી કરવામાં આવતી નથી. હજુ આગામી દિવસમાં પણ સ્થિતિ વધુ બગડે તેમ લાગી રહ્યું છે.

## સીકલસેલને નાથવામાં ફાળો આપનારા ડૉ. યેઝદીને પદ્મશ્રી પુરસ્કાર

ગુજરાત | વંદન

ગણતંત્ર દિવસની પૂર્વ સંધ્યા પર આ વર્ષે આપવામાં આવનારા પદ્મ પુરસ્કારોના નામની જાહેરાત કરાઈ છે. આ વર્ષે 33 વિભૂતિઓને પદ્મશ્રી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તેમાં ગુજરાતના વિખ્યાત માઈક્રોબાયોલોજિસ્ટ વલસાડના ડૉ. યેઝદી માણેકશા ઈટાલિયાને



પદ્મશ્રી મળશે. વલસાડના ડૉ. યેઝદી માણેકશા ઈટાલિયાને સીકલ સેલ નામની બિમારી નાથવા માટે કામગીરી બદલ એવોર્ડ આપવામાં આવશે.

રાજ્યનો સિકલ સેલનો પ્રથમ પ્રોજેક્ટ ડો.યઝદી ઈટાલિયાએ મુક્યો ત્યારે તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આ પ્રોજેક્ટથી ખૂબ પ્રભાવતી થયા હતા. સિકલસેલના પ્રોજેકટ માટે ઝીણવટ ભરી નાની મોટી વાતો ઉપર ચર્ચા ઓ કરવામાં આવી હતી. રાજ્યના આદિવાસી વિસ્તારોમાં સિકલસેલ એનિમિયા અને સેલસેલ ડિજિસથી બચાવવા તેમની તપાસ થવી જરૂરી હતી. રાજ્યના આદિવાસી લોકોને સિકલ સેલથી બચાવવા આદિવાસી વિસ્તરોમાં સિકલસેલ માટે મોટી સંખ્યામાં એકસાથે ચકાસણી કરવામાં આવી હતી.

## ગાંધીનગર : દહેગામ ખાતે પ્રજાસત્તાક પર્વે વિધાનસભાના અધ્યક્ષ દ્વારા ધ્વજવંદન

**■ અધ્યક્ષ-મહાનુભાવના હસ્તે આ પ્રસંગે વૃક્ષારોપણ કરવામાં આવ્યું**

ગુજરાત | વંદન



75 માં પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી ગાંધીનગરનાં દહેગામ ખાતે કરવામાં આવી હતી. આ રાષ્ટ્રીય પર્વ નિમિત્તે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ રાષ્ટ્રધ્વજ ફરકાવી, સલામી આપી હતી. અધ્યક્ષએ ભારતની આઝાદી માટે પોતાનું જીવન ન્યોછાવર કરનારા નામી અનામી સ્વાતંત્ર્યવીરોને શ્રદ્ધાસુમન પણ અર્પણ કરી નાગરિકોને પ્રજાસત્તાક પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી.

બંધારણના ઘડવૈયાઓને પણ આજના દિવસે યાદ કરી, વંદન કરીને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ભારતના દરેક નાગરીકે યાદ રાખવુ જોઈએ કે તે ભારતીય છે અને તેને દરેક અધિકાર છે, પરંતુ ચોકકસ ફરજો સાથે. ભારત દેશનું બંધારણ વિશ્વમાં સૌથી મોટું લેખિત બંધારણ છે. આજના દિવસે જ આપણાં દેશમાં વિશ્વની સૌથી મોટી લોકશાહીનું બંધારણ અસ્તિત્વમાં આવ્યું હતું. આપણા યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈએ સદા પર્યાવરણ પ્રત્યે ચિંતા વ્યક્ત કરી છે. તેમના વિચારોના પરિપાકરૂપે સમગ્ર દેશમાં ક્લાઈમેટ ચેંજ વિભાગ શરૂ કરનાર ગુજરાત દેશમાં સૌ પ્રથમ રાજ્ય રહ્યું હતું.

ભારત હાલ સમગ્ર વિશ્વમાં નેનો યુરિયા બનાવવાવાળો સૌ પ્રથમ દેશ બની ચૂક્યો છે. આજે દેશ વિજ્ઞાન ક્ષેત્રે પણ અગ્રેસર બની રહયો છે. અગાઉ ચંદ્રયાન મિશનની સફળતાએ આપણને વિશ્વમાં ગૌરવ અપાયુ છે. દેશના વૈજ્ઞાનિકોની સતત મહેનતના કારણે સુર્યનો અભ્યાસ કરવા અંતરીક્ષમાં આદિત્ય-૧ નું સફળ ઉડ્ડાન કર્યુ છે.

પ્રજાસત્તાક પર્વ નિમિત્તે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ એ પરેડ નિરીક્ષણ કર્યું હતું.

# ઉન્નત, ભવ્ય અને દિવ્ય ભારતના નિર્માણ માટે સંકલ્પબદ્ધ થઈએ: રાજ્યપાલ

**■ ૭૫મા પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ જૂનાગઢ ખાતે રાજ્યપાલની અધ્યક્ષતામાં એટહોમ કાર્યક્રમ યોજાયો**

ગુજરાત | વંદન

૭૫મા પ્રજાસત્તાક પર્વની રાજ્ય કક્ષાની ઉજવણી જૂનાગઢ ખાતે થઈ હતી, ત્યારે આ પર્વની પૂર્વ સંધ્યાએ જૂનાગઢ ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં એટહોમ કાર્યક્રમ યોજાયો હતો.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ક્રિકેટ ગ્રાઉન્ડમાં આયોજિત આ કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ, મુખ્ય સચિવ રાજકુમાર, રાજ્ય પોલીસવડા વિકાસ સહાય વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે રાજ્યપાલએ સૌને ૭૫મા પ્રજાસત્તાક પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી. એટહોમ કાર્યક્રમમાં સંબોધન કરતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, દેશ અત્યારે ઉન્નતિના માર્ગે અગ્રેસર બની રહ્યો છે. રામ મંદિરની સ્થાપના સાથે દિવ્ય અને ભવ્ય ભારતના નિર્માણનો સંકલ્પ પણ સાકાર થયો છે.

રાજ્યપાલએ જણાવ્યું હતું કે, જૂનાગઢ એ પાવન અને ઐતિહાસિક નગર છે. આ નગર ચંદ્રગુપ્ત મૌર્ય અને તેના પૌત્ર અશોકનું રાજ્યનો ભાગ રહ્યું હતું. હજારો વર્ષ સુધી પ્રતાપી



રાજાઓના નેતૃત્વમાં આગળ વધતા આ પરંપરા મુગલ શાસન અને અંગ્રેજ શાસન સુધી ફેલાયેલી છે. ગુલામીના કાળખંડમાંથી બહાર લાવવા માટે અને આપણને સ્વતંત્રતા અને મુક્તિ અપાવવા માટે જે ક્રાંતિકારીઓએ પોતાના જીવ અર્પણ કર્યા છે, તેમને યાદ કરવાનો આ અવસર છે. આ ક્રાંતિકારીઓએ પોતાની સુખ સાહ્યબી ત્યાગીને દેશની ગરિમા વધારવા માટે કંટકો ભર્યો મુશ્કેલ માર્ગ પસંદ કર્યો હતો. જેમણે ફાંસીના ફંદાને ચૂમ્યો તેવા ક્રાંતિકારીઓને પ્રણામ કરવાનો અવસર છે.

તેમણે જણાવ્યું હતું કે, ભારત આજે ચારેય દિશામાં સર્વાંગી વિકાસ કરી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ છેલ્લા ૧૦ વર્ષથી આંતરમાળખાકીય વિકાસ, શિક્ષણ, ઉદ્યોગમાં અપ્રતિમ વિકાસ સાધી રહ્યો છે. એક સમય એવો હતો કે, જ્યારે આર્મીના ટ્રક આયાત કરવા પડતા હતા, જ્યારે આજે દેશમાં ફાઈટર જેટ, હેલિકોપ્ટર, કાર્ગોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, તે દેશની ગૌરવસિદ્ધિ છે. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં તાજેતરમાં સંપન્ન થયેલી વાયબ્રન્ટ સમિટમાં કરોડો રૂપિયાના એમ.ઓ.યુ. થયા છે. ગુજરાત સેમી કન્ડક્ટર ક્ષેત્રે એમ.ઓ.યુ. કરીને નવીન ક્ષેત્રે ખેડાણ કરી રહ્યું છે. ગુજરાતમાં એટ હોમ સમારોહ પ્રતિ વર્ષ જુદા જુદા જિલ્લામાં કરવાની અનોખી પરંપરા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે સ્થાપિત કરી હતી. જ્યારે દેશના અન્ય ભાગોમાં આજે પણ માત્ર રાજભવનમાં જ તેની ઉજવણી કરવામાં આવે છે. આ રીતે ગુજરાતે એટ હોમની કાર્યક્રમની ઉજવણી માટે પણ દેશના અન્ય રાજ્યોને રાહ ચીંધ્યો છે. રાજ્યપાલએ જણાવ્યું હતું કે, ભગવાન રામ આપણા સૌના પૂર્વજ છે, તેમના જીવનમૂલ્યો આપણા ઘરોમાં અપનાવાય તો અહીં જ સ્વર્ગ બનશે અને સુખ શાંતિની સ્થાપના થશે. આ ભારતીય જીવનદર્શન છે. આજનો સમય ગુલામીની માનસિકતામાંથી ઉપર ઊઠીને, સંસ્કૃતિ, વેશભૂષા, ખાનપાન, જીવનશૈલી પર ગૌરવ કરવાનો સમય છે.

## જ્યારે ગુજરાતના ઈતિહાસમાં 20000 લોકોનાં ગયા હતા જીવ

**■ આ સાથે 1.70 લાખ લોકો ઈજાગ્રસ્ત થયા હતા**

ગુજરાત | વંદન



26મી જાન્યુઆરીએ સમગ્ર રાજ્ય અને ભારત દેશ દ્વારા પ્રજાસત્તાકની ઉજવણી થઈ હતી . પરંતુ 26 જાન્યુની તારીખ ગુજરાતના લોકોને ક્યારેય નહીં ભુલાઈ તેવી છે. ગુજરાતમાં કચ્છમાં આવેલા ભુકંપની 24 વર્ષી છે. આ ભૂકંપે ભારે વિનાશ વેર્યો હતો. તેમાં આ વિનાશક ભુકંપમાં 20 હજાર લોકોના મોત હતા અને હજારો લોકો બેઘર થયા હતા. આ સાથે 1.70 લાખ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.ગુજરાતના અને ખાસ કરીને કચ્છના લોકોને વર્ષ 2001નો 26મી જાન્યુઆરીનો દિવસ ક્યારેય નહીં ભુલી શકે. 26મી જાન્યુઆરી 2001ના રોજ શુક્રવારના દિવસે બરાબર 8.45ના ટકોરે સમગ્ર દેશ સાથે કચ્છ જિલ્લો પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં વ્યસ્ત હતો, ત્યારે અચાનક આવેલા ભૂકંપે થોડી જ ક્ષણોમાં ભારે વિનાશ સર્જો હતો.આ ભૂકંપની અસર ગુજરાતના 21 જિલ્લામાં થઈ હતી. સૌથી વધુ ખુવારી કચ્છમાં નોંધાઈ હતી.

### કચ્છમાં છેલ્લા 23 વર્ષથી સતત આંચકા અનુભવાઈ રહ્યા છે, પણ ડરવાની જરૂર નથી » કચ્છમાં 6 ફોલ્ટલાઈન સક્રિય હોવાથી ભૂકંપના આંચકા નોંધાય છે-ડો. ઠક્કર

# કોઈપણ સ્થળે ભૂકંપના નાના આંચકા સુરક્ષાની રીતે ખૂબ સારા-વૈજ્ઞાનિકનો દાવો

ગુજરાત | વંદન

26 જાન્યુઆરી 2001ના બરાબર 8.45 વાગ્યે આખો દેશ જ્યારે પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં વ્યસ્ત હતો બરાબર ત્યારે 6.9ની તીવ્રતાનો મોટો ભૂકંપ કચ્છમાં ત્રાટક્યો હતો, સેકન્ડોમાં તો હજારો લાશ પડી ગઈ હતી ગુજરાતમાં અન્યત્ર પણ ભૂકંપે ભારે વિનાશ વેર્યો હતો. તેને 23 વર્ષ થયાં છે.

આ ભૂકંપના પગલે એક નવો સિલસિલો શરૂ થયો. 2001ના ભૂકંપ બાદ કચ્છમાં નાના નાના આંચકાઓ શરુ થયાં અને છેલ્લા 23 વર્ષથી અહીં નાના મોટા આંચકા આવ્યાં કરે છે. તેનાથી લોકોમાં પણ એવો ડર છે કે ક્યાંક 2001નો જેવો ભૂકંપ ફરી આવી ન જાય.

પરંતુ કદાચ પહેલી વાર નાના આંચકાઓને સારા માનવામાં આવી રહ્યાં છે. કેમ કે ભૂકંપના નાના આંચકા પણ મોટા ભૂકંપને ટાળવામાં મદદ કરી રહ્યાં છે હોવાનો દાવો એક વૈજ્ઞાનિકે કર્યો છે. સામાન્ય રીતે વારંવાર આવતા ભૂકંપથી લોકો ડરી જતા હોય છે પરંતુ વૈજ્ઞાનિક મહેશ ઠક્કરના કહેવા પ્રમાણે ભૂકંપના આંચકા પણ મોટા ભૂકંપનો તોડ છે. તેથી તેનાથી ડરવાની જરુર નથી.

બિરબલ સહાની ઈન્સ્ટિટ્યૂટ ઓફ પેલીઓસાઈન્સ ,લખનૌ ના ડાયરેક્ટર ડો.મહેશ ઠક્કરે કચ્છના ભૂકંપ અને ત્યાર બાદના આંચકાઓને લઈને કેટલીક મહત્વની માહિતી આપી છે. ડો ઠક્કરનું કહેવું છે કે ભૂકંપના આંચકા આવવું તે એક સામાન્ય અને સારી ઘટના છે જમીન નીચે જે ઊર્જા પેદા થાય છે તે આંચકા સ્વરૂપે નીકળી જાય છે. હવે જો આવું ન થાય તો જમીનમાં ઊર્જાની જમાવટ થાય છે અને સમય જતા તેમાં બ્લાસ્ટ થઈને બહાર આવે છે જે મોટા ભૂકંપમાં પરિણમે છે.

ડો. ઠક્કરે કહ્યું કે કચ્છમાં જે 6 ફોલ્ટલાઈન એક્ટિવ છે જેથી તેમાં આવતા ફેરફારથી ભૂકંપના આંચકા નોંધાય છે. કચ્છની જેમ હિમાલયની તળેટીમાં પણ MCT નામની ફોલ્ટલાઈન એક્ટિવ છે જેમાં સમયાંતરે ભૂકંપના ઓછી તીવ્રતાના આંચકા નોંધાય છે જેની પરોક્ષ અસર ત્યાં થતા ભૂસ્ખલનમાં જોવા મળે છે.

MCT ફોલ્ટલાઈનમાં દબાણયુક્ત પ્રેસર ઉભું થઈ રહ્યું છે જેથી તે વિસ્તારમાં ભવિષ્યમાં 8થી વધુ તીવ્રતાના મોટા ભૂકંપ આવી શકે છે. આમ કચ્છથી હિમાલય સુધી જ્યાં વધુ કે ઓછા પ્રમાણમાં ભુકંપના આંચકા નોંધાય છે ત્યાં લોકોને ભયભીત નહિ પણ સતર્ક રહેવાની જરૂર છે.

મોટા ભાગે વાગડમાં જે આંચકા આવે છે તે 2001ના ભૂકંપના એપી સેન્ટરની આસપાસ જ આવે છે. જેતે સમયે ભૂકંપ આવ્યો ત્યારે જમીનમાં ભંગાણ સર્જાયું, જેના કારણે 6 મીટર જેટલી બે પ્લેટો સામસામે અથડાતા 75 કિલોમીટર સુધી પ્લેટો તૂટી ગઈ હતી.. પ્લેટોની નુકસાની આજસુધી યથાવત્ રહેતા આ વિસ્તારમાં ભૂકંપના આંચકા આવતા રહે છે. જેથી આ વિસ્તારના લોકોને આગામી સમયમાં પણ આ પ્રકારના આંચકાનો અનુભવ થઈ શકે છે.

શું ફરીથી 2001 જોવા ભૂકંપ ફરીથી આવી શકે છે કે કેમ, આ સવાલ વારંવાર કચ્છના લોકોને ડરાવી રહ્યો છે.કારણ કે, દર મહિને કચ્છની ધરતી ભૂકંપના આંચકાથી ધણધણી ઉઠે છે.અને લોકોને 2001ની યાદ આવી જાય છે. કારણ કે, 2001માં આવેલા ભૂકંપે મોટી સંખ્યામાં લોકોનો ભોગ લીધો હતો.. હજારો પરિવારોના માળા વિખેરાઈ ગયા હતા.. તેવામાં કેદ્ર સરકારના અર્થ એન્ડ એન્વાયરમેન્ટ વિભાગ મારફતે સંશોધનો હાથ ધરાયા છે. જેમાં સામે આવ્યું છે કે, દર મહિને કચ્છમાં 3 થી 4 તીવ્રતાના આંચકા અનુભવાઈ રહ્યા છે.

### કયા સ્કેલનો ભૂકંપ કેટલો ખતરનાક...





- 7.9 રિક્ટર સ્કેલ પર ભૂકંપ આવવા પર બિલ્ડીંગો ધરાશાયી થઇ જાય છે. ત્યારે 2.9 રિક્ટર સ્કેલ ભૂકંપ આવવા પર સામાન્ય ધ્રૂજારી થાય છે. જ્યારે 9ની તીવ્રતા પર તબાહી મચી જાય છે. આપણે બતાવીએ ભૂકંપની કેટલી તીવ્રતા આવાથી શું થઇ શકે અને તેની અસર કેવી થાય.
- 0થી 2 રિક્ટર સ્કેલઃ આ ભૂકંપ આવતા તેની અસર ઓછી થાય છે. આંચકાનો અનુભવ થતો નથી. માત્ર સીઝમોગ્રાફથી જ જાણી શકાય છે.
- 2થી 2.9 રિક્ટર સ્કેલઃ આ ભૂકંપ આવવાથી સામાન્ય આંચકો અનુભવાય છે. થોડી અસર થાય છે.
- 3થી 3.9 રિક્ટર સ્કેલઃ આ ભૂકંપ આવતાં પંખા અને ઝુમર હલવા માંડે છે. આવા આંચકાથી વસ્તુઓ વેર વિખેર થઇ જાય છે. તમારી બાજુમાંથી કોઇ ટ્રક પસાર થયો હોય તેવી અસર થાય છે.
- 4થી 4.9 રિક્ટર સ્કેલઃ આ ભૂકંપ એ સાવધાનનો ઇશારો આપે છે. દિવાલોમાં તિરાડો પડી શકે છે. કાચા મકાનો નીચે પડે છે. બારીઓ તૂટી શકે છે. દીવાલો પર લટકાવેલી વસ્તુઓ નીચે પડી શકે છે.
- 5થી 5.9 રિક્ટર સ્કેલઃ આ ભૂકંપ ખતરનાક સાબિત થાય છે. ફર્નિચર તેની જગ્યા પરથી હલવા માંડે છે. વધુ નુકશાન થાય છે. ફર્નિચર હલવાથી નાની મોટી ઇજાઓ પણ પહોંચે છે. 6થી 6.9 રિક્ટર સ્કેલઃ આ ભૂકંપ બહુજ ખતરનાક માનવામાં આવે છે. આ આંચકો આવાથી કાચી ઇમારતો વધુ પડે છે. જેથી જાનમાલને વધુ નુકશાન થાય છે. ઇમારતોના ઉપરના માળને નુકસાન થઇ શકે છે. ઇમારતોમાં તિરાડો પડી શકે છે.
- 7થી 7.9 રિક્ટર સ્કેલઃ આ ભૂકંપ આવવા પર બિલ્ડીંગો ધરાશાયી થઇ શકે છે. જમીનની અંદરના પાઇપ ફાટી જાય છે. આ ભૂકંપ આવાથી વધુ તબાહી મચાવી છે. આવો ભૂકંપ ગુજરાતમાં વર્ષ 2001માં ભૂજમાં આવ્યો હતો. અને વર્ષ 2015માં નેપાળમાં આવ્યો હતો. આ ભૂકંપે તબાહી મચાવી દીધી હતી.
- 8થી 8.9 રિક્ટર સ્કેલઃ આ ભૂકંપ આવાથી સંપૂર્ણ વિનાશ કરી દે છે. ઇમારતો સહિત પુલ પડી જાય છે.
- 9 અને તેનાથી વધુ રિક્ટર સ્કેલઃ આ ભૂકંપ આવવા પર સંપૂર્ણ તબાહી સર્જાઇ શકે છે. કોઇ મેદાનમાં ઉભા હોઇએ તો તેને ધરતી લહેરાતી જોવા મળે. સમુદ્ર નજીક હો તો સુનામી આવે. ભૂકંપમાં રિક્ટર દરેક સ્કેલના મુકાબલે 10 ગણો વધુ ખતરનાક હોય છે.

## અમદાવાદ થી અયોધ્યા માટે વધુ એક ટ્રેનની સુવિધા ઉપલબ્ધ

### આ ટ્રેનમાં સેકન્ડ ક્લાસનું ભાડું છે રૂપિયા 570

ગુજરાત | વંદન

અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ થઈ ગયું છે. રોજે રોજ લાખો રામ ભક્તો બાલક રામના દર્શન માટે ઉમટી રહ્યા છે. અમદાવાદ-ગુજરાત માંથી પણ મોટી સંખ્યામાં રામ ભક્તો અયોધ્યા જઈ રહ્યા છે. અયોધ્યા માટે વધુ એક ટ્રેનની સુવિધા ઉપલબ્ધ છે . આ ટ્રેન અમદાવાદથી અયોધ્યા જઈ રહી છે. જો કે આમ તો આ ટ્રેન અમદાવાદ જંક્શનથી દરભંગા જંક્શન સુધી ચાલે છે.

અમદાવાદથી અયોધ્યા જવા માટે ટ્રેન નંબર- 19165 - Sabarmati Express ચાલે છે. અમદાવાદ સ્ટેશન પરથી રાત્રે 11:10 વાગ્યે શરૂ થાય છે. આ ટ્રેન બુધવાર, શુક્રવાર અને રવિવારે ચાલે છે.

નડિયાદ, રતલામ , નાગડા જં, ઉજ્જૈન જં, બિયાવરા રાજગઢ, અશોક નગર, લલિતપુર વગેરે સ્ટેશનો પરથી પસાર થાય છે. આખા રુટના પ્રવાસ દરમિયાન આ ટ્રેન 62 સ્ટેશનો પર સ્ટોપ કરે છે.લખનઉ ત્રીજા દિવસે 01:10 AMએ પહોંચાડે છે. ત્યાંથી બારાબંકી 01:48 પહોંચે છે અને અયોધ્યા ધામ સ્ટેશન પર ત્રીજા દિવસે 04:24 AM એ પહોંચાડશે.

આટલા રૂટ દરમિયાન આ ટ્રેન અમદાવાદથી અયોધ્યા સુધીમાં કુલ અંદાજિત 1397 જેટલું કિલોમીટર કાપે છે. આ ટ્રેનની ટિકિટ અમદાવાદથી અયોધ્યા સુધીમાં 2Aની રુપિયા 2255, 3A રુપિયા 1540, SLના રુપિયા 570 છે.

# સરકારી શાળાઓની જમીનો પરથી ગેરકાયદે દબાણો દૂર કરવા આદેશ

### રાજ્યની તમામ સરકારી શાળાઓની જમીનોની હદ માપણી કરાશે

ગુજરાત | વંદન



રાજ્યની સરકારી સ્કૂલોની જમીનની હદ નક્કી કરવા અને ગેરકાયદે દબાણો દૂર કરવા માટે પૂર્વ સાંસદ દ્વારા વારંવાર શિક્ષણ વિભાગને રજૂઆત કરવામાં આવી હતી. સળંગ ત્રણ વખત રજૂઆત અને પુનઃ રજૂઆત કર્યા પછી પણ શિક્ષણ વિભાગના અધિકારીઓના પેટનું પાણી ન હલતાં આખરે સાંસદે શિક્ષણમંત્રી કુબેર ડીંડોરને પત્ર લખી ફરિયાદ કરી હતી. જેના અનુસંધાનમાં મંત્રીએ આખરે હસ્તક્ષેપ કરીને શિક્ષણ સચિવને પત્ર લખીને યોગ્ય કાર્યવાહી કરવા આદેશ કરવો પડ્યો હતો. આમ, વારંવારની રજૂઆત બાદ આખરે શિક્ષણ નિયામકે તમામ ડીપીઈઓને શાળાઓના દબાણની ચકાસણી કરવા માટે સૂચના આપવાની ફરજ પડી હતી.

રાજ્યના જુદા જુદા જિલ્લાઓ અને તાલુકા કક્ષાઓમાં આવતાં ગ્રામ્ય વિસ્તારો સહિતની સરકારી પ્રાથમિક શાળાઓમાં ગેરકાયદે દબાણો કરી દેવામાં આવ્યા હોવાની ફરિયાદો છેલ્લા કેટલાય સમયથી બહાર આવી રહી છે. આ ફરિયાદોને ગંભીરતાથી લઈને સુરતના પૂર્વ સાંસદે સરકારને પત્ર લખીને સરકારી સ્કૂલોની જમીનો પર થયેલા ગેરકાયદે દબાણો દૂર કરવા અને જમીનનો કબજો પુનઃ પ્રાપ્ત કરવા રજૂઆતો કરી હતી. પૂર્વ સાંસદ દ્વારા વારંવાર આ પ્રકારની રજૂઆત કરવા છતાં તંત્રએ ગંભીરતાથી લીધી નહોતી. આખરે પૂર્વ સાંસદે 31મી જુલાઈના રોજ શિક્ષણમંત્રીને પત્ર લખીને સમગ્ર બાબતની જાણકારી આપવાની સાથે રજૂઆત કરી હતી. જેના અનુસંધાનમાં શિક્ષણમંત્રી કુબેર ડીંડોરે શિક્ષણ સચિવને આ મુદ્દે સૂચના આપીને યોગ્ય કરવા તાકીદ કરી હતી. સચિવ કાર્યાલય દ્વારા ઓગસ્ટ માસમાં આ મુદ્દે પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીને પત્ર લખીને સમગ્ર પ્રકરણમાં યોગ્ય કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી.

આશ્ચર્યની વાત એ કે, મંત્રી અને શિક્ષણ સચિવના નિર્દેશ છતાં પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા છ માસ સુધી કોઈ કાર્યવાહી સુદ્ધાં કરવામાં આવી નહોતી. હવે રહી રહીને આ કામગીરી હાથ ધરવામાં આવી છે.

## કોંગ્રેસના અડધો ડઝન જેટલા MLA ભાજપમાં જોડાઈ શકે

### રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે અમરીશ ડેર હવે કોંગ્રેસને અલવિદા કહેવાની તૈયારીમાં...?



ગુજરાત | વંદન

લોકસભા ચૂંટણી પહેલા ગુજરાતમાં પક્ષપલટાની મૌસમ જામી છે અને સત્તાનો સ્વાદ ચાખવા માટે હજુ કોંગ્રેસના અનેક એવા નેતાઓ છે જે પક્ષપલટો કરવાની તૈયારીમાં છે. રામમંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના આમંત્રણ સમયે જ કોંગ્રેસમાં વિરોધનો સૂર જોવા મળ્યો હતા. જેમા અર્જુન મોઢવાડિયા અને અમરીશ ડેર તો ખુલીને વિરોધ કરતા જોવા મળ્યા હતા. ત્યારબાદ અર્જુન મોઢવાડિયા બજરંગ દળની શોભાયાત્રામાં પણ જોવા મળ્યા હતા અને પોરબંદર ભાજપના નેતા સાથે પણ દેખાયા હતા.

આ તરફ અમરીશ ડેરે પણ રામમંદિરના આમંત્રણ મુદ્દે કોંગ્રેસના શિર્ષ નેતૃત્વના નિર્ણયને પડકાર્યો હતો. રામ મંદિરના આમંત્રણ મુદ્દે અમરીશ ડેરે જે પ્રકારના હાઈકમાનના નિર્ણય સામે નારાજગી વ્યક્ત કરતી સોશિયલ મીડિયા પર પોસ્ટ મુકી ત્યારથી રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે અમરીશ ડેર હવે કોંગ્રેસને અલવિદા કહેવાની તૈયારીમાં છે.

ગુજરાત કોંગ્રેસના કેટલાક નેતાઓ જેઓ પક્ષપલટો કરવાની તૈયારીમાં છે તેમના માટે પીએમ મોદીની ભાષામાં કહીએ તો યહી સમય હે સહી સમય હૈની જેમ આંતરિક રીતે તો તેઓ ભાજપના સંપર્કમાં છે અને ગમે તે ઘડીએ કેસરિયો ખેસ ધારણ કરી શકે છે . 1 લી ફેબ્રુઆરીથી ગુજરાત વિધાનસભામાં બજેટ સત્ર શરૂ થવા જઈ રહ્યુ છે. એ દરમિયાન કોંગ્રેસના અડધો ડઝન જેટલા ધારાસભ્યો જો ભાજપમાં જોડાય જાય તો નવાઈ નહીં.

આ અગાઉ ગુજરાત વિધાનસભાની ચૂંટણી સમયે પણ ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે એક જાહેર કાર્યક્રમ દરમિયાન તેમને ખુલ્લુ આમંત્રણ આપ્યુ હતુ બસમાં તેમના માટે રૂમાલ મુકી રાખ્યો હોવાનો સંકેત પણ આપ્યો હતો. ત્યારબાદ થોડા મહિના પહેલા જ ગીરસોમનાથના એક કાર્યક્રમ દરમિયાન પણ પાટીલે તેમને ફરી ભાજપમાં આવવા માટેનું ઈશારા ઈશારામાં આમંત્રણ આપ્યુ હતુ.

બીજી તરફ જુનાગઢના પૂર્વ ધારાસભ્ય ભીખાભાઈ જોષી, ગીરસોમનાથના વિમલ ચુડાસમા, રાધનપુરના રઘુ દેસાઈ, મહિસાગરના ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણ સહિતના નામો ચર્ચામાં છે. જો કે જે નામો ચર્ચામાં છે તેમાંથી કેટલા પક્ષને સમર્પિત રહે છે અને કેટલા પક્ષ પલટો કરે છે તે જોવુ રહ્યુ.

જેનુ એક કારણ રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પણ છે. કારણ કે 22 જાન્યુઆરી બાદ સમગ્ર દેશમાં એક જ લહેર જોવા મળી રહી છે અને એ લહેર છે ભગવાન રામની લહેર. રાજકીય નિષ્ણાંતોના મતે પણ આ વખતે લોકસભા ચૂંટણીમાં રામમંદિરનો મુદ્દો વિનિંગ ફેક્ટર સાબિત થશે.

## પુત્રનાં મોતના વિરહમાં વૃધ્ધ પિતાનો ઝેર પી આપઘાત



ગુજરાત | વંદન

પાદરા તાલુકાના નવાપુરા વિસ્તારમાં રહેતા જશવંતભાઈ બાબુભાઈ પરમાર ઉંમર વર્ષ 70ના એકના એક પુત્રનું પેટની બીમારીના કારણે મોત થયું હતું. પુત્રના વિરહમાં અને પોતાને પણ પથરીની બીમારી તેમજ ચાલવાની તકલીફ હોવાથી જશવંતભાઈ મનોમન દુઃખી રહેતા હતા. દરમ્યાન તારીખ 16 ના રોજ સવારના ઘેરથી નીકળી તેવો ડભાસા ગામની સીમમાં નર્મદા કેનાલવાળા રસ્તા પર આવ્યા હતા અને ઝેરી દવા પી લીધી હતી. તેમને સારવાર માટે પ્રથમ ખાનગી હોસ્પિટલમાં અને બાદમાં સયાજી હોસ્પિટલમાં ખસેડતા સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

### પંચમહાલના પાવાગઢમાં તિરંગા સાથે અનોખું ધ્વજવંદન કરવામાં આવ્યું

# રાજ્યમાં સ્ટેચ્યુ સહિત વિવિધ સ્થળો પ્રજાસત્તાક દિનની રંગારંગ ઉજવણી

ગુજરાત | વંદન

પ્રજાસત્તાક પર્વ નિમિત્તે નર્મદા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી પર રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવ્યો હતો. સ્ટેચ્યુ ઓફ યુનિટીના CEO ઉદિત અગ્રવાલ નાં હસ્તે ભારતનો તિરંગો લહેરાવાયો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં પ્રવાસીઓ તેમજ કર્મચારીઓએ તિરંગાને સલામી આપી હતી.

75મા ગણતંત્ર પર્વની ઉજવણી સોમનાથ મંદિર ખાતે કરવામાં આવેલ, સોમનાથ પરીસરમાં જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાના વરદ હસ્તે ધ્વજ વંદન યોજાયેલ જેમાં પોલીસ કર્મીઓ, એસ.આર.પી, જી.આર.ડી તથા ટ્રસ્ટના સલામતી સ્ટાફ, ટ્રસ્ટના અધિકારી કર્મચારીઓ, સોમનાથ સંસ્કૃત પાઠશાળાના ઋષિકુમારો જોડાયા હતા.

પંચમહાલના પાવાગઢમાં અનોખું ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. પાવાગઢના સર્વોચ્ચ શિખર પર વિરાજમાન મહાકાળી માતાના ધામમાં ધ્વજવંદન કરાયું હતું. નીજ મંદિર પરિસરમાં ડૉ. વિજય પટેલ દ્વારા ધ્વજવંદન કરાયું હતું.

પાવાગઢમાં ભક્તિ સાથે દેશ ભક્તિનો માહોલ જોવા મળ્યો હતો. 75મા પ્રજાસતાક પર્વ નીમિતે મહાકાળી મંદિરમાં તિરંગાનો શણગાર કરવામાં આવ્યો હતો. મંદિરના ગર્ભગૃહમાં આરતી બાદ આન બાન શાન સાથે





રાષ્ટ્રગીત પણ ગવાયું હતું.

સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરમાં કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરે પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. કષ્ટભંજન દેવને તિરંગાના વાધાનો શણગાર કરવામાં આવ્યો હતો. દાદાની મૂર્તી તથા સિંહાસનને તિરંગાથી શણગાર કરાયો હતો. વહેલી સવારથી જ મોટી સંખ્યામાં ભક્તો દાદાના દિવ્ય શણગારે ઉમટી પડ્યા હતા.

## વકીલના ઘરને નિશાન બનાવી ચોરો દ્વારા 6.29 લાખની લૂંટ

ગુજરાત | વંદન

વડોદરાના માંજલપુર વિસ્તારમાં રહેતા વકીલના ઘરને નિશાન બનાવી ચોરો રોકડ રકમ અને સોનાના ચાંદીના દાગીના સહિત કુલ 6.29 લાખ રૂપિયાની મત્તા ઉઠાવી ગયા હતા. શિનોર તાલુકાના બરકાલ ગામના મૂળ વતની પરંતુ હાલ માંજલપુર અલવાનાકા વિસ્તારમાં સોમનાથનગર ખાતે રહેતા વિનય ગણેશ ખત્રીએ માંજલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે હું 22 વર્ષથી વકીલાત સાથે જોડાયેલો છું. તા.25ની રાત્રે હું અને ઘરના સભ્યો નીચેના માળનો દરવાજો બંધ કરીને ઉપરના માળ પર જઈને ઊંઘી ગયા હતા અને બીજા દિવસે સવારે ઉઠીને મેં નીચે આવીને જોયું તો મુખ્ય દરવાજાની જાળીનો નકુચો તૂટેલો હતો.


### સ્વચ્છ અમદાવાદ : પશ્ચિમ ઝોનના મલાવ તળાવ અને ચેનપુર તળાવને સ્વચ્છ બનાવવા ટેન્ડર જાહેર

# ૨૩ તળાવમાંથી લીલ, ઘાસ અને વેલ દૂર કરાશે

ગુજરાત | વંદન

શહેરમાં મ્યુનિસિપલ કમિશનર એમ. થેન્નારસનના આદેશ મુજબ લાંબા સમયથી 'સ્વચ્છ અમદાવાદ' પુરજોશમાં ચાલી રહ્યું છે. આ અભિયાન હેઠલ તંત્ર ગંદકી સામે સઘન લડત આપી રહ્યું છે તેમજ ડોર ટુ ડોર કચરાની વિસંગતતાઓને પણ દૂર કરવાના પ્રયાસો થઈરહ્યાં છે. આ ઉપરાંત આગામી ચોમાસાને અનુલક્ષી શહેરના તળાવને સ્વચ્છ રાખવાની દિશામાં પણ ચક્રો ગતિમાન કરાયાં છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાધીશોએ પશ્ચિમ અમદાવાદના ૨૩ તળાવમાંથી તરતો કચરો, લીલ, વેલ, ઘાસ વગેરે દૂર કરી તેને સાફસૂથરાં રાખવાની હિલચાલ આરંભી છે. પશશ્ચિમ અમદાવાદમાં પશ્ચિમ ઝોન, ઉત્તર ઝોન અને દક્ષિણ પશ્ચિમ ઝોનનો સમાવેશ થાયછે,જે પૈકી પશ્ચિમ ઝોનના વાસણામાં આવેલા મલાવ તળાવ અને રાણીપમાં આવેલા ચેનપુર તલાવને સ્વચ્છ બનાવવા માટે તંત્ર દ્વારા ટેન્ડર પ્રસિદ્ધ કરાયાં છે. આ બંને તળાવ માટેની ટેન્ડર ફી રૂ. ૧૫૦૦ છે અને અર્નેસ્ટ મની ડિપોઝિટ રૂ. ૮૪૦૦૦ રખાઈ છે. કોન્ટ્રાક્ટની કામગીરીની મુદત બે વર્ષની રહેશે અને તે માટેની અંદાજિત રકમ રૂ. ૨૮ લાખ છે. જે ટેન્ડરનું ટેન્ડર સ્વીકારવામાં આવશે તે કોન્ટ્રાક્ટ દરમિયાન થતી કુલ રકમની પાંચ ટકા રકમ સિક્યોરિટી ડિપોઝિટ તરીકે ચૂકવવાની રહેશે. જ્યારે ઉત્તર પશ્ચિમ ઝોનમાં આવેલાં ૧૧ તળાવમાંથી તરતો કચરો, લીલ, વેલ, ઘાસ તથા તળાવના ઢાલ ઉપરતી બિનજરુરી વેજિટેશન દૂર કરવાની કામગીરી



માટે પણ તંત્ર દ્વારા ટેન્ડર બહાર પડાયું છે.

આ ટેન્ડરમાં જણાવ્યા મુજબ ગોતા વોર્ડમાં આરસી ટેકનિકલ પાસેનું તળાવ, ગોતા ગામ તળાવ, સોલા ગામ તળાવ અને ઉગતી લેક વ્યૂ પાસેનું તળાવ, ચાંદલોડિયા વોર્ડમાં ચાંદલોડિયા તળાવ, છારોડી તળાવ, યદૂડી તળાવ, થલતેજમાં મલાવ તળાવ,થલતેજ ગામ તળાવ, ઘુમા તળાવ અને બોડકદેવનું વસ્ત્રાપુર તળાવ આ તમામ ૧૧ તળાવની સફસફાઈ કરવામાં આવશે. આ તળાવો માટેની ટેન્ડર ફી રૂ. ૨૪૦૦ રખાઈ છે, જ્યારે અર્નેસ્ટ મની ડિપોઝિટ રૂ. ત્રણ લાખછે. આ ટેન્ડર મુજબ પણ ટેન્ડરો પાંચ ટકા સિક્યોરિટી ડિપોઝીટ ભરવાની રહેશે. જો ટેન્ડર સ્વીકાર્યાની જાણકર્યા બાદના ૧૫ દિવસમાં સિક્યોરિટી ડિપોઝિટ જમા નહીં કરાય કે કોન્ટ્રાક્ટ પેપર જમા નહીં કરાય તો ટેન્ડર સાથે ભરેલી અર્નેસ્ટ મની ડિપોઝિટ જપ્તક રાશે તેમજ કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવા સુધીનાં પગલાં લેવામાં આવશે. ઉત્તર પશ્ચિમ ઝોનનાં આ તમામ ૧૧ તળાવ માટેના બે વર્ષના ટેન્ડરની રકમ રૂ. એક કરોડ છે.

આ ઉપરાંત મ્યુનિસિપલ તંત્ર દ્વારા શહેરના દક્ષિણ પશ્ચિમ ઝોનના ૧૦ તળાવને સ્વચ્છ કરવાને લગતું ટેન્ડર પણ પ્રસિદ્ધ કરાયું છે. દક્ષિણ પશ્ચિમ ઝોનના ૧૦ તળાવમાં સરખેજનું શકરી તળાવ, સરખેજનું આઝાદનગર તલાવડી, સરખેજનું શિંગોડાતળાવ, સરખેજનું પાંચા તળાવ, સરખેજનું રોપડા તળાવ, સરખેજનું રત્ના તળાવ, સરખેજનું ઓકફ તળાવ અને સરખેજનું બેદર તળાવ એમ કુલ આઠ તળાવનો સમાવેશ થાય છે.

આની સાથે મક્તમપુરાનું બાદદરાબાદ ગામ તળાવ અને મક્તમપુરાનું બાકરોલ ગૌશાળા તળાવ એમ બે તળાવને પણ તંત્ર સ્વચ્છ બનાવશે. દક્ષિણપશ્ચિમ ઝોનનાં આ ૧૦ તળાવ માટેના બે વર્ષના કોન્ટ્રાક્ટ સારું રૂ. ૯૦ લાખનું ટેન્ડર બહાર પડાયું છે. મ્યુનિસિપલ હેલ્થ વિભાગ દ્વારા તળાવોની સાફસફાઈ કરીને તેને મચ્છરોના ત્રાસમાંથી મુક્ત કરવાની દિશામાં આરંભાયેલી રાબેતા મુજબની કવાયત તરીકે પણ ઓળખવામાં આવે છે.

## ગણતંત્ર: અમદાવાદના જિલ્લા કક્ષાની ઉજવણી વિરમગામમાં થઈ

### મંત્રી બલવંતસિંહની હાજરીમાં ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો

ગુજરાત | વંદન

ગુજરાત સહિત દેશભરમાં 26 જાન્યુઆરી નિમિત્તે 75મા ગણતંત્ર દિવસની ઉજવણી થઇ હતી. અમદાવાદની જિલ્લા કક્ષાની ઉજવણી વિરમગામ ખાતે કરવામાં આવી હતી. મંત્રી બલવંતસિંહ રાજપૂતની હાજરીમાં ધ્વજવંદનનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

વિરમગામની શેઠ એમ.જે. હાઈસ્કૂલમાં અમદાવાદની જિલ્લા કક્ષાની ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. .મંત્રી બલવંતસિંહ રાજપૂતે 75માં પ્રજાસત્તાક પર્વમાં ઉપસ્થિત રહી ધ્વજવંદન કર્યું હતુ. આ પ્રસંગે તેમણે સંબોધન કર્યુ હતું. તેમણે ગાંધીજી, સરદાર વલ્લભભાઈ




પટેલ, ડૉ. બાબાસાહેબ આંબેડકર જેવા મહાપુરૂષોને યાદ કર્યા. સાથે જ જણાવ્યુ કે તિલકજી, નેતાજી, સાવરકરજી, ભગતસિંહ, રાજગુરુ, સુખદેવ, મદનલાલ જેવા શહીદોએ પોતાના જીવન આઝાદી માટેની આગમાં હોમી દીધા હતા.

તેમણે કહ્યુ કે, આજે સતતપણે આપણી સીમાઓ ઉપર ખડે પગે તહેનાત રહીને આપણા સૌનું અને દેશની અખંડતાનું રક્ષણ કરનારા સૈનિકોને વિરમગામની એમ.જે. હાઈસ્કુલના પરિસરમાંથી નમન કરું છું. આઠ હજારથી વધુ યુવાનોએ માય ભારત પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરાવ્યું તથા ચાલીસ હજારથી વધારે આયુષ્યમાન કાર્ડ અપાયા છે. આ કામગીરી માટે હું અમદાવાદ જિલ્લા વહીવટી તંત્રને પણ શુભેચ્છાઓ પાઠવું છું

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

સંપાદકીય....

## જેમની સત્યરૂપી લાઠીની સામે અસત્યરૂપી બંદૂકો પણ નિષ્ફળ ગઈ એવા ગાંધીજીને યાદ કરીએ...



દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ રામરાજ્યની કલ્પના કરીને આઝાદ ભારત કેવુ હોવુ જોઈએ તે અંગેના પોતાના વિચારો વ્યકત કર્યા હતા. જે રામના રાજ્યમાં રામરાજ્ય હતું તે ભગવાનશ્રીરામનું ભવ્ય મંદિર મહાત્માના નિર્વાણદિન 30 જાન્યુઆરી પહેલા 22 જાન્યુરીના રોજ રામનગરી અયોધ્યામાં બની ગયું છે અને રોજેરોજ ભકતજનો ભગવાન શ્રીરામનું બાળ સ્વરૂપ રામલલ્લાના દર્શન માટે અયોધ્યા આવી રહ્યાં છે. રાષ્ટ્રપિતા ગાંધીજી ભલે જન્મ્યા ગુજરાતમાં પણ તેઓ મહામાનવ હતા. એક પોતડીધારક અને સુકલકડી એવા ગાંધીજીએ ભારતને 200 વર્ષ ગુલામ બનાવનાર અંગ્રેજોને ભારતમાંથી રવાના કર્યા હતા. સત્ય, અહિંસાના માર્ગે ચાલીને તેમણે એક એવી સ્થિતિનું નિર્માણ કર્યું કે આખરે ભારતને લૂંટનારા અંગ્રેજોએ વિચાર્યું કે આ માણસ સામે જીતવુ મુશ્કેલ છે અને જતાં જતાં ભારતના ટુકડા કરીને ગાંધીજીનીહત્યાનું કારણ આપતા ગયા. કેમ કે ગાંધીજીની હત્યા કરનાર ગોડસે એવી વિચારશરણીવાળા હતા કે ભારતના ટુકડા માટે ગાંધીજી જવાબદાર છે. રામની સાથે રાવણ અમર થઈ ગયા તેમ ગાંધીજીની સાથે હત્યારા ગોડસેનું નામ પણ અમર થઈ ગયું છે. હજુ આજે પણ ગાંધીના ભારતમાં એવા છે કે જેઓ ગાંધીજીને ધિક્કારે છે અને તેમના નિર્વાણદિને ગાંધીજીનું પુતળુ બનાવીને ગોડસએ ગોળીબાર કર્યો તેમ ગાંધીજીના પુતળા પર ગાળીબાર છોડીને ગોડસેના ગુણગાન ગાય છે. ગાંધીજીની ભલે હત્યા થઈ ગઈ પણ તેમની વિચારધારાને, ગાંધીજીનો હત્યારો અને હત્યારાના ફેન્સ નાશ કરી શક્યા નથી. હજુ આજે પણ ભારતમાં જ નહીં વિશ્વભરમાં ગાંધીજીની વિચારધારાને અનુસરનારાઓની સંખ્યા કાંઈ ઓછી થઈ નથી. ઉલટાનું જેમ જેમ તેમના વિષે નવી પેઢી ગાંધીજીના અક્ષરદેહથી પરિચિત થઈ રહી છે તેમ તેમ તેઓ નવાઈ પામે છે કે ગાંધીજીએ કઈ રીતે એક એવી સલ્તનતની સામે બાથ ભીડી હતી કે જે અડધી દુનિયા પર રાજ કરતું હતું. એક એવી સલ્તનત કે હકૂમત હતી કે જે કોઈને પણ ગોળીએથી ઉડાવી દે, ફાંસીએ લટકાવી દે છતાં તેને પૂછનાર કોઈ નહીં એવી સત્તાની સામે ગાંધીજી લાઠી લઈને નિકળ્યા હતા અને તેમની સત્યરૂપી લાઠીની સામે અસત્યરૂપી ગોળીઓથી ભરેલી બંદૂકો પણ નિષ્ફળ ગઈ હતી. ગાંધીજી વગર ભારતની કલ્પના જ ન થઈ શકે. તેમ છતાં તેમને ધિક્કારનારાઓ કરતાં તેમને ચાહનારાઓની સંખ્યા અસંખ્ય છે. એક એવી ફેશન થઈ ગઈ છે કે રાતોરાત પ્રસિધ્ધિ મેળવવી હોય તો ગાંધીજીને વગાવો..તેમના જીવન અંગે તોડી મરોડીને આધી અધૂરી કહાની દર્શાવો એટલે તે માધ્યમોમાં ચમકે અને નોંધ લેવાય. પણ આમ કરતાં ગાંધીજીને નુકશાન થશે તેનો વિચાર કરાતો નથી. તેમ છતાં હાથી નિકળે ત્યારે શ્વાન ભલે ભસ્યા કરે તેમ ગાંધીજી અંગે અભદ્ર ટીકા-ટિપ્પણી કરે કે થાય તો પણ જાણે કે તેની નોંધ જ લેવાતી નથી. અને પરિણામે જે ગાંધીજીને વગોવીને પ્રસિધ્ધિ મેળવવાના મનસુબા રાખતા હોય છે છે છેવટે તેના હાથ હેઠા પડી જૌય છે અને જેમ સોનુ વધારે તપે અને તેની ચમકમાં ઉમેરો થાય એમ ગાંધીજીની વગોવણીથી ગાંધીજીની પ્રતિભા ઓર ખીલે છે. 30 જાન્યુઆરીએ, આ વખતે કોઈ ગાંધીજીના પુતળાને ગોળીઓ ન મારે તો ભયો ભયો...ભારતને આઝાદી અપાવનાર રાષ્ટ્રપિતાનો કઈ રીતે ઉપયોગ થઈ રહ્યાં છે તે અંગે જાણીતા શાયર શેખાદમ આબુવાલાએ ખૂબ સરસ લખ્યું હતું- ગાંધી તું કેવો હતો ને કેવો થઈ ગયો, ખુરશી સુધી જવાનો રસ્તો બની ગયો...!

ધર્મ

## સ્વામી રામાનંદાચાર્યજી રામભક્તિના પ્રબળ પુરસ્કર્તા હતા !



સ્વામી રામાનંદાચાર્ય વૈરાગીઓના ચાર સંપ્રદાયમાંના એક રામાનંદી સંપ્રદાયના સંસ્થાપક હતા. મધ્યકાલીન ભક્તિ આંદોલનનો તે આધારસ્તંભ હતા. તેમણે રામભક્તિની અજસ્ર ધારાને સમાજના પ્રત્યેક વર્ગ સુધી પહોંચાડી. તે પહેલા એવા આચાર્ય થયા જેમણે ઉત્તર ભારતમાં ભક્તિનો પ્રચાર કર્યો. શ્રીમદ્ ભાગવતના માહાત્મ્યમાં ભક્તિ નારદને કહે છે કે મારી ઉત્પત્તિ દ્રવિડ દેશમાં થઈ અને કર્ણાટકમાં વૃદ્ધિ થઈ. સ્વામી રામાનંદજી માટે કહેવાય છે - 'દ્રવિડ ભક્તિ ઉપજૌ - લાયો રામાનંદ - દ્રવિડમાં ભક્તિ ઉત્પન્ન થઈ, એને (ઉત્તર ભારતમાં) લાવવાનું કામ રામાનંદે કર્યું.'

સ્વામી રામાનંદજીનો જન્મ પ્રયાગરાજમાં ધર્મનિષ્ઠ બ્રાહ્મણ પરિવારમાં ઈ.સ. ૧૩૦૦માં થયો હતો એવું મોટાભાગના વિદ્વાનો માને છે. પોષ વદ સાતમ એમની જન્મ જયંતી તરીકે ઉજવવામાં આવે છે. એમના પિતાનું નામ પુણ્યસદન અને માતાનું નામ સુશીલાદેવી હતું. રામાનંદ બાળક હતા ત્યારથી જ માતા-પિતાએ તેમને અભ્યાસાર્થે કાશીના સ્વામી રાઘવાનંદ પાસે શ્રીમઠ મોકલી દીધા હતા. શ્રીમઠમાં રહીને તેમણે વેદ ઉપનિષદ, શાસ્ત્ર-પુરાણ, ન્યાય-વૈશેષિક વગેરેનું અધ્યયન કરી એમને આત્મસાત કરી પ્રકાંડ વિદ્વત્તા પ્રાપ્ત કરી લીધી હતી. પંચગંગા ઘાટ પર આવેલ શ્રીમઠમાં જ રહી તેમણે કઠોર સાધના કરી હતી.

સ્વામી રામાનંદને રામ ઉપાસનાના ઈતિહાસમાં એક યુગપ્રવર્તક આચાર્ય માનવામાં આવે છે. તેમણે શ્રીસંપ્રદાયના વિશિષ્ટાદ્વૈત દર્શન અને પ્રપત્તિ સિદ્ધાંતને આધાર બનાવી રામાવત સંપ્રદાયનું સંગઠન કર્યું. શ્રી વૈષ્ણવોના નારાયણ મંત્રની જગ્યાએ રામતારક અથવા ષડ્ક્ષર રામમંત્રને સાંપ્રદાયિક દીક્ષાનો બીજમંત્ર બનાવ્યો, સાધનામાં આંતરિક ભાવની શુદ્ધતા પર ભાર મૂક્યો. અસમાનતાનો ભાવ દૂર કરી વૈષ્ણવ મંત્રમાં સમાનતાનું સમર્થન કર્યું

સ્વામી રામાનંદના વ્યક્તિત્વની વ્યાપકતાનું રહસ્ય એમની ઉદાર અને સારગ્રાહી પ્રવૃત્તિ અને સમન્વયકારી વિચારધારા છે. અનેક સંતો અને એમના શિષ્યો કહે છે - 'રામાનંદઃ સ્વયં રામઃ પ્રાદુર્ભૂતો મહીતલે - રામાનંદ એ રામ ભગવાન પોતે જ છે જે ધરતી પર પ્રગટ થયેલા છે.' રામાનંદાચાર્યજીએ આનંદ ભાષ્ય નામથી પ્રસ્થાનત્રયીનું ભાષ્ય લખ્યું છે. વૈષ્ણવસતાબ્જ ભાસ્કરઃ અને શ્રી રામાર્ચન પદ્ધતિઃ એ બે ગ્રંથો સંસ્કૃતમાં લખ્યા છે. જ્યારે રામરક્ષાસ્તોત્ર, સિદ્ધાંતપટલ, જ્ઞાન લીલા, જ્ઞાન તિલક, યોગચિંતામણિ અને સતનામી પન્થ એ છ ગ્રંથો હિન્દીમાં લખેલા છે.

### એક પરિવાર એવુ કે તેમના ઘરમાં 'હથોડી અને છીણીનો અવાજ સૂરમય સંગીત સમાન છે....

# રામલલ્લાની સાથે તેની મૂરત કંડારનાર યુવા શિલ્પી અરૂણ પણ સદીઓ સુધી યાદ રહેશે..

### અરૂણે સેંકડો બાળકોને રૂબરૂ અને હજારો બાળકોના ફોટા ઈન્ટરનેટ પર જોયા પછી મનોહારી મૂર્તિ કંડારી

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com











ઘરમાં સુથારીકામ ચાલતુ હોય ત્યારે હથોડીના અવાજથી આપણું માથુ દુઃખી જાય પણ એક પરિવાર એવુ છે કે તેમના ઘરમાં 'હથોડી અને છીણીનો અવાજ એ પરિવાર માટે સંગીત સમાન છે. અને એ પરિવાર છે અરૂણ યોગીરાજ. આ એ જ અરૂણ છે કે જેઓ પોતાને દુનિયાના સૌથી ભાગ્યશાળી માની રહ્યાં છે અને કેમ ન હોય કેમ કે તેમના દ્વારા બનાવવામાં આવેલી રામલલ્લાની મૂર્તિને અયોધ્યામાં ભવ્ય રામ મંદિરમાં સ્થાન મળ્યું છે.

ભગવાન શ્રીરામની પાંચ વર્ષના બાળકની મૂર્તિ હવે અજરાઅમર બની ગઈ છે. તેને હવે કોઈ હટાવી શકે તેમ નથી. કેમ કે હવે કોઈ બાબર પાકવાનો નથી, કે આ રામ મંદિર તોડીને પોતાનું ધાર્મિક સ્થાન બનાવી શકે. અલબત વાત એ છે કે રામલલ્લાની મૂર્તિની સાથે તેને કંડારનાર કર્ણાટકના શિલ્પી અરૂણનું નામ પણ આ મંદિરના ઈતિહાસની સાથે આલેખાઈ ગયું છે અને આવુ નશીબ કોઈ ભાગ્યશાળીને જ મળે.

જેમને શિલ્પકામ વારસામાં મળ્યું છે એ અરૂણનો પરિવાર પણ ગદગદીત છે કે તેમના પરિવાર દ્વારા કંડારાયેલી ભગવાન શ્રીરામની મૂર્તિને એક એવા મંદિરમાં સ્થાન મળ્યું કે જેના માટે 500 વર્ષ સંઘર્ષ કરવો પડ્યો હોય.

જ્યારે અરુણને રામલલ્લાની મૂર્તિ બનાવવાનું કામ મળ્યું ત્યારે તેણે બાળકોના 2000થી વધુ ફોટા જોયા. ઘણા મહિનાઓ સુધી બાળકોનું નિરીક્ષણ કર્યું. શાળા, સમર કેમ્પ, પાર્કમાં જવાનું શરૂ કર્યું. તે ત્યાં કલાકો સુધી બાળકોને રમતા જોતો હતો.

વિજેતા અરુણ યોગીરાજની પત્ની છે, જે દેશના સૌથી પ્રખ્યાત શિલ્પકાર બની ચૂક્યા છે.તેઓ કહે છે કે રામ મંદિર ટ્રસ્ટે રામલલ્લાની મૂર્તિ બનાવવા માટે જાહેરનામું બહાર પાડ્યું ત્યારે અરૂણ મે મહિનામાં દિલ્હી ગયો, પ્રેઝન્ટેશન આપ્યું અને તેની ઐતિહાસિક મૂર્તિ માટે તેની પસંદગી થઈ.

અરૂણના મનમાં મૂંઝવણ હતી કે 5 વર્ષના ભગવાન શ્રીરામ કેવા હશે અને કેવા હોવા જોઈએ કે જેથી જોતાં જ ભાવિક ભકત હરખાઈ ઉઠે. તે માટે અરુણે રામલલ્લાની કલ્પનાને પહેલા પોતાના મનમાં કડારવા માટે ત્યારે તેમણે ઈન્ટરનેટ પર બાળકોના 2000થી વધુ ફોટા જોયા. ઘણા મહિનાઓ સુધી બાળકોનું નિરીક્ષણ કર્યું. શાળા, સમર કેમ્પ, પાર્કમાં જવાનું શરૂ કર્યું. અને તે ત્યાં કલાકો સુધી બાળકોને રમતા જોતો હતો. બાળકોના ચહેરાની વિવિધ મુદ્રાઓનો બારીકાઈથી અભયાસ કર્યો અને એક વાર રામલ્લાનો ચહેરો મનમાં કંડારાઈ ગયો તે પછી તે, તેની હથોડી અને તેની છીણીએ જે કમાલ કર્યું તે આજે આખી દુનિયા સમક્ષ છે.

22 જાન્યુઆરીના રોજ જ્યારે અયોધ્યામાં રામલલ્લાની મૂર્તિની સ્થાપના કરવામાં આવી રહી હતી, ત્યારે બે હજાર કિલોમીટર દૂર મૈસુરના ફોર્ટ વિસ્તારમાં ઘર નંબર 9ની બહાર એક નાનકડી વર્કશોપમાં 15 થી વધુ શિલ્પકારો હથોડી અને છીણીથી પથ્થર કાપી રહ્યા હતા. આ વર્કશોપ અરુણ યોગીરાજની છે. તેની પાછળ તેમનું 120 વર્ષ જૂનું ઘર છે, જેમાં 20 થી વધુ લોકોનો પરિવાર રહે છે.

અરુણની પત્ની વિજેતા કહે છે, 'મૂર્તિ બનાવવાની કુશળતા અમારા ડીએનએમાં છે. અરુણનો પરિવાર પાંચ પેઢીથી આ કામ જ કરી રહ્યો છે. અરુણને તેના પિતા યોગીરાજ શિલ્પી દ્વારા તાલીમ આપવામાં આવી હતી. અને તેમના પિતા યોગીરાજે તેમના પિતા બસવન્ના શિલ્પી પાસેથી શિલ્પના પાઠ લીધા હતા. બસવન્ના શિલ્પી મૈસુરના રાજાના ખાસ કારીગરોમાંના એક હતા. તેમણે વાડિયાર પરિવારના મહેલોને સુંદર બનાવીને આગવી ઓળખ મેળવી હતી. અરુણના દાદાએ શિલ્પકારોને તાલીમ આપવા માટે બ્રહ્મશ્રી શિલ્પકલા શાળા ખોલી હતી. અરુણના પિતાએ આ શાળામાં 40 વર્ષ સુધી તાલીમ લીધી હતી. 2021માં એક માર્ગ અકસ્માતમાં તેમનું અવસાન થયું હતું. ત્યારથી, અરુણ તેના મોટા ભાઈ સૂર્ય પ્રકાશ સાથે વર્કશોપનું સંચાલન કરી રહ્યો છે. જાહેરાત ન થઈ ત્યાં સુધી પરિવારને પણ ખબર ન હતી કે અરુણની મૂર્તિ પસંદ કરવામાં આવી છે.હતી

અરુણ દ્વારા બનાવેલી મૂર્તિ રામ મંદિરમાં સ્થાપિત કરવામાં આવશે તે પહેલીવાર ક્યારે જાણવા મળ્યું? વિજેતા કહે છે, 'શ્રી રામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપત રાયે મૂર્તિ વિશે જાહેરાત કરી હતી. આ પછી મીડિયાના લોકો અમારા ઘરે આવવા લાગ્યા. તેઓ અમારી પાસેથી ખાતરી કરવા માંગતા હતા. 'અમે અરુણને ફોન કર્યો, પછી તેણે અમને કહ્યું. અરુણે પણ આ વાત અમારાથી છેવટ સુધી જાહેર કરી નહતી. તેઓ કહે છે કે, રામલલ્લાની મૂર્તિ બનાવવી એ બહુ મોટું કામ હતું. એક નાનકડી ભૂલથી આખો પ્રયત્ન બરબાદ થઈ શકે તેમ હતું 'અરુણ માટે આ ખૂબ જ જવાબદાર કામ હતું. તેઓ એવી મૂર્તિ બનાવવા માગતા હતા જે દરેકનું ધ્યાન ખેંચે. પથ્થરમાંથી મૂર્તિ બનાવવી એ બહુ મુશ્કેલ કામ છે. જો પથ્થર કિંમતી હોય, તો એક નાની ભૂલ બધું નષ્ટ કરી શકે છે. આખો પથ્થર નકામો બની જાય. આ કાર્યમાં ભૂલને કોઈ અવકાશ નથી.

'અરુણે મને કહ્યું હતું કે મૂર્તિ બનાવતી વખતે ચોક્કસ માપ અને કારીગરીનું ધ્યાન રાખવામાં આવ્યું હતું. મૂર્તિ બનાવવા માટે ઊંડા સંશોધન અને જ્ઞાનની જરૂર છે. અમારી પાંચ પેઢીઓમાંથી પસાર થયેલા જ્ઞાને અરુણને આ સફળતા હાંસલ કરવામાં મદદ કરી હશે.

શું તમે ક્યારેય વિચાર્યું છે કે અરુણે બનાવેલી મૂર્તિ ગરબામાં સ્થાપિત કરવામાં આવશે? વિજેતા કહે છે, 'અરુણ સાથે પસંદ કરાયેલા ત્રણેય કલાકારો ખૂબ સારા છે. અમને પહેલા ખબર હતી કે આ ત્રણેયની મૂર્તિઓ મંદિરમાં સ્થાપિત કરવામાં આવશે. અમે ખુશ છીએ કે અમારી મૂર્તિ મંદિરમાં સ્થાપિત થશે, ભલે અમને કોરમાં જગ્યા મળે કે ન મળે. ભગવાનની કૃપાથી અમારી મૂર્તિ હવે ગભરમાં સ્થાપિત થઈ ગઈ છે.

વિજેતા કહે છે, 'મૂર્તિ બનાવતી વખતે અરુણને ઘણી વાર ઈજા થઈ હતી. ઑક્ટોબરમાં, જ્યારે તે એક પથ્થર પર કોતરણી કરી રહ્યો હતો, ત્યારે એક તીક્ષ્ણ ટુકડો તૂટી ગયો અને તેની આંખમાં ગયો. તેનું ઓપરેશન કરવું પડ્યું.

'ડોક્ટરોએ અમને કહ્યું કે જો પત્થરની કણી અહીં-ત્યાં એક મિલિમીટર પણ ખસી ગઈ હોત તો અરુણે તેની એક આંખ ગુમાવી દીધી હોત. ઓપરેશન પછી પણ અરુણે મૂર્તિઓ બનાવવાનું ચાલુ રાખ્યું. તેમની નાદુરસ્ત તબિયત હોવા છતાં, તેઓ તેમની આંખોમાં એન્ટિબાયોટિક્સ સાથે દિવસમાં 10 થી 12 કલાક કામ કરતા હતા

વિજેતા કહે છે, 'અયોધ્યામાં સ્થાપિત પ્રતિમા રામજીના બાળ સ્વરૂપની છે. ભગવાન કૃષ્ણ બાળ સ્વરૂપમાં જોવા મળે છે, પરંતુ ભગવાન રામનું બાળ સ્વરૂપ વિશ્વમાં ક્યાંય જોવા મળતું નથી. તેથી આ કામ ખૂબ જ પડકારજનક હતું.

ટ્રસ્ટની ગાઈડલાઈન મુજબ મૂર્તિ બનાવતા પહેલા ત્રણ બાબતોનું ધ્યાન રાખવું પડતું હતું. પ્રથમ, રામ બાળકના રૂપમાં હોવા જોઈએ. બીજું, તેમના ચહેરા દૈવી રીતે તેજસ્વી હોવા જોઈએ. ત્રીજું, બાળક હોવા છતાં, તે રાજા જેવો દેખાવો જોઈએ.

“અરૂણને મૂર્તિ બનાવવા માટે અયોધ્યા જવુ પડ્યું હતું. અને અમે તેને ઘણી વખત ફોન કરતા અને આરામ માટે ઘરે બોલાવતા, પરંતુ તે ના પાડતા,” વિજેતા આગળ જણાવે છે. જ્યારે અમને ખબર પડી કે તેનું ઓપરેશન થયું છે ત્યારે અમે ખૂબ જ ચિંતિત થઈ ગયા. તે દિવસમાં લગભગ 15 થી 18 કલાક સતત કામ કરતો હતો.

ઘણી વખત એવું બન્યું કે તે રાત્રે એકથી બે કલાક જ સૂતો હતો. ક્યારેક 21 કલાક સતત કામ કર્યું. અમે અરુણ સાથે ફોન પર વાત કરી શકતા હતા, પરંતુ વિડિયો કૉલ પર પ્રતિબંધ હતો. અમને અયોધ્યા જવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

અરુણ સાથે કામ કરીને પરત ફરેલા કારીગરોએ જણાવ્યું કે મૂર્તિ બનાવતી વખતે તેઓ કામમાં એટલા મશગૂલ હતા કે તેઓ દિવસ-રાત ખાવા-પીવાનું ભૂલી ગયા હતા. અયોધ્યા ગયા બાદ તેમનું વજન 10 કિલો ઘટી ગયું છે.

વિજેતા ઉમેરે છે કે, “મેં રામલલ્લાની મૂર્તિ રૂબરૂ જોઈ નથી, પરંતુ મેં તેને વિડિયો કૉલ્સ દ્વારા ચોક્કસપણે જોઈ છે.” 22 જાન્યુઆરીએ નહીં, પરંતુ તે પછી અમે ચોક્કસપણે અયોધ્યા જઈશું અને ભગવાન રામના દર્શન કરીશું.

વિજેતા અયોધ્યામાં પોતાના પતિ દ્વારા બનાવવામાં આવેલી રામલલ્લાની મૂર્તિના દર્શન કરશે ત્યારે તેમના મનમાં કેવી અલૌતિક અનૂભૂતિ થશે...?!

# બહુ મોડું થઈ ગયું

### 'ભાઈસા'બ અહીંયા મારી ઘરવાળી બેઠી'તી એને જોઈ? માંજરી આંખો છે, ગોરો વાન છે'

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

તારા અને બીરુ બેઉ નાનપણનાં ભેરુ. સાથે રમતાં, સાથે નિશાળે જતાં અને સાથે ભાથાંની પોટલી છોડીને ખાતાં. એકબીજાને ન જુએ તો બાવરાં થઈ જતાં. ગામ આખાને ખબર હતી કે, આ બંને વહેલાં-મોડાં એક થવાનાં જ છે. અંતે આ પ્રેમી હૈયાં એક થયાં પણ ખરાં !

નવા પરણેલાં પ્રેમીજનો અને બેઉના પરિવાર - સૌ ખુશ હતાં. રાવલપિંડી નજીકના ગામમાં રહેતાં તારા અને બીરુને સ્વર્ગ જાણે હાથવેંતમાં લાગતું હતું. લગ્નને હજી તો માંડ છ મહિના થયા ત્યાં દુનિયાથી બેખબર આ યુવાન દિલો પર વજ્રાઘાત થયો. ખબર આવ્યા કે, હિંદુસ્તાન-પાકિસ્તાન અલગ થયાં છે. ગામનાં ગામ ખાલી થવા લાગ્યાં. લોકો ઉચાળા ભરીને ભાગવા લાગ્યાં. બીરુનાં મા-બાપ ઘર છોડીને ક્યાં ય જવા તૈયાર નહોતાં. એમણે બીરુને કહ્યું, 'અમારી જિંદગીનાં કેટલાંક વરસ બચ્યાં છે, હવે અમારે આ ભૂમિ છોડીને નથી જવું.'

તારા અને બીરુએ કેટલું સમજાવ્યાં, હાથ જોડ્યાં પણ એ બંને ન જ માન્યાં. હા, એમણે પોતાનાં દીકરા-વહુને પ્રેમથી આઝાદ કરી દીધાં.

'તમારી સામે આખી જિંદગી પડી છે. અમારી ઘરડાં-બુઢાંની ચિંતા કર્યા વગર તમે સહી-સલામત હિંદુસ્તાન પહોંચી જાવ. સદા સુખી રહો.'

હૈયે હૈયું દળાય એવી ભીડમાં તારા અને બીરુને ટ્રેનના ડબ્બાના ખૂણામાં માંડ પગ ટેકવવા જેટલી જગ્યા મળી. ઘરેથી લીધેલી બાચકી છાતીએ વળગાડીને બંને નિઃસહાયપણે ચારે તરફ ચાલી રહેલું હિંસાનું તાંડવ જોઈ રહ્યાં હતાં. ભૂખ તો ક્યાં ય ભુલાઈ ગઈ હતી પણ તારા તરસથી આકુળ-વ્યાકુળ થતી હતી. ભયંકર બફારો, ગરમી અને દસ-બાર કલાકથી પાણીનું ટીપું ય નહોતું મળ્યું. બીરુ આશ્વાસન આપતો હતો, 'હવે કોઈ ઈસ્ટેસન આવશે ને ગાડી ઊભી રેશેને, તો દોડીને તારે વાસ્તે પાણી લઈ આવીશ. જરા ધીરજ રાખ, ને લાવ, મને પવાલું આપી રાખ.'



ધક્કા-મુક્કીમાં પ્યાલામાંથી અડધું પાણી તો છલકાઈને ઢોળાઈ ગયું હતું પણ બીરુને થયું કે, વાંધો નહીં, આટલાં પાણીથી તારાનું ગળું તો જરાક ભીનું થશે ને? પણ ક્યાં હતી તારા? અહીં જ તો બેસાડીને ગયો હતો! આ જ ડબ્બો હતો. આજુબાજુ માણસો પણ એ જ હતા.

'ભાઈસા'બ અહીંયા મારી ઘરવાળી બેઠી'તી એને જોઈ? માંજરી આંખો છે, ગોરો વાન છે'

'એને કોઈ ઉપાડી તો નથી ગયું ને? તમને ખબર છે?'

પણ સૌને પોતપોતાનો જીવ બચાવવાની ફિકર હતી ત્યાં તારાની ખબર વળી કોણ રાખે? તારા, તારા બૂમો પાડતાં બીરુનું ગળું સુકાઈ ગયું. હિંદુસ્તાનના કોઈ સ્ટેશને ઊતર્યો ત્યારે એ અર્ધપાગલ જેવો થઈ ગયો હતો. હવે તો જો કે, એ વાતને ય વર્ષો થઈ ગયાં હતાં.

એ જ્યાં પહોંચ્યો હતો એ ગામ ભલે નાનકડું હતું પણ ગામલોકો પ્રેમાળ હતા. બીરુને સૌએ અપનાવી લીધો હતો. એ લોકોનું નાનું-મોટું કામ કરી આપતો એના બદલામાં એને બે ટંક ખાવાનું મળી રહેતું. જે કોઈ મળે એની પાસે હજી ય બીરુ એકનું એક રટણ કરતો, 'મારી તારાને ક્યાં ય જોઈ? એ આવેને, તો એને જવા નહીં દેતા. એને બહુ તરસ લાગી હશે. હું એને માટે પાણી લઈ આવું.'

ભગત, ભુવા કે જ્યોતિષ પાસે જઈને એ એક જ સવાલ પૂછતો, 'મારી તારા ક્યાં મળશે? ક્યારે મળશે?'

કોઈ કહેતું, તું પાણી લેવા ગયો હતો ને, ત્યારે ટ્રેનમાંથી કોઈ એને ઉપાડી ગયું, કોઈ વળી કહે,એ ફાંસો ખાઈને મરી ગઈ. અંતે એક પંડિતે કહ્યું, 'જ્યાં સુધી તું વિધિપૂર્વક એનું શ્રાદ્ધ નહીં કરે ત્યાં સુધી એનો આત્મા ભટકતો રહેશે. એની અવગતિ ન થાય એ માટે તારે હરિદ્વાર જઈને એના અંતિમ સંસ્કાર કરવા જોઈએ.'

હરિદ્વાર જઈને પંડા પાસે કર્મકાંડ કરાવતો હતો ત્યાં એનું ખીસું કપાઈ ગયું. ગામલોકોએ દયા ખાઈને એને ફાળો એકઠો કરી આપેલો એ બધા પૈસા ચોરાઈ ગયા. હવે શું કરવું ને ક્યાં જવું એ ન સમજાતાં એ ગંગાકાંઠે બેસીને જોરજોરથી રડવા લાગ્યો. ત્યાંથી પસાર થઈ રહેલા એક સજ્જનને દયા આવી. એની આપવીતી જાણીને એમણે કહ્યું, 'ભાઈ, હું તો ગંગા સ્નાન કરવા આવ્યો હતો. હમણાં મારી પાસે કશું નથી પણ મારે ઘરે ચાલો. હું શક્ય એટલી મદદ કરીશ.'

ઘરે પહોંચીને રસોડામાં જઈ એમણે પત્નીને સૂચના આપી, 'આ માણસ બિચારો મુસીબતમાં આવી પડ્યો છે. એને પાણી-બાણી આપ ત્યાં હું રબડી અને સમોસા લઈ આવું.'

પાણી લઈને આવેલી તારાના હાથમાંથી બીરુને જોઈને ગ્લાસ પડી ગયો. હિબકાં ભરીને રડતાં એ કહેવા લાગી, 'છેક હવે આવ્યો? તે દિવસે તું મારે માટે પાણી લેવા ગયો ત્યારે બે-ત્રણ ગુંડાઓ મને ખેંચીને બીજા ડબ્બામાં લઈ ગયેલા. ત્યારે આ દેવતા જેવા માણસે મને બચાવી એટલું જ નહીં, મને પોતાની પત્ની કરીને રાખી.'

વર્ષોથી જેને ઝંખતો હતો એને નજર સામે જોઈને બીરુથી રહેવાયું નહીં. એણે ઊભા થઈને તારાનો હાથ પકડી લીધો, 'તારા, મારી તારા, આજે મારી પરીક્ષા પૂરી થઈ. ઉપરવાળાએ આપણને ફરીથી ભેગાં કર્યાં છે તો ચાલ અહીંથી ભાગી જઈને આપણે નવો સંસાર વસાવીએ.'

તારાએ ઝટકો મારીને હાથ છોડાવ્યો. 'શું વાત કરે છે? શરમ નથી આવતી? આ દેવ પુરુષને છોડવાનો વિચાર પણ કરું તો ય ભગવાન મને માફ ન કરે. ભૂલી જજે કે, આપણે ફરી મળ્યાં'તાં. હવે તો તું તારે રસ્તે ને હું મારે રસ્તે. બીરુ, આજે જીવ્યા મુઆના જુહાર કરી લઈએ. પાછાં ફરવા માટે બહુ મોડું થઈ ગયું છે, બહુ મોડું ' એ રડતી રડતી અંદર ચાલી ગઈ. થોડી વાર પછી એણે બહાર આવીને જોયું તો કોઈ નહોતું.

ગમેતેમ કરીને પોતાને ગામ પહોંચેલો બીરુ એક જ વાક્ય બોલ્યા કરતો હતો, 'બહુ મોડું થઈ ગયું.'

ગામલોકોને લાગ્યું કે એની ડાગળી પૂરેપૂરી ચસકી ગઈ છે.

- આશા વીરેંદ્ર

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

### આ વર્ષ ઐતિહાસિક અને વર્ષોવર્ષની ત્યાગ અને તપસ્યાનું વર્ષ: હર્ષ સંઘવી

# 22 જાન્યુઆરી 500 વર્ષના ત્યાગનું પરિણામ છે: ગૃહ રાજ્યમંત્રી

ગુજરાત | વંદન

સમગ્ર દેશભરમાં આજે પ્રજાસત્તાક દિવસ ઉજવણી કરવામાં આવી હતી. દેશભરમાં અલગ-અલગ કાર્યક્રમો યોજાયા હતા. ત્યારે ગુજરાતના સુરત જિલ્લાના વાવ ખાતે પણ આ ખાસ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ખાસ કાર્યક્રમમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીઉપસ્થિત રહ્યા હતા. જ્યા તેમણે હાજર જનતાને ગણતંત્ર દિવસની શુભકામનાઓ પાઠવી હતી.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ પહેલા ટ્વીટ કરીને ગણતંત્ર દિવસની શુભકામનાઓ પાઠવી હતી. તેમણે ટ્વીટ કર્યું કે, ગણતંત્ર દિવસ નિમિત્તે સૌને હાર્દિક



અભિનંદન અને શુભેચ્છાઓ. આ દિવસે ભારત પ્રજાસત્તાક બન્યું અને ભારતીય લોકશાહીએ સમગ્ર વિશ્વમાં પોતાની આગવી ઓળખ સ્થાપિત કરી. તમામ દેશવાસીઓ આ લોકશાહીને મજબૂત કરવા અને બંધારણીય મૂલ્યોની રક્ષા માટે પ્રતિબદ્ધ છે. હર્ષ સંઘવીએ વાવ ખાતે પોતાના ઉદ્બોધનની શરૂઆત ભારત માતાના જય જય કારથી કરી. તેમણે કહ્યું કે, આપણે બંધારણનો સ્વીકાર 75 વર્ષ પહેલા કર્યો હતો. આજના દિવસે બાબા સાહેબ આંબેડકર, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ જેવા અનેક દૂરંદેશીઓને વંદન કરવાનો છે. તેમણે આજના દિવસે મહાત્મા ગાંધી અને અખંડ ભારતના ગડવૈયા સરદાર વલ્લભભાઈ પટેલને યાદ કર્યા હતા. તેમણે રામ મંદિર પર કહ્યું કે, આ વર્ષ ઐતિહાસિક વર્ષ છે. આ વર્ષ વર્ષોવર્ષની ત્યાગ અને તપસ્યાનું વર્ષ છે. વર્ષો વર્ષની મહેનતનું પરિણામ એમને એમ નથી મળ્યું. આ વર્ષે ભારતના કરોડો લોકોની તપસ્યાનું પરિણામ આવ્યું છે. આપણને આ પરિણામ બંધારણ થકી મળ્યું છે.

# 'મોદીના નેતૃત્વમાં શહીદોની કલ્પનાનું ભારત બની રહ્યું છે'

## કમલમમાં ગણતંત્ર દિવસની ઉજવણી

ગુજરાત | વંદન

ગુજરાત સહિત દેશભરમાં આજે 26 જાન્યુઆરી 2024ના રોજ 75મા ગણતંત્ર દિવસની ઉજવણી થઇ રહી છે. ત્યારે દરવર્ષની જેમ આ વર્ષે પણ ગાંધીનગરના કોબામાં આવેલા ભાજપના પ્રદેશ કાર્યાલય, કમલમમાં ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલે કમલમમાં ધ્વજવંદન કર્યુ હતુ.

ગાંધીનગરના કમલમમાં ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી. ધ્વજવંદનના કાર્યક્રમ બાદ ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલે સંબોધન કર્યુ હતુ. તેમણે જણાવ્યુ હતુ કે કેટલાય શહીદ વીરોએ પ્રાણનું બલિદાન આપી આઝાદી અપાવી છે. અત્યારે



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં શહીદોની કલ્પનાનું ભારત બની રહ્યું છે.

તેમણે જણાવ્યુ હતુ કે, શહીદોની શહીદી અને ત્યાગ એળે નહીં જાય. અધિકાર જ નહીં કર્તવ્યને યાદ રાખી દેશ માટે કામ કરવામાં આવી રહ્યુ છે. આજે ત્યાગ કરનાર શહીદોની આત્માને સંતોષ થતો હશે.

# સંતરામ મંદિરમાં પરંપરા અનુસાર હજારો મણ બોરની ઉછામણી કરાઈ

## બાળકો બોલતા થાય તેવી આસ્થા સાથે બોરની ઉછામણી કરાય છે

ગુજરાત | વંદન

પોષી પુનમના દિવસે નડિયાદના સંતરામ મંદિરમાં ભક્તજનોનું ઘોડાપુર ઉમટી પડયું હતું. વહેલી સવારથી રાત સુધી શ્રદ્ધાળુંઓનો અવિરત પ્રવાહ રહ્યો હતો. ભક્તોએ બોરની ઉછામણી કરીને પોતાની માનતા પૂરી કરી હતી. આ દરમિયાન હજારો મણ બોર સંતરામ મંદિરના પટ્ટાંગણમાં મહારાજના સાનિધ્યમાં ઉછળ્યા હતા.

પોષી પુનમને ગુરૂવારના રોજ નડિયાદના સંતરામ મંદિરમાં રાજ્યના ખૂણેખૂણેથી ભક્તોનું ઘોડાપુર ઉમટી પડયું હતું. વહેલી સવારથી જ મંદિરના પટાંગણમાં હજારો ભક્તો એકત્ર થયા હતા અને હજારો મણ બોરાની ઉછામણી



કરીને પોતાની માનતા પૂરી કરી હતી. જેને ઝીલવા માટે હજારો ભક્તો એકત્ર થયા હતા.

પોષી પુનમ પૂર્વે બુધવારથી બપોર બાદ નડિયાદના સંતરામ મંદિરની આસપાસ બોર વેચવાવાળા લારીઓ અને પાથરણા લઈ ગોઠવાઈ ગયાં હતાં. સાથે જ ભક્તોએ ૩૦થી ૪૦ રૂપિયા પ્રતિ કિલો વેચાણ થતા બોરની ખરીદી કરી હતી અને હજારો મણ બોરાની ઉછમણી કરવામાં આવી. જે બાળકો બોલતા ના હોય તેવા બાળકો બોલતા થાય તેવી આસ્થા સાથે બોરની ઉછામણી કરવામાં આવે છે. આ પરંપરા આજે પણ ચાલી રહી છે. રાજ્યભરમાંથી હજારો શ્રદ્ધાળુંઓ દ્વારા આસ્થા સાથે બોરાની ઉછામણી કરવામાં આવી હતી.

# સાપ્તાહિક રાશિફળ



પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
આ સપ્તાહે બીજાના સહયોગની અપેક્ષા ન રાખો અને તમારી કાર્ય ક્ષમતા પર વિશ્વાસ રાખો. તેનાથી તમે વધુ સારા પરિણામો પ્રાપ્ત કરી શકશો અને ઉતાવળ કરવાને બદલે શાંતિપૂર્ણ રીતે કાર્ય પૂર્ણ કરવાનો પ્રયાસ કરો. કેટલાક નજીકના લોકો સાથે મુલાકાત ફાયદાકારક સાબિત થશે.

**વૃષભ** (બ.વ.ઉ)
આ અઠવાડિયે કેટલાક નવા સંપર્કો બનશે જે ભવિષ્યમાં પણ ફાયદાકારક રહેશે. અભ્યાસ કરનારાઓ માટે આજનો સમય સારો છે. તેથી, ધ્યાન કેન્દ્રિત રાખો. તમારી ઉર્જા અને શક્તિ વધારવા માટે સારા સાહિત્ય અને આધ્યાત્મિક કાર્યોમાં રસ લો.

**મિથુન** (ક.છ.ઘ)
કોઈપણ બાકી કે ઉધાર પૈસા પાછા મળી શકે છે. તમારી કાર્યપદ્ધતિથી લોકોમાં કેટલીક વિપરીત ધારણા હોઈ શકે છે. તેથી, લોકોની ચિંતા ન કરો અને ફક્ત તમારા કામ પર ધ્યાન આપો. ફક્ત તમારી ક્ષમતાઓમાં વિશ્વાસ રાખો. સફળતા અનિવાર્ય છે.

**કર્ક** (ડ.હ)
જો પ્રોપર્ટીના ખરીદ-વેચાણને લગતી કોઈ યોજના ચાલી રહી છે, તો તેના સંબંધિત નિર્ણયો લેવા માટે સમય અનુકૂળ છે. તમને કોઈ ફંકશનમાં હાજરી આપવાની તક પણ મળશે. કોઈપણ યોજના પર કામ કરતા પહેલાં તેની સાથે જોડાયેલી યોગ્ય માહિતી મેળવવી જરૂરી છે.

**સિંહ** (મ.ટ)
તમારી બુદ્ધિમત્તાથી કોઈ સમસ્યાનું સમાધાન થવા જઈ રહ્યું છે. તમે કોઈ સંબંધીથી સંબંધિત સારા સમાચાર પણ સાંભળી શકો છો. જો કોઈ વિભાગને લગતી પ્રવૃત્તિ ચાલી રહી હોય, તો કોઈની મધ્યસ્થી દ્વારા તેનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરો. ધાર્મિક કાર્યક્રમ પણ થઇ શકે છે.

**કન્યા** (પ.ઠ.ણ)
તમારી કોઈપણ યોજનાને અમલમાં મૂકવા માટે સમય અનુકૂળ છે. પ્રભાવશાળી લોકોને મળવાની તક મળશે અને ભવિષ્યની યોજનાઓ ઉપર પણ ચર્ચા થશે. સંતાનની કોઈપણ સફળતા પરિવારમાં આનંદનું વાતાવરણ બનાવશે. વ્યવસ્થિત અને શિસ્તબદ્ધ દિનચર્યા રાખવી જરૂરી છે.

**તુલા** (ર.ત)
ભવિષ્ય સંબંધિત કોઈ યોજના પર વિચાર આવી શકે છે. મહિલાઓ માટે આ સપ્તાહ વિશેષ લાભદાયક રહેશે. તમારા સંપર્કમાં વધારો થશે. કારણ કે આ સંપર્કો તમારા માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થવાના છે. ઘરમાં સંબંધીઓની અવરજવર રહેશે. આખું સપ્તાહ આનંદદાયી નીવડે.

**વૃશ્ચિક** (ન.ય)
ઘરના વરિષ્ઠ લોકોનું માર્ગદર્શન અને સહયોગ મળશે. જેના કારણે કોઈપણ પ્રતિકૂળ પરિસ્થિતિમાં તમારું મનોબળ અને આત્મવિશ્વાસ અકબંધ રહેશે. વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે અન્ય ક્ષેત્રોમાં પણ રસ રહેશે. શેરબજારમાં સંભાળીને કામ કરવું સલાહભરેલ છે.

**ધન** (ભ.ધ.ફ)
તમે હળવા મૂડમાં રહેશો અને મિત્રો અને મનોરંજન સાથે સારો સમય પસાર કરશો. તમે તમારી ક્ષમતાના આધારે કેટલાક જરૂરી નિર્ણયો લેશો જે ફાયદાકારક પણ સાબિત થશે. બાળકો સાથે થોડો સમય વિતાવવાથી તેમનું મનોબળ વધશે. કોઈપણ પ્રકારના ગેરકાયદેસર કામથી દૂર રહો.

**મકર** (ખ.જ)
આ રાશિના જાતકોને સપ્તાહની શરૂઆતમાં થોડી મુશ્કેલી આવી શકે છે પરંતુ અનુભવી અને વરિષ્ઠ લોકોના સહયોગ અને માર્ગદર્શનથી તમારી વિચારધારામાં સકારાત્મક પરિવર્તન આવશે. અને તમે મુશ્કેલ સમયને સરળતાથી સ્વીકારી શકશો. સંબંધોને સાચવવા જરૂરી છે.

**કુંભ** (ગ.સ.શ.ષ)
ઘરના વડીલોના આશીર્વાદ અને માર્ગદર્શનથી કોઈ મોટી મૂંઝવણનો ઉકેલ આવશે. માનસિક શાંતિ રહેશે. વિદ્યાર્થીઓ અને યુવાનોને કોઈપણ સ્પર્ધામાં સફળતા મળવાની સારી તકો છે. કોઈ ધાર્મિક સ્થળ પર જવાનો કાર્યક્રમ પણ બની શકે છે. બીજાના મામલામાં વણમાગી સલાહ ન આપો.

**મીન** (દ.ચ.ઝ)
તમારી શિસ્તબદ્ધ અને વ્યવસ્થિત દિનચર્યા તમને તમારા કાર્યો પૂર્ણ કરવામાં મદદ કરશે. તમે કેટલાક પ્રભાવશાળી લોકો સાથે પણ મુલાકાત કરશો. જો ટ્રાન્સફર સંબંધિત કોઈ યોજના છે, તો તેને અમલમાં મૂકવા માટે આ શ્રેષ્ઠ સમય છે. બિનજરૂરી ખર્ચાઓ પર અંકુશ લગાવો. તમારી યોજનાઓને અમલમાં મૂકવા વિશે વિચારવામાં વધુ સમય પસાર કરશો નહીં. વિરોધીઓથી અંતર રાખવું ખૂબ જ મહત્વપૂર્ણ છે.



### આ સિસ્ટમના કારણે 20થી 25 વર્ષ જુના કેસો પણ બોર્ડ પર આવવા લાગ્યા

# હાઈકોર્ટમાં કેસોના ઝડપી નિકાલ માટે ઓટો જનરેટ ડેટ સિસ્ટમ અમલમાં, તારીખ મળે છે

ગુજરાત | વંદન

ગુજરાત હાઈકોર્ટમાં તમામ કેસોનો ઝડપી નિકાલ કરવા માટે ચીફ જસ્ટિસે એક સિસ્ટમની શરઆત કરાવી છે. જે 'ઓટો જનરેટ ડેટ સિસ્ટમ' થકી દરેક કેસને ફટાફટ તારીખ મળી જાય અને કેસનો નિવેડો આવે તેને લઈને ખાસ આયોજન કરવામાં આવ્યું છે. આ સિસ્ટમથી હવે કોર્ટમાં ન્યાયની પ્રણાલી ઝડપી બને તેવી આશા છે.

આ બાબતે એડવોકેટ હાર્દિક બારોટએ જણાવ્યું હતું કે, આ સિસ્ટમના કારણે 20થી 25 વર્ષ જુના કેસો પણ બોર્ડ પર આવવા લાગ્યા છે. જે લોકોને તારીખ જ ન હોતી મળતી તે તમામને હવે તારીખ પણ મળી જશે. જેના કરાણે જૂના કેસો કે જેની લોકો રાહ જોઈ રહ્યાં હતાં તેનું પણ નિરાકરણ આવશે. આ પ્રણાલીના કારણે દૂરગામી પરિણામ સારા આવશે.

ઓટો જનરેટ ડેટ સિસ્ટમ વિશે તેમણે વાત કરતા કહ્યું કે, ચીફ જસ્ટિસ દ્વારા શરૂ કરાયેલી નવી પહેલાના કારણે જે વર્ષો જૂના પેન્ડિંગ કેસો છે તેમની પણ તારીખો આવશે. જે મેટર કટઓફમાં જતી રહેતી હતી અને જેમાં લાસ્ટ ડિસ્ટન્સ ડેટ જ દેખાતું હતું જે મેટર ભવિષ્યમાં ક્યારે બોર્ડ પર આવશે તેનો કોઈને ખ્યાલ આવતો જ ન હતો, તેની પણ હવે તારીખ જાણવા મળશે

### 7 વર્ષમાં નોંધાયેલા ગુનાના ફરિયાદીઓ સાથે મુલાકાત કરશે

# હવે લાંચિયા અધિકારીઓની ખેર નથી- ACBએ તૈયાર કર્યો પ્લાન

## ફરિયાદીને મદદ કરવા ACBનો નિર્ણય

ગુજરાત | વંદન

રાજ્યમાં લાંચિયા અધિકારી વિરુદ્ધ ફરિયાદ કરનારા લોકોને હવે કોઈ પ્રકારની મુશ્કેલી પડશે નહીં. ACBએ આવા લોકો માટે કેર પ્રોગ્રામની શરૂઆત કરી છે. કેરિંગ ઓફ એપ્લિકન્ટ એન્ડ રિસ્પોન્ડીંગ ઈફેક્ટિવલી કાર્યક્રમ અંતર્ગત એન્ટીકરપ્શન બ્યુરોના અધિકારીઓ છેલ્લા 7 વર્ષમાં નોંધાયેલા ગુનાના ફરિયાદીઓ સાથે મુલાકાત કરશે. જેમાં આ લોકોને કોઈ પ્રકારની હેરાનગતિ થાય છે કે નહીં તે અંગે માહિતી મેળવશે.

ACBએ આ કાર્યક્રમ અંતર્ગત એક પરિપત્ર પણ બહાર પાડ્યો છે. જેમાં ACBમાં આવતા વ્યક્તિ સાથે સુમળ ભર્યું વર્તન કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સાથે આદેશ આપવામાં આવ્યો છે કે, ફરિયાદીને ફરિયાદ બાદ આક્ષેપિત વિભાગ દ્વારા કોઈપણ હેરાનગતિ નહીં થાય તેવી ખાતરી આપો.

આ ઉપરાંત ફરિયાદીને ફરિયાદના કામે મદદરૂપ થવા વાહન કે અન્ય કોઈ લોજિસ્ટિક સપોર્ટની જરૂર હોય તો સબંધિત એકમનાં મદદનીશ નિયામકએ વ્યવસ્થા કરી આપવાની રહેશે. સાથો સાથ જરૂર જણાયે ફરિયાદીને ઈલેક્ટ્રીક સંસાધનોના ઉપયોગ બાબતે સમજ કરવાની રહેશે. ઉપરાંત ફરિયાદીને ફરિયાદ કર્યા બાદ કોર્ટમાં કેસ ચાલે ત્યાં સુધી આરોપી તરફથી કોઈ પણ પ્રકારની હેરાનગતિ કરવામાં નહીં આવે તેની ખાતરી આપવી પડશે

# ગુજરાતના વરિષ્ઠ પત્રકાર દિલીપભાઇ ગોહિલનું નિધન

ગુજરાત | વંદન

ગુજરાતના જાણીતા વરિષ્ઠ પત્રકાર દિલીપભાઈ ગોહિલનું નિધન થયું છે. ભાવનગરની હોસ્પિટલમાં સારવાર દરમિયાન દિલીપભાઈ ગોહિલનું નિધન થયું. સ્પષ્ટ વક્તા અને સટીક



વિશ્લેષકની છાપ ધરાવતા દિલીપભાઈ ફાની દુનિયાને છોડી ગયા. કોઈ પણ વિષયમાં તર્કબદ્ધ દલીલ કરવી એ જ તેમની ઓળખ હતી. ખોટાને ખોટું કહેતા પણ દિલીપભાઈ ક્યારેય ડર્યા નથી. ચર્ચામાં સામે વાળા વ્યક્તિને પણ હસતા મુખે સ્વીકારવી પડે તેવી દલીલો કરતા. ટીવી ચર્ચાના કાર્યક્રમમાં ગુજરાતના દર્શકો નિયમિત દિલીપભાઈના વિશ્લેષણથી જ્ઞાનમાં અભિવૃદ્ધિ કરતા હતા.


### પહેલી ઓગસ્ટ, 1964થી ચાલે છે અખંડ રામધૂન...

# ભલે ધરતી રસાતાળ થાય પણ આ મંદિરમાં ચાલી રહી છે રામધૂન

ગુજરાત | વંદન

જામનગરમાં આવેલું બાલા હનુમાન મંદિર અખંડ રામધૂનના કારણે દેશભરમાં જાણીતું છે. બિહારના એક નાનકડા ગામમાં 1912માં જન્મેલા પ્રેમભિક્ષુક મહારાજે આ મંદિરની સ્થાપના કરી હતી. તેમણે યુવાનીમાં જ ભગવો ધારણ કરી લીધો હતો. 1960માં પ્રેમભિક્ષુક મહારાજ જામનગરમાં આવ્યા ત્યારે તળાવના કાંઠે મંદિર બંધાવી બાલા હનુમાનદાદાની સ્થાપના કરી હતી. છેલ્લા 54 વર્ષથી અહીં અખંડ રામધૂન ચાલે છે. જેને ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પણ સ્થાન મળ્યું છે.

જામનગરના લાખોટા તળાવ કે રણમલ તળાવની લગોલગ બાલા હનુમાન મંદિર આવેલું છે. જ્યાં પહેલી ઓગસ્ટ, 1964થી



અખંડ રામધૂન ચાલે છે. 2001માં આખું ગુજરાત ભૂકંપથી ધણધણી ઊઠ્યું અને તારાજી સર્જાઇ તો પણ રામધૂન બંધ ના થઇ એજ ભાવિકોનો દઢ ભક્તિભાવ છે, એક વર્ષમાં 15,768,000 અને 53 વર્ષોમાં 83 કરોડ,57 લાખ 3000 થી વધારે વાર રામ નામ અહિ લેવામાં આવ્યું છે.

મોટા ઉત્સવોમાં રામધૂનની ઊર્જાની તીવ્રતાથી રાતના સમયે આ ધૂનનો ગુજારવ સાંભળીને એક અનોખી શાંતિ સાથે શક્તિનો સંચાર થાય છે.

### રામમંદિર ઇફેક્ટ : સનાતન સંસ્કૃતિને આગળ વધારવા પરિવાર દ્વારા નિર્ણય લેવાયો


# વરરાજાએ શ્રીરામનો વેશ ધારણ કરીને ફેરા ફર્યા..!!

ગુજરાત | વંદન

દેશભરમાં 22 જાન્યુઆરીના ભગવાન રામના પ્રાણ પ્રતિષ્ઠાના કાર્યક્રમને સુરત અલગ રીતે ઉજવણી કરી છે. આ વચ્ચે સુરતમાં હીરાના વેપારીના પુત્રે 22મી જાન્યુઆરીએ પોતાના લગ્નને યાદગાર બનાવવા માટે ભગવાન રાજા શ્રીરામના વેશમાં લગ્નવિધિ સંપન્ન કરી હતી.

આ અંગેની માહિતી અનુસાર, સુરતમાં 22મી જાન્યુઆરીના શુભ દિવસે હીરા વેપારીના પુત્રના લગ્ન હતા. આ દિવસે દીકરાએ ડિઝાઈનર મોંઘાં વસ્ત્રો પહેરીને લગ્નમંડપમાં ભગવાન રામને શોભે એ પ્રકારનો પહેરવેશ પહેરીને સનાતન સંસ્કૃતિને આગળ વધવા માટે નિર્ણય લીધો હતો. એટલું જ નહીં લગ્નમાં વધુ પણ ખાસ પહેરવેશમાં જોવા મળી હતી.

વરરાજા રાજ મોનપરા વ્યવસાયે લેબગ્રોન ડાયમંડ



જ્વેલરી બનાવવા સાથે સંકળાયેલા છે. પોતાના લગ્ન માટે ડિઝાઈનર કપડાં તૈયાર કરી લીધાં હતાં. પોતાની પત્નીએ પણ તેની સાથે જ ડિઝાઈનર કપડાં બનાવડાવી લીધાં હતાં.

પરંતુ પુત્રએ ભગવાન રામની માફક હાથમાં ધનુષ લઈને માથે મુગટ પહેરી લગ્નમંડપમાં પ્રવેશ કર્યો હતો. વરરાજાને શ્રીરામના વેશમાં જોઈને હાજર લોકો આશ્ચર્યમાં મુકાઈ ગયા અને તમામ સંબંધીઓ અને મહેમાનોએ રાજા રામને વધાવ્યા હતા.

## શબ્દોની સંતાકૂકડી 97

ગુજરાત વંદન
gujaratvandan.com

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | | 3 | ■ | 4 | |
| 5 | ■ | 7 | ■ | | | |
| ■ | 7 | ■ | | 6 | ■ | 9 |
| 10 | | 10 | ■ | 12 | | ■ |
| ■ | 12 | ■ | | ■ | 15 | |
| 16 | ■ | | 18 | 14 | ■ | |
| 16 | 20 | | ■ | | | |

**ઊભી ચાવી**

(1) વજન [2]
(2) પરવા, દરકાર [2]
(3) એક સંખ્યા [2]
(4) એક ધાતુ [3]
(5) પુખ્ત ઉંમરનું [3]
(6) શહેર [3]
(10) સરિતા [2]
(11) લાગ, મોકો [2]
(13) સખતનું વિરોધી [3]
(14) છાપખાનું, મુદ્રણાલય [2]
(15) હિંમત [2]
(16) વેલ, વેલી [2]

**આડી ચાવી**

(1) અનુવાદ [4]
(3) એક શિકારી પક્ષી [2]
(5) લોઢાને સોનામાં ફેરવે [3]
(7) મૂંગુ [2]
(8) દરિયો [3]
(9) વજન માપવાનો એક એકમ [2]
(12) ગરીબ, રાંક [2]
(15) હાક પાડી બોલાવવું એ [3]
(17) બધી રીતે કાબેલ હોવું તે [3]
(18) કેળવણી, શિક્ષણ [3]

શબ્દોની સંતાકૂકડી-97 નો ઉકેલ બાજુમાં...

શબ્દોની સંતાકૂકડી-97નો ઉકેલ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 ભા | 2 ષાં | ત | 3 ર | ■ | 4 બા | જ |
| 5 ર | ■ | 7 મા | ■ | પા | ર | સ |
| ■ | 7 ન | ■ | મૂ | 6 ક | ■ | 9 ત |
| 10 સા | ગ | 10 ર | ■ | 12 ટ | ન | ■ |
| ■ | 12 ર | ■ | ત | ■ | 15 દી | ન |
| 16 પ્રે | ■ | હા | 18 ક | 14 લ | ■ | ર |
| 16 સ | 20 ક્ષ | મ | ■ | તા | લી | મ |

## સુડોકુ કોયડો નં. 98

ગુજરાત વંદન
gujaratvandan.com

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 9 | | | | 6 | 7 |
| | 9 | | | | | 2 | | 8 |
| 4 | 6 | | | 7 | 8 | | | |
| 3 | 2 | | | 9 | 4 | | 7 | |
| 7 | | | 6 | | 3 | | | 2 |
| | 1 | | 7 | 8 | | | 4 | 3 |
| | | | 8 | 5 | | | 1 | 6 |
| 5 | | 1 | | | | | 9 | |
| 6 | 7 | | | | 9 | | | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

સુડોકુ-98નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 3 | 5 | 9 | 2 | 1 | 4 | 6 | 7 |
| 1 | 9 | 7 | 4 | 6 | 5 | 2 | 3 | 8 |
| 4 | 6 | 2 | 3 | 7 | 8 | 1 | 5 | 9 |
| 3 | 2 | 8 | 5 | 9 | 4 | 6 | 7 | 1 |
| 7 | 5 | 4 | 6 | 1 | 3 | 9 | 8 | 2 |
| 9 | 1 | 6 | 7 | 8 | 2 | 5 | 4 | 3 |
| 2 | 4 | 9 | 8 | 5 | 7 | 3 | 1 | 6 |
| 5 | 8 | 1 | 2 | 3 | 6 | 7 | 9 | 4 |
| 6 | 7 | 3 | 1 | 4 | 9 | 8 | 2 | 5 |

### વડોદરાનો ચેતવણીરૂપ કિસ્સો : સરકારી દસ્તાવેજો ગમે તેને આપતાં પહેલા સંભાળજો...

# આધારમાં ચેડા કરીને પ્રોપર્ટી બારોબાર વેચી નાખી




ગુજરાત | વંદન

આધાર જેવા મહત્વના સરકારી દસ્તાવેજોના ગેરઉપયોગનો ચોંકાવનારો તથા સામાન્ય લોકો માટે લાલબત્તી ધરતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વડોદરામાં રીયલ એસ્ટેટ બ્રોકરે દંપતિના આધારકાર્ડનો દુરૂપયોગ કરીને તેમનું મકાન બારોબાર વેચી નાખ્યું હતું.

વડોદરામાં ઓમવીરસિંઘ તથા તેમના પત્ની જાગૃતિને ભાયલી વિસ્તારમાં સ્થિત ફ્લેટ વેચવાનો હતો અને તે માટે બ્રોકર જતીન પાલાનો સંપર્ક કર્યો હતો. બ્રોકરે દંપતિના આધાર કાર્ડ, પાનકાર્ડ સહિતના દસ્તાવેજો મેળવ્યા હતા. અચાનક દંપતિને પ્રોપર્ટીનો કબ્જો મેળવી દેવાનો ફોન આવતા તેઓ સ્તબ્ધ થયા હતા. તેઓએ તપાસ કરતા બ્રોકરે તેમના આધારકાર્ડમાં ચેડા કરીને પ્રોપર્ટી બારોબાર વેચી નાખી હતી. દંપતિના આધારકાર્ડમાં ચેડા કરીને યજ્ઞેશ દવે તથા અલ્પા પટેલના ફોટા ચોંટાડીને તેમને પ્રોપર્ટીના માલીક દર્શાવી દીધા હતાં.

સમગ્ર મામલો સીવીલ કોર્ટમાં પહોંચ્યો હતો. દંપતિના વકીલ કિશોર પિલ્લાઈએ કહ્યું કે બ્રોકર જતીન પાલાએ યજ્ઞેશ દવે તથા અલ્પા પટેલને સબ રજીસ્ટ્રાર ઓફિસમાં દંપતિ તરીકે રજુ કરીને વિશાલ મલકાન નામની વ્યકિતને પ્રોપર્ટી વેચી નાખી હતી. ખરીદનાર પણ આ કૌભાંડ વિશે અજાણ હતા. આ કેસમાં વૃધ્ધ દંપતિએ બ્રોકર પાલા તથા અન્ય ત્રણ સામે પોલીસ ફરિયાદ પણ દાખલ કરી હતી. આરોપીની ધરપકડ થઇ હતી અને હાલ તેઓ જામીન પર મુક્ત છે.

પોલીસની સાથોસાથ પ્રોપર્ટીની માલીકી વિશે કોર્ટમાં પણ દાવો કરવામાં આવ્યો હતો. 2021માં કોરોનાકાળને કારણે માસ્કનો નિયમ અમલી હતો અને કૌભાંડીયાઓએ રજીસ્ટ્રાર ઓફિસમાં ચહેરા છુપાવી રાખ્યા હતાં. સીવીલ કોર્ટમાં આ કેસ ચાલી જતાં અદાલતે પ્રોપર્ટીની માલીકી ફરી વૃધ્ધ દંપતિને સોંપવા તથા અગાઉનો વેચાણ દસ્તાવેજ રદ કરવા સબ રજીસ્ટ્રાર કચેરીને આદેશ કર્યો હતો.

## ૧૦ દિવસ પેમેન્ટની શરતે વિશ્વાસ કેળવી હીરા ખરીદ્યા

### સુરતમાં એક વેપારીદ્વારા 94 લાખનું ઉઠમણું

ગુજરાત | વંદન

સુરતમાં હીરાના એક વેપારીએ 94 લાખનું કર્યું ઉઠમણું કર્યું છે. વિપુલ બલર અને અલ્પેશ બલરનું કારસ્તાન સામે આવ્યું છે જેમણે કૌભાંડ આચરવા માટે જ પેઢી બનાવી હતી. અલગ અલગ વેપારીઓ પાસેથી 90 દિવસની શરતે 94 લાખના હીરા ખરીદ્યા હતા.

90 દિવસ પૂર્ણ થતાં નાણા લેવા ગયેલા વેપારીઓને દરવાજે તાળું જોવા મળતાં રાતા પાણીએ રડવાનો વારો આવ્યો હતો.બલર બંધુઓએ કારીગરોનો પગાર પણ કર્યો નથી. અલ્પેશ બલર ગારીયાધારમાં હીરાનું કારખાનું ધરાવે છે.સમગ્ર મામલે કાપોદ્રા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. 90 દિવસની મુદત પુરી થતા દલાલ અને વેપારીએ પોતાની ઉઘરાણી શરૂ કરી હતી. થોડા દિવસમાં ચુકવી દેવાના વાયદા કરી બન્ને ફરાર થઇ ગયા હતા. બનાવની પોલીસે ફરિયાદના આધારે તપાસ શરૂ કરી હતી.

# ચેક રિટર્ન કેસમાં ખેડબ્રહ્માના વેપારીને બે વર્ષની સજા-10.69 લાખનો દંડ

### જો દંડની રકમ ન ભરે તો વધુ ચાર માસની કેદની સજાનો હુકમ

ગુજરાત | વંદન

ખેડબ્રહ્માના કોન્ટ્રાક્ટરે સોના-ચાંદીનો વેપાર કરતા વેપારીને દાગીના ખરીદવા માટે આપેલા રોકડા રૂ. ૧૧ લાખ ચૂકવવા છતાં પણ દાગીના ન બનાવી આપી બેન્ક ઓફ બરોડાનો રૂ. ૧૧ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થતાં ખેડબ્રહ્માની કોર્ટમાં ફરિયાદના પગલે કોર્ટે ચેક રિટર્ન કેસમાં વેપારીને બે વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરી રૂ. ૧૦.૬૯ લાખનો દંડ ફટકારાયો હતો.



ખેડબ્રહ્મામાં રહેતા જગદીશકુમાર હેમતાજી માળી કોન્ટ્રાક્ટરનો વ્યવસાય કરે છે. તેઓએ અશોકકુમાર મેલાપચંદ સોનીને ગત તા.૧૫-૧-૨૦૨૧ના રોજ ગયા હતા. તેઓએ ૨૦ તોલા દાગીના ખરીદી કરવાના હોવાથી દાગીના અંગે વાતચીત કરી હતી. જોકે અશોકકુમાર મેલાપચંદ સોનીએ રૂ. ૧૧ લાખ જેવી રકમ જમા કરાવો અને બાકીનો હિસાબ દાગીના બનીને આવશે ત્યારે સમજી લેશું તેમ જણાવ્યું હતુ. જેથી રૂ. ૧૧ લાખની રકમ દાગીના પેટે જગદીશકુમાર માળીએ જમા કરાવ્યા હતા.

ત્યારબાદ દાગીના બનાવીને નહીં આપતા વારંવાર ઉઘરાણી કરતાં તેમણે ખેડબ્રહ્મા શાખાનો બેન્ક ઓફ બરોડાનો ચેક આપ્યો હતો. જોકે ચેક બેન્કમાં રિટર્ન થયો હતો. આથી જગદીશકુમાર માળીએ અશોકકુમાર મેલાપચંદ સોની વિરુદ્ધ ખેડબ્રહ્માની કોર્ટમાં ફોજદારી કેસ દાખલ કર્યો હતો. જે અંગેનો કેસ ખેડબ્રહ્માના એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ચાલી જતાં વકીલ વિરલ કે. વોરાની દલીલોને કોર્ટે ગ્રાહ્ય રાખી આરોપી અશોકકુમાર મેલાપચંદ સોનીને કસુરવાર ઠરાવી બે વર્ષની સાદી કેદ અને રૂ. ૧૦.૬૯ લાખનો દંડ ચૂકવવાનો હુકમ કર્યો છે અને જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો વધુ ચાર માસની સાદી કેદની સજા ભોગવવાનો પણ હુકમ કર્યો છે.

### ઈન્ફ્રાસ્ટ્રક્ચરના અભાવે ડાયમંડ બુર્સમાં વૈશ્વિક સ્તરનો વેપાર હાલ શક્ય નહીં

# કિરણ જેમ્સ સુરત બુર્સમાંથી કામકાજ સંકેલી ફરી મુંબઈમાં

ગુજરાત | વંદન

સુરતને ડાયમંડનું વર્લ્ડ ટ્રેડિંગ હબ બનાવવાના સપના સાથે એક મહિના અગાઉ મુંબઈ છોડી સુરતમાં શિફ્ટ થયેલી હીરા ઉદ્યોગની સૌથી મોટી કંપની કિરણ જેમ્સના અરમાનો પર એક જ મહિનામાં પાણી ફરી વળ્યા જેવો ઘાટ સર્જાયો છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરના અભાવે સુરત ડાયમંડ બુર્સમાંથી વૈશ્વિક સ્તરનો વેપાર કરવો હાલ શક્ય નહીં હોઈ કંપનીએ મુંબઈની ઓફિસોને ફરી શરૂ કરવાનો નિર્ણય લીધો છે.

આ નિર્ણયને કારણે હીરા બજારમાં એવી વાતોએ વાયુનું સ્વરૂપ લીધું છે કે, સુરત ડાયમંડ બુર્સ છોડી કિરણ જેમ્સ હંમેશા માટે ફરી મુંબઈ જઈ રહ્યું છે. મુંબઈ વિના હીરાનો આંતરરાષ્ટ્રીય વેપાર શક્ય નથી. વિશ્વના સૌથી મોટા ઓફિસ બિલ્ડિંગ સુરત ડાયમંડ બુર્સની સફળતા સામે આશંકાઓ ઉભી થવા લાગી છે, ત્યારે આ ચર્ચાઓ અને અટકળોનો જવાબ આપતા મંગળવારે સુરત ડાયમંડ બુર્સની મીડિયા કમિટીના કન્વીનર દિનેશ નાવડીયાએ વીડિયો મેસેજ સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો છે.

હીરા બજારમાં જે વાતો બહાર આવી છે, તેમાં એવું છે કે, કિરણ જેમ્સનાં માલિક અને સુરત ડાયમંડ બુર્સના સ્વપ્નદ્રષ્ટા વલ્લભભાઈ લાખાણી દ્વારા સંચાલિત, નવેમ્બર 2023માં SDBમાં પોતાની ઓફિસ સુરત શિફ્ટ કર્યા પછી કહે છે કે, વેપારમાં પણ વ્યાપક અસર થઈ હતી. કિરણ જેમ્સ દ્વારા મુંબઈના કર્મચારીઓને રાખવા માટે સુરતમાં લક્ઝુરિયસ 1,200 ફ્લેટ બનાવવામાં આવ્યા હતા.

સુરત ડાયમંડ બુર્સ કમિટીને સરકારે સુરતથી બેંગકોક વાયા હોંગકોંગની ડેઈલી ફ્લાઈટ, સિંગાપોર, લંડન, ન્યુયોર્ક, બ્રસેલ્સની વિકલી ફ્લાઈટ શરૂ કરવા માટે આપવામાં આવેલું વચન સરકારે પાળ્યું નથી. માત્ર બે એરલાઈન્સ કંપનીએ દુબઈની બે ફ્લાઈટ જાહેર કરી છે, એમાં પણ એકપણ ફ્લાઈટ ડેઈલી નથી. અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત સહિતના મહાનગરોમાં 70 માળની બિલ્ડિંગ ઊભી કરવાની જાહેરાતો કરનાર સરકારે ઈન્ટરનેશનલ હોટેલની ચેઈનને 30 માળની મંજૂરી આપવા પરવાનગી નહિ આપતા એને લઈને પણ ખોટો મેસેજ ગયો છે. સુરત ડાયમંડ બુર્સ કે એરપોર્ટની નજીક 30 માળની બિલ્ડિંગનું બાંધકામ મળી રહ્યું નથી.

દિનેશ નાવડીયા વીડિયો મેસેજમાં કહ્યું છે કે, મે સુધીમાં 80 ટકા ઓફિસો સુરત ડાયમંડ બુર્સમાં શરૂ થશે. હાલ મોટા ભાગની ઓફિસોમાં ફર્નિચરનું કામ ચાલી રહ્યું છે. સંપૂર્ણ ક્ષમતા સાથે બુર્સ કાર્યરત થયું નહીં હોવાથી કિરણ જેમ્સને વેપાર કરવામાં અગવડ પડી રહી છે, તેથી બુર્સની કમિટીની 18 જાન્યુઆરીની મિટિંગમાં સર્વાનુમત્તે નક્કી થયું છે કે થોડા સમય માટે કિરણ જેમ્સ તેની મુંબઈની ઓફિસ ફરી શરૂ કરી ત્યાંથી વેપાર કરે. તેથી આજથી કિરણ જેમ્સ મુંબઈમાં ઓફિસ શરૂ કરી રહી છે. જોકે, સુરતમાં ડાયમંડ બુર્સ ધમધમતું થવા સાથે જ કિરણ જેમ્સ ફરી સુરત શિફ્ટ થઈ જશે. તેથી ચર્ચાઓ અને અફવાઓ પર ધ્યાન આપવું નહીં.

સુરત ડાયમંડ બુર્સ કમિટીના મીડિયા કમિટીના ચેરમેન દિનેશ નાવડિયાએ જણાવ્યું હતું કે, 'સુરત હીરા બુર્સની કમિટીના સભ્યોએ સર્વાનુમતે તમામની સહી સાથે વલ્લભભાઇ પટેલને એક પત્ર પાઠવીને જણાવ્યું છે કે સ્વાભાવિક છે કે સુરત હીરા બુર્સમાં વિધિવત રીતે મોટાભાગની ઓફિસો શરૂ થાય અને કારોબાર ધમધમે, તેમાં હજુ થોડો સમય નીકળી જાય તેમ છે. આવી સ્થિતિમાં કિરણ જેમ્સને કારોબાર કરવામાં તકલીફ ન પડે તે માટે તમામ મેનેજિંગ કમિટીના સભ્યોએ કિરણ જેમ્સના વલ્લભભાઇ પટેલને સૂચન કર્યું છે કે તેમણે કિરણ જેમ્સનો કારોબાર મુંબઈથી પણ જારી રાખવો જોઈએ.

અનુસંધાન પેજ 12 પરથી...

### બાકી મિલકતવેરાની ...

કરી રુપિયા ૨.૨ કરોડની રકમ બાકી પ્રોપર્ટીટેક્સ પેટે વસૂલ કરાઈ હતી.

ઉત્તર-પશ્ચિમ ઝોનમાં સિંધુભવન રોડ ઉપરાંત ઘાટલોડીયામા સમર્પણ ટાવર, વસ્ત્રાપુર, એસ.જી.હાઈવે,ગોતા સહિતના વિસ્તારમાં ૫૦૨૪ મિલકત સીલ કરી રુપિયા ૩.૮૭ કરોડની રકમ વસૂલ કરાઈ હતી.દક્ષિણઝોનમાં નારોલ,લાંભા અને ઈસનપુરમા આવેલા વિવિધ એસ્ટેટમાં બાકીદારોની કુલ મળીને ૬૮૦ મિલકત સીલ કરી રુપિયા ૧.૧ કરોડની વસૂલાત કરાઈ હતી.મધ્યઝોનમાં શાહીબાગ, ન્યૂ કલોથ માર્કેટ,તાવડીપુરા,ભદ્ર,પાંચકૂવા સહિતના વિસ્તારમાં ૧૦૧૨ મિલકત સીલ કરી રુપિયા ૧.૩૬ કરોડની રકમ વસૂલ કરાઈ હતી.

### અમદાવાદ: પોલીસ ..

ટ્રાફિક પોલીસને સોંપ્યો હતો. કારમાંથી દારૂની બોટલ પણ મળી આવી હતી. ટ્રાફિક પોલીસે આ પોલીસકર્મચારીને હોસ્પિટલ લઈ ગઈ હતી અને ત્યાં તેનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો. તો બીજી તરફ રાહતની વાત એ હતી કે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ સર્જાઈ નહોતી.

### શહેરના સામાન્ય ..

કરી દીધો હતો. પાઈપ અને ડંડા વાગતાં જય અને દેવ અર્ધબેભાન હાલતમાં જમી પર પડી ગયા હતા જ્યારે મેઘલ દોડીને સીધો નજીકમાં આવેલા વૃંદાવન બંગ્લોઝમાં રહેતા તેના મિત્રો વેદાંત, અદિત અને રાજને બોલાવવા પહોંચી ગયો હતો.

હુમલો કરીને મયૂર, પંકજ તેમજ નીલેશ ઠાકોર સહિતના લોકો ત્યાંથી નાસી ગયા હતા. ત્રણેયને તાત્કાલિક સારવાર માટે નજીકની ઝાયડસ હોસ્પિટલમાં લઈ ગયા હતા. ઘટનાની જાય બોડકદેવ પોલીસને થતાં તે તાત્કાલિક ઘટના સ્થળે આવી ગઈ હતી અને પાંચથી વધુ લોકો વિરૂદ્ધ હત્યાની કોશિશનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

### 18 વર્ષથી ..

9 તથા કારતૂસો નંગ-6 તથા આરોપી નાદીરખાન બાબાખાન નવાબખાન પઠાણ પાસેથી રીવોલ્વર નંગ-1 તથા કારતૂસો નંગ-4 વગર લાયસન્સે મળી આવતા કબ્જે કરવામાં આવેલ.

આ હથિયારો ફિરોઝ કાનપુરી તથા તેની પત્ની અંજુમ કાનપુરીએ દાહોદમાં આરોપી ગુલામ રબ્બાની નસરુદ્દીન શેખને ત્યાં સંતાડેલ હથિયારો તેની સુચનાથી પોતાની આઈશર ગાડીમા લાવી અમદાવાદ શહેરમાં તે હથિયારોની ડીલીવરી વારીસ બરાઉદ્દીન પઠાણને કરી હતી.

આ કેસમાં ફિરોઝ કાનપુરી તથા તેની પત્ની અંજુમ કાનપુરી ફરાર હતા અને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યાં હતા. ગુજરાત ATSએ છેલ્લા 18 વર્ષથી નાસતા ફરતા મહિલા આરોપી અંજુમ કાનપુરીને આમીના ટાઉન શીપ મકાન નંબર એ-108 વટવા કેનાલ બાગે કૌશર મેદાન રોડ વટવા ખાતેથી ઝડપી કોર્ટમાં રજૂ કરતા કોર્ટે ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

### જૂનાગઢમાં ..

ગ્રાઉન્ડ પર બનાવેલા અલગ અલગ ફોર્મેશન નિહાળી ઉપસ્થિત લોકો મંત્રમુગ્ધ થયા હતા.

આ કાર્યક્રમની ઉજવણીમાં કોસ્ટગાર્ડ, BSF,ચેતક કમાન્ડો ફોર્સ, ગુજરાત મરીન કમાન્ડો ફોર્સ, એસઆરપી, ગુજરાત જેલ વિભાગ સહિત વિવિધ જિલ્લા પોલીસની 25 પ્લાટુન જોડાઈ હતી.

### પદ્મશ્રી એવાર્ડ ..

હતો. અને ગઈ કાલે જ્યારે કેન્દ્ર સરકારે પદ્મશ્રી એવોર્ડ માટે મારા નામની જાહેરાત કરી ત્યારે મારો ઉત્સાહ આજે ચાર ગણો થઈ ગયો.

### જ્ઞાનસહાયકો પૂરતા. ..

સમગ્ર રાજ્યમાં હાલ ૮ હજારથી વધુ શિક્ષકોની ઘટ સર્જાઈ છે.

### સાવધાન! પગથી ..

ગ્રાહકને કડવો અનુભવ થયો હતો. આલું ટીક્કીમાં ઈયળ મળી હોવાની ઘટના બની હતી.

અડધું બર્ગર ખાઈ ગયા બાદ ઈયળ દેખાતા ગ્રાહકે ફરિયાદ કરી હતી. તે સિવાય રામદેવનગર પાસે આવેલી કોર્ટીયાર્ડ મેરિયટ હોટલની સેન્ડવિચમાંથી જીવાત નીકળતા ગ્રાહકે હોટલ મેનેજમેન્ટ સામે ફરિયાદ કરતા હોબાળો મચાવ્યો હતો તેમણે જીવાતનો વીડિયો પણ મોબાઈલ કેમેરાથી કેપ્ચર કરીને વાયરલ કર્યો હતો. ગ્રાહકે સેન્ડવિચનો ઓર્ડર આપ્યો હતો. સેન્ડવિચમાંથી જીવાત નીકળતા ગ્રાહકે હોટલના સંચાલકને ફરિયાદ કરી હતી.

બોપલ વિસ્તારમાં આવેલા લા પિનોઝના પિત્ઝામાં જીવાત નીકળવાની ઘટના બની હતી. ગુરૂવારના ફરી શહેરના એલિસબ્રિજ વિસ્તારમાં લા પિનોઝ પિત્ઝામા જીવજંતુઓ નીકળ્યા હોવાની ઘટના બની હતી. એક યુવક તેના અન્ય મિત્રો સાથે અહી પિત્ઝા ખાવા માટે ગયો હતો. ત્યારે પિત્ઝા બોક્સ ખોલતા તેમાંથી નાના-નાના જીવડા નીકળ્યા હતાં. જેને લઈને યુવકે ત્યાંના સ્ટાફને ફરિયાદ કરી હતી. જેથી તેમણે તાત્કાલિક પિત્ઝા પરત લઈ લીધો હતો અને ભૂલનો સ્વીકાર કર્યો હતો.

### ગુજરાતના 18 ..

શૈલેષ દુબે, જલુભાઈ દેસાઈ, જયેશ પટેલ, અભેસિંગ રાઠવા, સુખદેવ ડોડીયાનું નામ જાહેર પોલીસ ચંદ્રક માટે જાહેર કરવામાં આવ્યું છે.

# ભાવનગરનો ધમધમતો પ્લાસ્ટીક ઉદ્યોગ મંદીના ભરડામાં સપડાયું

### 25 હજાર લોકોને મળે છે રોજગારી-વેપારીઓ 40 થી 50% જ ઉત્પાદન લઈ રહ્યા છે

ગુજરાત | વંદન



ભાવનગર શહેરમાં એક સમયે ધમધમતો પ્લાસ્ટિક ઉદ્યોગ હાલ મંદીના માહોલમાં પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે ઝઝૂમી રહ્યો છે. જ્યારે હાથથી વણીને દોરડા બનાવવામાં આવતા હતા તે સમયગાળાથી આ ઉદ્યોગ ભાવનગરમાં છે અને ભાવનગરનો સૌથી જૂનો ઉદ્યોગ છે.

પ્લાસ્ટિક ઉદ્યોગમાંથી ૨૦થી ૨૫ હજાર લોકો પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી મેળવે છે. વર્ષ ૧૯૬૮માં શરૂ થયેલો પ્લાસ્ટિક ઉદ્યોગે ભાવનગરને દેશભરમાં ઓળખ આપી હતું. પરંતુ કાળક્રમે આ ઉદ્યોગ મંદીના ભરડામાં ફસાયો છે અને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા ઝઝૂમી રહ્યો છે.

છેલ્લા ૫૦ વર્ષમાં ના જોઈ હોય તેવી મંદીનો માહોલ હાલ આ ઉદ્યોગમાં છવાયેલો છે. વર્ષોથી સ્થાપિત પોતાનો ધંધો શરૂ રહે અને બજારમાં પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે તથા કામદારોને રોજી રોટી મળી રહે તે માટે માલિકો આ બિઝનેસ ચલાવી રહ્યા છે.

ભાવનગરમાં પ્લાસ્ટિક ઉદ્યોગ ૫૦ થી ૬૦ વર્ષ જૂનો છે. કુંભારવાડા વિસ્તારમાં એક સમયે ધમધમતા પ્લાસ્ટિકના કારખાનાઓમાંથી મોટાભાગના લોકો રોજગારી મેળવતા હતા. વર્ષ ૧૯૬૮થી શરૂ થયેલા પ્લાસ્ટિક ઉદ્યોગ ભાવનગરનો સૌથી જૂનો ઉદ્યોગ છે. જ્યારે હાથથી વણીને દોરડા બનાવવામાં આવતા હતા ત્યારથી પ્લાસ્ટિકના ઉદ્યોગમાં ભાવનગરનું નામ મોખરે હતું. પરંતુ કાળક્રમે આ ઉદ્યોગ મંદિરેના ભરડામાં ફસાઈ ગયો છે છેલ્લા ૫૦ વર્ષમાં ના જોઈ હોય તેવી મંદીનો માહોલ હાલ આ ઉદ્યોગ સહન કરી રહ્યું છે. વર્ષોથી સ્થાપિત પોતાનો ધંધો શરૂ રહે અને બજારમાં પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે આ ઉદ્યોગ સંઘર્ષ કરી રહ્યો છે. હાલની પરિસ્થિતિમાં ભાવનગરમાં આશરે ૨૫૦ થી ૩૦૦ જેટલા પ્લાસ્ટિક યાર્ન બનાવવાના કારખાના છે તેમજ કાપડ, પાટી, દોરી બનાવતા ૪૦૦ થી ૫૦૦ યુનિટ છે. આ ઉદ્યોગ ૨૦થી ૨૫ હજાર લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી પૂરી પાડે છે. ભાવનગરમાં ઉત્પાદિત થતો માલ દેશભરમાં જાય છે અને એક્સપોર્ટ પણ થાય છે પરંતુ હાલની પરિસ્થિતિમાં આ ઉદ્યોગ મંદીનો અનુભવ કરી રહ્યું છે. જે યુનિટ શરૂ છે તે બજારમાં પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે ઝઝૂમે છે. વેપારીઓ ૪૦ થી ૫૦% જ ઉત્પાદન લઈ રહ્યા છે.

પ્લાસ્ટિક ઉદ્યોગમાં હાલની સ્થિતિ કાચા માલની ઉપલબ્ધતા, મજૂરોની ઉપલબ્ધતા બધું જ છે પરંતુ ઘરાકી (ગ્રાહક) ઓછી હોવાના કારણે વેપાર પર માઠી અસર પડી રહી છે. ભાવનગર પ્લાસ્ટિક મેન્યુફેક્ચર એસોસિએશનના પ્રમુખ ભુપતભાઈ વ્યાસે જણાવ્યું કે ભાવનગરમાં પ્લાસ્ટિક ઉદ્યોગ હાલમાં સખત મંદીનો સામનો કરી રહ્યું છે.

જે કંઈ થોડું ઘણું વેચાણ થાય છે તેમાં ઉઘરાણીના પૈસા પરત નથી આવતા સહિત ઘણા કારણો છે.

અનુસંધાન પેજ 1 પરથી...

### નીતિશ ફરીથી...

આંકડા કરતાં ત્રણ વધુ છે. જો કેટલાક ધારાસભ્યો આજની બેઠકમાં ન આવે તો પરિસ્થિતિ બદલાઈ શકે છે. જેડીયુ ઉપરાંત ભાજપ અને આરજેડીએ પણ આજે પોતાના ધારાસભ્યોની બેઠક બોલાવી હતી. આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવ હાલ સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છે.

બીજી તરફ રાષ્ટ્રીય જનતા દળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલુ પ્રસાદ યાદવની પુત્રી રોહિણી આચાર્યના સોશિયલ મીડિયા સંદેશમાંથી કેટલીક વધુ સ્પષ્ટતા આવી છે, જેમા તેમણે નીતિશના ભાઈ ભતિજાવાદ આક્ષેપનો જવાબ આપ્યો હતો અને સરકારના બે ભાગીદાર પક્ષો વચ્ચે ઠીક નથી એવું એક મેસેજ પણ ગયો હતો. જોકે થોડા સમય પછી તેને દૂર કરવામાં આવી હતી. લાલુ પુત્ર અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી દ્વારા પણ એવી પ્રતિક્રિયા આપવામાં આવી હતી કે અમે આસાનીથી તખ્તાપલટ થવા દેશે નહીં.

### અટારી-વાઘા...

આકર્ષણ હતું પરેડની સાથે ચાલતા બેન્ડનું સંગીત. વીર રસના દમદાર ગીતોએ હવામાં જોશ ભરી દીધો અને દર્શકોનો ઉત્સાહ ચરમ પર પહોંચી ગયો હતો. સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાન હમારા. વંદે માતરમ, જેવા દેશભક્તિના ગીતોએ આખા વાતાવરણને દેશપ્રેમથી ભરી દીધું હતું. જેવો આ સમારંભ સમાપ્ત થયો, બંને દેશના જવાનોએ એકબીજાને સલામી આપી અને ઉમળકાભેર હાથ મિલાવ્યા હતા.

### ઓલિમ્પિક માટે...

દિલ્હીમાં 75માં ગણતંત્ર દિવસની ઉજવણીમાં મુખ્ય અતિથિ હતા. મેક્રોનની રાજ્ય મુલાકાત એ ભારતના પ્રજાસત્તાક દિવસે મુખ્ય અતિથિ તરીકે ફ્રાન્સની છઠ્ઠી સહભાગિતાને ચિહ્નિત કરે છે, જે અન્ય કોઈપણ રાષ્ટ્રમાં સૌથી વધુ છે.

2024 ઓલિમ્પિક ફ્રાન્સની રાજધાની પેરિસમાં યોજાવાની છે. તે 26 જુલાઈથી શરૂ થશે અને 11 ઓગસ્ટના રોજ સમાપ્ત થશે. ઓલિમ્પિક સમાપ્ત થયા પછી તરત જ પેરિસમાં 28 ઓગસ્ટથી 8 સપ્ટેમ્બર સુધી પેરાલિમ્પિક ગેમ્સ શરૂ થશે. આ પહેલા 19 જાન્યુઆરીએ ખેલો ઈન્ડિયા ગેમ્સનું ઉદ્ઘાટન કરતી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે સરકાર 2036 ઓલિમ્પિક ગેમ્સની યજમાનીની દિશામાં કામ કરી રહી છે. વડા પ્રધાને એથ્લેટ્સને આંતરરાષ્ટ્રીય એક્સપોઝર પ્રદાન કરવા અને તેમના વિકાસ માટે ઈકોસિસ્ટમ પ્રદાન કરવા માટે છેલ્લા 10 વર્ષોમાં તેમની સરકારના પ્રયાસોને પણ રેખાંકિત કર્યા.

### ઇન્ટરનેશનલ કોર્ટના...

નરસંહાર ગણાવીને કોર્ટનો સંપર્ક કર્યો હતો. આફ્રિકાએ કોર્ટને વિનંતી કરી હતી કે ગાઝામાં ચાલી રહેલા ઈઝરાયલી હુમલાઓને વહેલી તકે બંધ કરવામાં આવે.

ઉદય વિશ્વનાથે વિશ્વના લગભગ 50 દેશોના 5 હજારથી વધુ યુવાનોને આ ગેમની ટ્રિક્સ શીખવી છે. આ સમયગાળા દરમિયાન, તેણે આ રમતની તાલીમ ફક્ત યુવાનોને જ નહીં પરંતુ મહિલાઓ, અનાથ, અપંગ અને વરિષ્ઠ નાગરિકોને પણ આપી છે. હાલમાં ઉદય વર્લ્ડ મલખમ ફેડરેશનના ડાયરેક્ટર પણ છે, આથી તે અલગ-અલગ દેશોમાં પણ આ ગેમનો પ્રચાર કરે છે.

એટલું જ નહીં, તેમણે આ રમતને લગતી એક રૂલ બૂક (નિયમોની પુસ્તક) બનાવવાની પહેલ કરી છે, જેમાં સ્પર્ધાઓ અને નિર્ણયો સંબંધિત વિગતવાર માહિતી આપવામાં આવી છે. આ નિયમ પુસ્તકને આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સંઘ દ્વારા પણ માન્યતા આપવામાં આવી છે.

મલખંભ ભારતની એક પ્રાચીન રમત છે, જેમાં દોરડા અથવા લાકડાના થાંભલા પર કરતબ બતાવવામાં આવે છે. આ પણ એક પ્રકારનો એરિયલ યોગ છે, જેને ઓલિમ્પિકમાં પણ સામેલ કરવામાં આવ્યો છે.

# પતિએ બીજા લગ્ન કર્યા બાદ ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝાએ પોસ્ટ મૂકી

■ આ પોસ્ટમાં સાનિયા પોતાની જાતને અરીસામાં જોઈ રહી છે

ગુજરાત | વંદન

દિગ્ગજ ટેનિસ ખેલાડી સાનિયા મિર્ઝા આ દિવસોમાં પોતાની પર્સનલ લાઈફને લઈને ચર્ચામાં છે. આ સમાચારની પુષ્ટિ ત્યારે થઈ જ્યારે પાકિસ્તાની અભિનેત્રી સના જાવેદ સાથે શોએબના લગ્નની તસવીરો સામે આવી. લગ્નની આ તસવીરો જોઈને બધા ચોંકી ગયા હતા.

સાનિયા મિર્ઝાના પૂર્વ પતિના ત્રીજા લગ્ન બાદ સાનિયાએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક પોસ્ટ શેર કરી છે. આ તસવીરો સામે આવ્યા બાદ ચાહકો સાનિયાને



લઈને ચિંતિત છે. આ પોસ્ટમાં સાનિયા પોતાની જાતને અરીસામાં જોઈ રહી છે. આ તસવીર શેર કરતી વખતે તેણે કેપ્શનમાં માત્ર એક શબ્દ Reflect લખ્યો છે. સાનિયાએ માત્ર એક શબ્દ દ્વારા ચાહકો સમક્ષ પોતાની સ્થિતિ વ્યક્ત કરી છે. હાલમાં, તે સોશિયલ મીડિયા પર જે પણ શેર કરી રહી છે, ચાહકો તેના અસફળ લગ્ન જીવન સાથે સીધો સંબંધ બનાવી રહ્યા છે.

મહત્વનું છેકે, લગ્નના 13 વર્ષ બાદ શોએબ મલિક અને સાનિયાએ અલગ થવાનો નિર્ણય લીધો છે. શોએબના લગ્નની તસવીર સામે આવ્યા બાદ જ સાનિયાના પિતાએ પોતાના નિવેદનમાં ખુલાસો કર્યો હતો કે સાનિયા અને શોએબ અલગ થઈ ગયા છે. સાનિયાના પિતાએ કહ્યું હતું કે સાનિયાએ પોતે જ શોએબ સામે 'ઓપન અપ' કર્યું હતું.

# છેલ્લા 50 વર્ષોમાં કાશ્મીર, હિમાચલ, ઉત્તરાખંડ અને લદ્દાખમાં વરસાદના પ્રમાણમાં ઘટાડો નોંધાયો

■ એવુ તો શું થયું કે હિમાલયના પર્વતીય પ્રદેશમાં હિમવર્ષા ન થઈ?

ગુજરાત | વંદન

દિલ્હી સહિત સમગ્ર ભારતમાં હાલમાં ભારે ઠંડી પડી રહી છે. જ્યાં આ સમયે ઉત્તરાખંડ, હિમાચલ અને જમ્મુ-કાશ્મીરના પર્વતો બરફથી ઢંકાયેલા હોય છે, ત્યાં આજે દૂર દૂર સુધી બરફ દેખાતો નથી. પર્વતો સાવ બરફ વિનાના સૂકા છે. એવુ તો શું થયું કે હિમાલયના પર્વતીય પ્રદેશમાં હિમવર્ષા ન થઈ? આનું કારણ દેશના હવામાન વિભાગ (IMD)ના મહાનિર્દેશક મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું છે.

હિમાલયના ક્ષેત્રમાં હિમવર્ષા ન થવાના પ્રશ્ન પર, હવામાન વિભાગના મહાનિર્દેશક મૃત્યુંજય મહાપાત્રાએ કહ્યું કે, આ વર્ષે કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ સહિત પશ્ચિમ હિમાલય ક્ષેત્રમાં ખૂબ જ ઓછી હિમવર્ષા થઈ છે.

તેનું મુખ્ય કારણ એ છે કે આ પ્રદેશમાંથી કોઈ નોંધપાત્ર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પસાર થયું નથી. સામાન્ય રીતે શિયાળામાં દર મહિને લગભગ પાંચ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આ પ્રદેશને અસર કરે છે. આ વર્ષે હવામાનમાં થોડી ગરબડ થઈ છે, પણ ખાસ કંઈ થઈ નથી.



છેલ્લા ત્રણ મહિનાથી વરસાદ ન હોવાના પ્રશ્ન પર, IMDના મહાનિર્દેશકે કહ્યું કે અમે ઘણા સંશોધકો સાથે મળીને પશ્ચિમ હિમાલય ક્ષેત્રના ડેટાનું વિશ્લેષણ કર્યું છે. વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે છેલ્લા 50 વર્ષોમાં, પશ્ચિમ હિમાલયના ક્ષેત્રમાં એટલે કે જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને ચોક્કસપણે લદ્દાખમાં વરસાદમાં ઘટાડો થયો છે.

જો આપણે મહિના પ્રમાણે જોઈએ તો, ડિસેમ્બર, જાન્યુઆરી, ફેબ્રુઆરી અને દરેક ઋતુના દરેક મહિનામાં પ્રવૃત્તિમાં ઘટાડો થવાનું વલણ છે. આ પ્રદેશને અસર કરતી પશ્ચિમી વિક્ષેપની આવર્તન અને તીવ્રતામાં ઘટાડો પણ જોવા મળ્યો છે. આ પશ્ચિમી હિમાલયના પ્રદેશમાં શિયાળામાં વરસાદનું પ્રમાણ ઘટી રહ્યું છે.

# કેનેડામાં મકાનોની તંગીના કારણે સ્ટુડન્ટ વિઝા પર બે વર્ષ માટે નિયંત્રણ



■ ૨૦૨૨માં કેનેડાએ ૮ લાખથી વધુ ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ વિઝા ઈશ્યૂ કર્યા હતા

ગુજરાત | વંદન

કેનેડાએ હાઉસિંગ કટોકટીની સમસ્યાને ઉકેલવા તાત્કાલિક અસરથી ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ વિઝા પર બે વર્ષ માટે નિયંત્રણ જાહેર કર્યું છે. જેની સીધી અસર ભારતીયોને થશે. ૨૦૨૪માં નવા સ્ટુડન્ટ વિઝામાં ૩૫ ટકા ઘટાડો કરવામાં આવ્યો છે. કેનેડાના ઈમિગ્રેશન મંત્રી માર્ક મિલરે જણાવ્યું હતું કે, "ટોચ મર્યાદાના ભાગરૂપે ૨૦૨૪માં નવા ૩,૬૪,૦૦૦ સ્ટુડન્ટ વિઝા અપાશે છે. ગયા વર્ષે ૫,૬૦,૦૦૦ સ્ટુડન્ટ વિઝા ઈશ્યૂ કરવામાં આવ્યા હતા.

એટલે કે ચાલુ વર્ષે તેમાં ૩૫ ટકાનો ઘટાડો થશે." તેમણે વધુમાં જણાવ્યું કે, "સ્ટુડન્ટ વિઝાની ટોચમર્યાદા બે વર્ષ સુધી અમલી રહેશે. ૨૦૨૫માં ઈશ્યૂ થનારા વિઝાની સંખ્યા વર્ષના અંતમાં નિર્ધારિત કરાશે." મિલરે કહ્યું હતું કે, "કેનેડામાં કામચલાઉ ધોરણે રહેતા લોકોને નિર્ધારિત સ્તરે જાળવી રાખવા તેમજ ૨૦૨૪માં વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યામાં વધુ વૃદ્ધિ નહીં કરવાના લક્ષ્યાંકને ધ્યાનમાં રાખીને અમે ૨૦૨૪થી બે વર્ષ માટે ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ વિઝાની રાષ્ટ્રીય ટોચમર્યાદા નક્કી કરી છે."

કેનેડામાં હાઉસિંગ (રહેઠાણો)ની કટોકટી છે ત્યારે વિદેશી આવતા લોકોની સંખ્યામાં વધારાને કારણે વિવિધ પ્રાંતોમાંથી સરકાર પર દબાણ વધ્યું હતું. જેને ધ્યાનમાં રાખીને વિઝા પર નિયંત્રણનો નિર્ણય લેવાયો છે. મિલરે અગાઉ જણાવ્યું હતું કે, વિદેશી વિદ્યાર્થીઓ પર ટોચમર્યાદાનું પગલું રહેઠાણોની તંગી ઉકેલવા માટે યોગ્ય ઉકેલ નથી. ૨૦૨૨માં કેનેડાએ ૮ લાખથી વધુ ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ વિઝા ઈશ્યૂ કર્યા હતા.

કેનેડા ઉચ્ચ અભ્યાસ માટે ભારતીયોનું પસંદગીનું સ્થળ છે. કેનેડામાં ૨૦૨૨માં સ્ટુડન્ટ વિઝા ધરાવતા ટોપ-૧૦ દેશમાં ભારત ૩,૧૯,૦૦૦ વિદ્યાર્થી સાથે પ્રથમ ક્રમે હતું. મિલરે કહ્યું કે, "ટોચમર્યાદા લાગુ કરીને સરકાર નાની ખાનગી કોલેજો સામે પગલાં લઈ રહી છે. કેટલીક કોલેજો અપૂરતી સુવિધાવાળા કેમ્પસ ધરાવતી હોવા છતાં વિદેશી વિદ્યાર્થીઓનો ગેરફાયદો ઉઠાવી રહી છે."

# અમેરિકાની ચૂંટણીમાં હવે ટ્રમ્પ અને બાઈડન વચ્ચે ટક્કર નિશ્ચિત

■ રાષ્ટ્રપતિની ચુંટણીમાં ટ્રમ્પે વધુ એક રાજયમાં જીત મેળવી

ગુજરાત | વંદન

અમેરિકામાં વર્ષના અંતે યોજાનારી રાષ્ટ્રપતિપદની ચુંટણી માટે રીપબ્લીકન પક્ષની પ્રાઈમરીમાં પુર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વધુ એક મહત્વના રાજય ન્યુ હૈંપશરમાં જબરો વિજય મેળવીને પક્ષમાં તેમના પ્રતિદ્વંદી અને ભારતીય મૂળના મહિલા નેતા નીકકી હેલીને મોટો આંચકો આપ્યો છે.

ન્યુયોર્ક ટાઈમ્સના રીપોર્ટ મુજબ હજું ફકત 26% મતોની ગણતરી થઈ છે અને તેમાં ટ્રમ્પે 51%થી વધુ મતો મેળવી લીધા છે અને તેમના હરીફ નીકકી હેલીથી ખૂબજ આગળ પહોંચી ગયા હતા અને હવે ટ્રમ્પની જીતનું ઔપચારીક એલાન જ બાકી છે.નીકકી હેલીએ તેના પ્રચારનો મોટા ભાગનો સમય આ રાજયમાં વિતાવીને ટ્રમ્પને પ્રથમ આંચકો આપવાની તૈયારી કરી હતી અને ન્યુ હૈંપશરના લોકપ્રિય ગવર્નર કિસ સુનુનુ પણ હેરીની સાથે હતા.આમ હેલી માટે હવે આ સ્પર્ધામાં ટકી રહેવું મુશ્કેલ બન્યું છે. અગાઉ રીપબ્લીકન પક્ષમાં ટ્રમ્પના ટર્નીંગ મેટ એટલે કે ઉપરાષ્ટ્રપતિ તરીકે નીકકી હેલીને પસંદ કરવા ટ્રમ્પને દરખાસ્ત થઈ હતી પણ ટ્રમ્પે તે નકારી કાઢતા કહ્યું કે નીકકી સેનેટર તરીકે યોગ્ય છે પણ તેને ઉપરાષ્ટ્રપતિના સંભવિત ઉમેદવાર તરીકે હું જોતો નથી.



એક બાદ એક રાજયો ટ્રમ્પ જે રીતે રીપબ્લીકન ઉમેદવાર તરીકે આગળ વધી રહ્યા છે તેથી હવે વર્ષના અંતે યોજાનારી ચુંટણીમાં તેમનો મુકાબલો ડેમોક્રેટીક પક્ષના ઉમેદવાર અને વર્તમાન રાષ્ટ્રપતિ જો બાઈડન સામે નિશ્ચિત બની રહ્યા છે અને ફરી 2020 જેવો જ જંગ જોવા મળશે તેવી શકયતા વધુ છે.

# પ્રવાસનને ધ્યાનમાં રાખીને સાઉદી અરેબિયા હવે વેચશે દારૂ

■ પેટ્રોલ વેચનાર દેશની રાજધાની રિયાધમાં ખુલશે લીકર શોપ

ગુજરાત | વંદન

સાઉદી અરેબિયા માં 70 વર્ષમાં પહેલીવાર લીકર શોપ ખોલવા જઈ રહી છે. આ લીકર શોપ રાજધાની રિયાધમાં ખોલવામાં આવશે જ્યાં માત્ર બિન-મુસ્લિમ રાજદ્વારીઓને જ શરાબ વેચવામાં આવશે. બુધવારે એક રાજદ્વારીએ જણાવ્યું હતું કે આ સામાજિક ઉદારીકરણ તરફનું બીજું પગલું છે.

રિયાધમાં આ લીકર શોપ એવા સમયે ખોલવા જઈ રહી છે જ્યારે ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને તેની અર્થવ્યવસ્થાને ક્રૂડ ઓઈલથી ધીમે ધીમે દૂર કરવાની મહત્વાકાંક્ષી યોજનાઓના ભાગરૂપે રાજ્યને પ્રવાસન અને વેપારના કેન્દ્રમાં પરિવર્તિત કરવાનું લક્ષ્ય રાખ્યું છે. આ શોપમાંથી શરાબ ખરીદવા માટે ગ્રાહકોએ મોબાઈલ એપ દ્વારા પોતાનું રજીસ્ટ્રેશન કરાવવું પડશે. આ પછી તેમને વિદેશ મંત્રાલય તરફથી ક્લિયરન્સ કોડ મેળવવો પડશે, ત્યારબાદ ગ્રાહક શોપમાંથી શરાબની ખરીદી કરી શકશે.






જો કે, ગ્રાહક દર મહિને એક નિયત ક્વોટા હેઠળ જ દારૂ ખરીદી શકશે. ઉલ્લેખનીય છે કે ઈસ્લામમાં દારૂ પીવાને હરામ માનવામાં આવે છે. પરંતુ સાઉદી સરકાર દેશમાં પ્રવાસન અને વ્યવસાયને પ્રોત્સાહન આપવા માટે તેના અતિ-રૂઢિચુસ્ત વલણમાં બદલાવ કરીને આ લીકર શોપ ખોલી રહી છે.

સાઉદી અરેબિયાએ 1950ના દાયકાની શરૂઆતથી શરાબ પર પ્રતિબંધ મૂક્યો છે. સાઉદી અરેબિયાના સ્થાપક અને તત્કાલિન રાજા અબ્દુલ અઝીઝે 1951ની એક ઘટના બાદ શરાબનું વેચાણ અટકાવી દીધું હતું, જેમાં તેમના એક પુત્ર, પ્રિન્સ મિશારીએ નશામાં ધૂત થઈને જેદ્દાહમાં બ્રિટિશ વાઈસ કોન્સુલ સિરિલ ઉસ્માનને મારવા માટે બંદૂકનો ઉપયોગ કર્યો હતો.

# અયોધ્યામાં જમીન ધારકોને રામજી ફળ્યા, પ્રોપર્ટીના ભાવ આસમાને

■ રામનગરીમાં રહેણાંક મિલકતોની શોધમાં 6.25 ગણો વધારો થયો : મેજિકબ્રિક્સ

ગુજરાત | વંદન

અયોધ્યામાં શ્રી રામના આગમન બાદ પ્રોપર્ટીમાં જોરદાર તેજી આવી છે. માત્ર ત્રણ મહિનામાં જ પ્રોપર્ટીના ભાવમાં 179 ટકાનો વધારો જોવા મળ્યો છે. મેજિકબ્રિક્સના અહેવાલ પ્રમાણે, અયોધ્યા હવે હોટ-સ્પેસ બની ગયું છે, જ્યાં મોટા લોકો પણ રોકાણ કરવા આતુર છે. હાલમાં જ એવા સમાચાર પણ આવ્યા છે કે, બોલિવૂડના શહેનશાહ અમિતાભ બચ્ચને પણ અયોધ્યામાં એક પ્લોટ ખરીદ્યો છે.

ઓનલાઈન પ્રોપર્ટી-સંબંધિત પોર્ટલ મેજિકબ્રિક્સનું સંશોધન કહે છે કે, ઓક્ટોબર 2023માં અયોધ્યામાં આ જ જગ્યાનો દર પ્રતિ ચોરસ ફૂટ રૂપિયા 3,174 હતો, જાન્યુઆરી 2024માં એ જ જગ્યાનો ભાવ પ્રતિ ચોરસ ફૂટ રૂપિયા 8,877 થઈ ગયો છે. પોર્ટલે પણ મનીકંટ્રોલને પોતાનું નિવેદન આપીને તેની પુષ્ટિ કરી છે. જો તે મુજબ જોવામાં આવે તો 10 લાખ રૂપિયાની પ્રોપર્ટીનો દર વધીને 28 લાખ રૂપિયાની આસપાસ થઈ ગયો છે.

મેજિકબ્રિક્સે દાવો કર્યો છે કે, આ સાથે અયોધ્યામાં રહેણાંક મિલકતોની શોધમાં 6.25 ગણો વધારો થયો છે. અયોધ્યાના સ્થાનિક રિયલ એસ્ટેટ બ્રોકર અમિત સિંહે જણાવ્યું હતું કે, છેલ્લા 5-6 વર્ષમાં શહેરમાં સર્કલ રેટમાં કોઈ ફેરફાર થયો નથી, પરંતુ બજારના દરો ખૂબ ઊંચા છે, જેના કારણે ભાવમાં તફાવત જોવા મળે છે. તેમણે કહ્યું કે, "શહેરના કેટલાક વિસ્તારોમાં કિંમતો હવે પહોંચની બહાર છે, ખાસ કરીને સ્થાનિકો માટે."

સિંહે કહ્યું કે, "રામ મંદિરના ઉદ્ઘાટન અને શહેરમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસને કારણે છેલ્લા છ મહિનામાં મિલકતની કિંમતોમાં સૌથી વધુ વધારો થયો છે. આ તકનો લાભ લેવા માટે દેશભરના અન્ય જિલ્લાઓ અને પ્રદેશોમાંથી ઘણા ખરીદદારોએ અહીં ઊંચા ભાવે પ્રોપર્ટી ખરીદી છે, જેણે રિયલ એસ્ટેટ માર્કેટમાં પરિવર્તન લાવ્યું છે."

સ્થાનિક બ્રોકર્સે કહ્યું કે- મિલકતમાં મોટા ભાગનું રોકાણ જમીનમાં કરવામાં આવે છે અને શહેરમાં મિલકતો સિવાય, ફૈઝાબાદ રોડ, દેવકાલી, ચૌદહ કોસી પરિક્રમા, રિંગ રોડ, નયાઘાટ અને લખનૌની સાથેના વિસ્તારો જેવા ઘણા વિસ્તારોમાં મજબૂત માંગ છે. ગોરખપુર હાઈવે પર નજર રાખવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે, આ વિસ્તારો રામ મંદિરની 6 થી 20 કિલોમીટરની ત્રિજ્યામાં આવેલા છે અને તેથી તેમાં રોકાણકારોનો રસ વધ્યો છે.

# ગાઝામાં નરસંહાર રોકવા ઈન્ટરનેશનલ કોર્ટે ઈઝરાયલને આપ્યો એક મહિનાનો સમય

■ ઈઝરાયલ પર ગાઝામાં નરસંહારનો આરોપ લગાવવા સંબંધી કેસ ફગાવવા કોર્ટનો ઈન્કાર

ગુજરાત | વંદન

ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ દરમિયાન સંયુક્ત રાષ્ટ્રની ઈન્ટરનેશનલ કોર્ટ (ICJ) એ એક મહત્વપૂર્ણ આદેશ આપ્યો છે. વર્લ્ડ કોર્ટે ઈઝરાયલને કહ્યું છે કે, તેઓ ગાઝાપટ્ટીમાં ઈઝરાયલના હુમલામાં થયેલા મોત અને નુકસાનનો હવાલો આપે અને કોઈપણ પ્રકારની ગંભીર ઈજા કે નુકસાનને રોકે.

કોર્ટે પોતાના આદેશમાં કહ્યું કે, ઈઝરાયલ એ નક્કી કરે કે તેમની સેના ગાઝામાં નરસંહાર નહીં કરે અને ત્યાં માનવીય સ્થિતિમાં સુધારવાદી પગલા ભરે. તેની સાથે કોર્ટે ઈઝરાયલને આ મામલે એક મહિનામાં રિપોર્ટ આપવા કહ્યું છે.




સંયુક્ત રાષ્ટ્રની ઈન્ટરનેશનલ કોર્ટે ઈઝરાયલને ગાઝામાં નરસંહાર રોકવા અને આવી ગતિવિધિઓ ભડકાવનારાઓને સજા આપવા માટે કહ્યું છે. આ વાતની માહિતી રૉયટર્સે આપી છે. જોકે, APના રિપોર્ટ અનુસાર, સંયુક્ત રાષ્ટ્રની ઉચ્ચ કોર્ટે ગાઝામાં યુદ્ધ વિરામનો આદેશ આપવાનો ઈનકાર કરી દીધો પરંતુ ઈઝરાયલને જાનમાલના નુકસાનને રોકવા માટે પ્રયાસ કરવા કહ્યું છે.

સંયુક્ત રાષ્ટ્રની ઉચ્ચ કોર્ટનું કહેવું છે કે, તેઓ ઈઝરાયલ પર ગાઝામાં નરસંહારનો આરોપ લગાવવા સંબંધી કેસને ફગાવશે નહીં. આફ્રિકા ઈઝરાયલ પર ગાઝાપટ્ટીમાં નરસંહારનો આરોપ લગાવતા સંયુક્ત રાષ્ટ્રની ઉચ્ચ કોર્ટ સમક્ષ પહોંચ્યું હતું. આ અરજી પર સુનાવણી કરતા પોતાના નિર્ણયમાં આ આદેશ આપ્યો છે. દક્ષિણ આફ્રિકાએ કોર્ટને કોર્ટને અપીલ કરી હી કે તેઓ જલ્દીથી જલ્દી ઈઝરાયલના સૈન્ય અભિયાનોને રોકવાનો આદેશ આપે.

# હાલમાં રામ મંદિરની મુલાકાત ન લેવા મંત્રીઓને વડાપ્રધાનની તાકીદ

■ કેન્દ્રીય મંત્રીઓએ માર્ચમાં અયોધ્યાની મુલાકાતનું આયોજન કરવું જોઈએ:મોદી

ગુજરાત | વંદન

અયોધ્યામાં રામ મંદિર મહોત્સવ બાદ નવી દિલ્હી ખાતે મળેલી કેબિનેટમાં એક પ્રસ્તાવ પસાર કરીને રામ મંદિર નિર્માણ બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ અભિનંદન આપવામાં આવ્યા હતા દરમિયાન કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં વડાપ્રધાન મોદીએ તેમના તમામ કેબિનેટ સાથીદારોને હાલમાં અયોધ્યા રામ મંદિરની મુલાકાત લેવાથી દૂર રહેવાની સલાહ આપી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પીએમે સૂચન કર્યું હતું કે, ભારે ભીડ અને VIPsને કારણે લોકોને અસુવિધા ન થાય તે માટે કેન્દ્રીય મંત્રીઓએ માર્ચમાં અયોધ્યાની તેમની મુલાકાતનું આયોજન કરવું જોઈએ. કેબિનેટ બેઠક દરમિયાન રામ મંદિર પર ચર્ચા દરમિયાન પીએમ મોદી પણ ભાવુક થઈ ગયા હતા.



અગાઉ કેન્દ્રીય કેબિનેટે અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સમારોહની સફળતાપૂર્વક પૂર્ણ થવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અભિનંદન આપતો ઠરાવ પસાર કર્યો હતો. કેબિનેટે કહ્યું કે, તેમણે (મોદી) લોકોનું વર્ષો જૂનું સપનું પૂરું કર્યું છે. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે પત્રકારોને જણાવ્યું કે, અહીં કેબિનેટની બેઠક થતાં જ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સહયોગી મંત્રીઓ વતી પ્રસ્તાવ રજૂ કર્યો અને કહ્યું કે કેબિનેટ બેઠક ઐતિહાસિક છે.

તેમણે કહ્યું કે, ભારતમાં કેબિનેટ સિસ્ટમ અસ્તિત્વમાં આવી ત્યારથી ઘણા ઐતિહાસિક કામો થયા છે, પરંતુ આવી તક ક્યારેય આવી નથી. કારણ કે વડાપ્રધાન મોદી દ્વારા કરવામાં આવેલું કામ ઈતિહાસમાં અનન્ય છે. વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં સોમવારે યોજાયેલા એક કાર્યક્રમમાં અયોધ્યામાં નવનિર્મિત રામ જન્મભૂમિ મંદિરના ગર્ભગૃહમાં શ્રી રામલલ્લાની નવી મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. અનુરાગ ઠાકુરે રાજનાથ સિંહને ટાંકીને કહ્યુ કે, 'દેશને 1947માં આઝાદી મળી હતી પરંતુ તેના આત્માની પ્રાણ પ્રતિષ્ઠા 22 જાન્યુઆરી, 2024ના રોજ થઈ હતી.'

# બાલક રામના દર્શન-આરતીનું ટાઈમ ટેબલ જાહેર કરાયું

■ શ્રૃંગાર આરતી સવારે 4:30 વાગે,.મંગળા આરતી સવારે 6.30 વાગે થશે

ગુજરાત | વંદન

અયોધ્યા શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ દ્વારા રામ મંદિરમાં ભગવાન રામની આરતી તેમજ દર્શન કરવાના સમય વિશે માહિતી આપવામાં આવી છે. રામલલાની મુર્તિની પ્રાણ પ્રતિષ્ઠા થયા પછી સતત ભક્તોની ભારે ભીડમાં વધારો થતા ટ્રસ્ટે આરતી અને દર્શન માટે સમયની યાદી બહાર પાડી છે.

જેમાં ભગવાન રામની શ્રૃંગાર આરતીથી લઈને શયન આરતી સુધીની દરેક બાબતે સંપૂર્ણ માહિતી જાહેર કરવામાં આવી છે. શ્રીરામની શ્રૃંગાર આરતી સવારે 4:30 કલાકે કરવામાં આવશે.

આ બાબતે વધુ માહિતી આપતાં વિશ્વ હિન્દુ પરિષદના પ્રાંતીય પ્રવક્તા અને મીડિયા પ્રભારી શરદ શર્માએ જણાવ્યું હતું કે, શ્રી રામ



લલ્લાની શ્રૃંગાર આરતી સવારે 4.30 વાગ્યે કરવામાં આવશે તેમજ મંગળા આરતી સવારે 6.30 વાગ્યે કરવામાં આવશે.

ત્યાર બાદ ભક્તો સાત વાગ્યાથી દર્શન કરી શકશે. આ ઉપરાંત તેમણે કહ્યું કે, ભગવાન રામની ભોગ આરતી બપોરે 12 વાગ્યે કરવામાં આવશે તેમજ સાંજની આરતી સાંજે 7.30 કલાકે, ભોગ આરતી રાત્રે 8 કલાકે અને શયન આરતી રાત્રે 10 કલાકે કરવામાં આવશે.

# માલદીવની બેવડી રમત- ભારતને પ્રજાસત્તાક દિવસની શુભેચ્છા પાઠવી

■ એક બાજુ ચીનને આવકાર બીજી બાજુ ભારત સાથે જુની દોસ્તીનો ઉલ્લેખ

ગુજરાત | વંદન

માલદીવના રાષ્ટ્રપતિ કાર્યાલય તરફથી ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પ્રજાસત્તાક દિવસની શુભેચ્છા પાઠવી હતી અને માલદીવ અને ભારતની મિત્રતા સદીઓ જૂની છે. બંને દેશ વચ્ચેના સંબંધો અને પરસ્પર સન્માન પર ભાર મૂક્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તમિલનાડુ, કેરળ અને લક્ષદ્વીપના પ્રવાસે ગયા હતા. આ દરમિયાન તેમણે લક્ષદ્વીપના દરિયાકિનારાની મુલાકાત લીધી હતી. વડાપ્રધાન મોદીએ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર લક્ષદ્વીપ પ્રવાસના સુંદર વીડિયો અને તસવીરો શેર કર્યા હતા. આ પ્રવાસ બાદ માલદીવ સરકારનું ટેન્શન વધી ગયું હતું.



છેલ્લા કેટલાક સમયથી ભારત અને માલદીવ વચ્ચે વિવાદો ચાલી રહ્યા છે. પરંતુ આ તણાવ વચ્ચે માલદીવના પ્રમુખ મોહમ્મદ મુઈજ્જુએ બંને દેશોના સંબંધોના વખાણ કર્યા છે. તો બીજી તરફ ચીનના જાસુસી જહાજને પોતાની હતમાં પ્રેશવાની મંજૂરી પણ આપીને બેવડી રમત રમી રહ્યાં છે.


ઉલ્લેખનીય છે કે, મોહમ્મદ મોઈજ્જૂની સરકાર બન્યા પહેલા ભારત અને માલદીવ વચ્ચે ગાઢ સંબંધો હતા. ત્યાં ચીન સમર્થિત સરકાર સત્તા પર આવતા જ ભારત સાથેના સંબંધો બગડ્યા અને હવે તેમના મંત્રીઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લક્ષદ્વીપ મુલાકાત પર વિવાદાસ્પદ ટિપ્પણી કરી આગમાં ઘી નાંખવાનું કામ કર્યું છે. હાલ માલદીવ અર્થતંત્રની સ્થિતિ 'કાલા પાણીની સજા' જેવી છે. હાલની મોઈજ્જૂ સરકાર બે બાજુથી ફસાઈ છે. જો તે ભારત સાથે સંબંધ બગાડે તો ભૂખે મરવા જેવી સ્થિતિ સર્જાય અને ચીન સાથે બગાડે તો કંગાળ થઈ જાય.

# ગણતંત્ર દિવસઃ બોલીવુડની ફિલ્મોની સફળતાનો આધાર

દિવાળી, ઈદ અને ક્રિસમસની જેમ હવે પ્રજાસત્તાક દિને પણ ફિલ્મો રિલીઝ કરવાની સ્પર્ધા છે. કારણ સમજની બહાર છે. પ્રજાસત્તાક દિવસ એક રાષ્ટ્રીય તહેવાર છે, ત્યાં માત્ર એક દિવસની રજા હોય છે અને તે દિવસે પણ લોકો આ તહેવારને લગતા પરેડ અને અન્ય કાર્યક્રમો જોવાનું કે તેમાં ભાગ લેવાનું અથવા દેશભક્તિ સાથે જોડાયેલી કોઈ જૂની ફિલ્મ જોવાનું પસંદ કરે છે. આ ગણતંત્ર દિવસના અવસર પર ઘણી ફિલ્મો પણ રિલીઝ થશે, જેમ કે સિદ્ધાર્થ આનંદ દ્વારા નિર્દેશિત ફિલ્મ 'ફાઈટર' 25 જાન્યુઆરીએ રિલીઝ થશે. આ એક્શન ફિલ્મમાં હૃતિક રોશન, દીપિકા પાદુકોણ અને અનિલ કપૂર મુખ્ય ભૂમિકામાં છે, જેઓ દેશ માટે સાથે મળીને લડે છે. આ દર્શાવે છે કે નિર્માતા પ્રજાસત્તાક દિવસે નાગરિકોમાં જાગેલી દેશભક્તિની લાગણીનો લાભ ઉઠાવવાનો પ્રયાસ કરે છે.


## દેશભક્તિ સાથે જોડાયેલી વાર્તા....


### એરલિફ્ટ




ભૂતકાળમાં પણ, નિર્માતાઓએ પ્રજાસત્તાક દિવસની આસપાસ તેમની ફિલ્મો રજૂ કરી છે, ખાસ કરીને તેમના મૂળમાં દેશભક્તિ ધરાવતી ફિલ્મો, અને તે બોક્સ ઓફિસ પર હિટ પણ રહી છે. પ્રજાસત્તાક દિવસ 2016 પર રિલીઝ થયેલી 'એરલિફ્ટ' 1991માં ગલ્ફ વોર દરમિયાન અત્યાર સુધીની સૌથી મોટી માનવ સ્થળાંતર પર આધારિત હતી. રાજા કૃષ્ણ મેનન દ્વારા નિર્દેશિત આ ફિલ્મે સારો બિઝનેસ કર્યો હતો. અક્ષય કુમારે આ ફિલ્મમાં તેની કારકિર્દીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન આપ્યું છે અને નિમરત કૌરનો અભિનય પણ વખાણવા લાયક હતો. 2014માં ગણતંત્ર દિવસ પર રિલીઝ થયેલી સલમાન ખાનની ફિલ્મ 'જય હો' પણ દેશભક્તિ સાથે જોડાયેલી હતી. આ ફિલ્મ ચોક્કસપણે 100 કરોડ ક્લબમાં સામેલ થઈ ગઈ છે. અને આ ગણતંત્ર દિવસ પહેલા 5મીએ ફાઇટર ફિલ્મ રજૂ થઇ રહી છે.

### રંગ દે બસંતી'ની સફળતા





સલમાન ખાનની ફિલ્મ 'વીર' પણ 2010ના ગણતંત્ર દિવસ પર રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં એક ભારતીય પિંડારી આદિજાતિ બ્રિટિશ શાસકોને લોહિયાળ યુદ્ધમાં પડકારે છે. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર નિરાશ કર્યા હતા. પરંતુ 2006ના પ્રજાસત્તાક દિવસે રિલીઝ થયેલી દેશભક્તિની ફિલ્મ 'રંગ દે બસંતી' આજે પણ તેના સંપ્રદાયના દરજ્જાને કારણે યાદગાર છે. આમિર ખાનની ફિલ્મ મિત્રતા વિશે અને સ્વતંત્રતા ચળવળથી પ્રેરિત, પોતાની માન્યતાઓ અને સાચું શું છે તે અંગેની હતી.

### ફાઈટર



2011ના ગણતંત્ર દિવસ પર રિલીઝ થયેલી મધુર ભંડારકરની કોમેડી ડ્રામા 'દિલ તો બચ્ચા હૈ જી'એ બધાને ચોંકાવી દીધા હતા. અજય દેવગન અને ઈમરાન હાશમી લીડ રોલમાં હતા. ફિલ્મે મલ્ટિપ્લેક્સમાં સારો બિઝનેસ કર્યો હતો. આ વિવરણ પરથી સહેલાઈથી અનુમાન લગાવી શકાય છે કે પ્રજાસત્તાક દિન નિમિત્તે ફિલ્મ રિલીઝ કરવી એ સફળતાની ગેરંટી નથી, પછી ભલે તે ફિલ્મ દેશભક્તિથી પ્રેરિત હોય કે અન્ય કોઈ વિષય સાથે સંબંધિત હોય.

## પ્રેમ કથા પ્રજાસત્તાક દિવસે રિલીઝ થઈ




એવું નથી કે પ્રજાસત્તાક દિવસના અવસર પર માત્ર દેશભક્તિ સાથે જોડાયેલી ફિલ્મો જ રિલીઝ કરવામાં આવી છે. વાસ્તવમાં આ અવસર પર દરેક પ્રકારની ફિલ્મો જોવા મળી છે. ઉદાહરણ તરીકે, 2017માં, 26 જાન્યુઆરીએ થિયેટરોમાં એક સાથે બે મોટી ફિલ્મો રજૂ કરવામાં આવી હતી. એક હતી શાહરૂખ ખાનની 'રઈસ' જે ગુજરાતમાં દારૂની હેરાફેરી પર આધારિત હતી. બીજી રિતિક રોશનની 'કાબિલ' હતી જે એક સાદી લવ સ્ટોરી હતી. પરંતુ આ બંને ફિલ્મો બોક્સ ઓફિસ પર કંઈ ખાસ કમાલ ન કરી શકી. એ જ રીતે 2015માં ગણતંત્ર દિવસના અવસર પર રિલીઝ થયેલી અક્ષય કુમારની ફિલ્મ 'બેબી' પણ બોક્સ ઓફિસ પર ખાસ કમાલ કરી શકી ન હતી.

### 'અગ્નિપથ' રિલીઝ







2008માં રિલીઝ થયેલી અત્યંત સફળ 'રેસ'ની સિક્વલ 'રેસ 2' 26 જાન્યુઆરી 2013ના રોજ રિલીઝ થઈ હતી. અબ્બાસ મસ્તાન દ્વારા નિર્દેશિત સૈફ અલી ખાન અને અનિલ કપૂરની આ ફિલ્મ 100 કરોડની ક્લબમાં સામેલ થઈ ગઈ છે.

કરણ જોહરે તેના પિતા યશ જોહરની 1990 ની ફિલ્મ અગ્નિપથને આ જ નામથી રીમેક કરી અને અમિતાભ બચ્ચનને હૃતિક રોશનની જગ્યાએ વિજય દીનાનાથ ચૌહાણની ભૂમિકામાં લીધો. તે 2012 માં પ્રજાસત્તાક દિવસે રજૂ કરવામાં આવી હતી અને આ એક્શન ડ્રામા કેશ કાઉન્ટર પર ચાલ્યો હતો.

## એકપણ ભારતીય ફિલ્મ આ વખતે ઓસ્કાર એવોર્ડ માટે નોમીનેટ લિસ્ટમાં નથી

■ ફિલ્મો સાથે જોડાયેલ દુનિયામાં દરેક વ્યક્તિ માટેના સૌથી લોકપ્રિય એવોર્ડ એટલે ઓસ્કાર એવોર્ડ. આ એવોર્ડ 10 માર્ચે અમેરિકાના લોસએન્જલસ ખાતે ઝાકમઝોળ રીતે યોજાશે. આ વર્ષે પણ ઈવેન્ટ જિમી કિમેલ હોસ્ટ કરશે.

■ આ એવોર્ડ માટે નોમીનેશનની જાહેરાત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે કોઈ પણ ભારતીય ફિલ્મ આ વખતે ઓસ્કાર એવોર્ડ સમારોહ માટે નોમીનેટ નથી થઈ.




■ ૯૬માં ઓસ્કાર માટે નોમિનેશન સેરેમની શરૂ થઈ ગઈ છે. આવી સ્થિતિમાં, હોસ્ટ જેઝી બીટ્ઝ અને જેક ક્વેડે નામાંકનની જાહેરાત કરી છે. જ્યાં ફિલ્મ Oppenheimer ને 13 નોમિનેશન મળ્યા છે. ફિલ્મ પુઅર થિંગ્સને 11 નોમિનેશન મળ્યા હતા. ડ્રામા કિલર્સ ઓફ ધ ફ્લાવર મૂનને 10 અને બાર્બીને 8 નોમિનેશન મળ્યા છે. આ વખતે ઓસ્કાર એવોર્ડ માટે ભારતની કોઈ ફિલ્મ શોર્ટલિસ્ટ થઈ નથી.

■ શ્રેષ્ઠ ફિલ્મોમાં 10 ફિલ્મો આ કેટેગરીમાં નામાંકિત કરવામાં આવી છે જેમાં છે ઓપનહેઈમર, બાર્બી, કિલર્સ ઓફ ધ ફ્લાવર મૂન, પુઅર થિંગ્સ, ધ હોલ્ડ ઓવર્સ, એનાટોમી ઓફ અ ફોલ, મેસ્ટ્રો, ધ જ્હોન ઓફ ઈન્ટરેસ્ટ પાસ્ટ લાઈવ્સ અને અમેરિકન ફિક્શન.

■ શ્રેષ્ઠ દિગ્દર્શક શ્રેણીમાં5 દિગ્દર્શકોના નામ છે જેમ કે ક્રિસ્ટોફર નોલન - ઓપેનહેઈમર, માર્ટિન સ્કોર્સીસ - કિલર્સ ઓફ ધ ફ્લાવર મૂન, જસ્ટિન ટ્રિટ - એનાટોમી ઓફ અ ફોલ, યોર્ગોસ લેન્થિમોસ - પુઅર થિંગ્સ અને જોનાથન ગ્લેઝર - ધ જ્હોન ઓફ ઈન્ટરેસ્ટ

■ શ્રેષ્ઠ અભિનેત્રી કેટેગરીમાં 5 અભિનેત્રીઓ છે જેમાં લિલી ગ્લેડસ્ટોન - કિલર્સ ઓફ ધ ફ્લાવર મૂન, એમ્મા સ્ટોન - પુઅર થિંગ્સ, એન્નેટ બેનિંગ - નાયદ, સાન્દ્રા હુલર - એનાટોમી ઓફ અ ફોલ કેરી મુલિગન - મેસ્ટ્રો નો સમાવેશ થાય છે.

■ બેસ્ટ એક્ટર કેટેગરીમાં 5 કલાકારોના નામ છે જેમ કે સિલિયન મર્ફી - ઓપેનહેઈમર, બ્રેડલી કૂપર - માસ્ટ્રો, જેફરી રાઈટ - અમેરિકન ફિક્શન, કોલમેન ડોમિંગો - રસ્ટિન,


■ પોલ ગિયામાટી - ધ હોલ્ડઓવર ના નામના સમાવેશ થાય છે.

■ બેસ્ટ ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મ કેટેગરીમાં 5 દેશોની પ્રખ્યાત ફિલ્મોના નામ સામેલ છેઃ લો કેપિટાનો - ઈટાલી, સોસાયટી ઓફ ધ સ્નો - સ્પેન, પરફેક્ટ ડે - જાપાન, ધ ટીચર્સ લાઉન્જ - જર્મની, ધ જોન ઓફ ઈન્ટરેસ્ટ - યુ.કે. ઓપેનહેઈમર ફિલ્મમાં સહાયક ભૂમિકા ભજવનાર અભિનેતા રોબર્ટ ડાઉનીનું નામ ઓસ્કાર એવોર્ડ 2024 માટે શ્રેષ્ઠ સહાયક અભિનેતાની યાદીમાં સામેલ છે. તે બાર્બી ફિલ્મ અભિનેતા રેયાન ગોસલિંગ જેવા અન્ય ત્રણ કલાકારોનો સામનો કરશે.

■ એકેડેમી ઓફ મોશન પિક્ચર આર્ટસ એન્ડ સાયન્સની ઓફિશિયલ યુટ્યુબ ચેનલ પર ઓસ્કાર નોમિનેશનની લાઈવ જાહેરાત કરવામાં આવી હતી.

## ગુજરાતમાં પ્રથમ વાર જામશે ફિલ્મી સિતારાઓનો મેળો...



### ગાંધીનગરના ગિફ્ટસીટીમાં 28મીએ ફિલ્મફેર એવોર્ડ સમારોહ યોજાશે

69મા ફિલ્મફેર આ વખતે માયાનગરી મુંબઈને બદલે ગાંધીનગર ગિફ્ટ સીટીની પસંદગી કરવામાં આવી છે. જ્યાં મદિરાપાનની શરતોને આધિન છૂટછાટ આપવામાં આવી છે એ ગિફટસીટીમાં ફિલ્મફેર એવોર્ડ શો યોજશે, જેમાં બોલીવુડના જાણીતા કલાકારો- કસબીઓમાં મેળાવડો જામશે. બોલીવુડની બધી હસ્તીઓ એવોર્ડ શોમાં ભાગ લેવા માટે ગુજરાત પહોંચશે.

બોલિવુડના ફેમસ ફિલ્મ મેકર કરણ જોહર, એકટર આયુષ્યમાન ખુરાના અને મનીષ પોલ આ રંગારંગ સમારોહનું હોસ્ટ કરશે. 69મા હ્યુન્ડાઈ ફિલ્મફેર 2024 એવોર્ડસનું આયોજન 28મી જાન્યુઆરીએ સાંજે ગાંધીનગરના ગિફ્ટ સીટીમાં થશે. આ તકે બોલીવુડમાં અનેક ફેમસ સ્ટાર્સ પર્ફોર્મ પણ કરશે. શો દરમિયાન ફેમસ એકટર્સ રણબીરકપુર, વરુણ ધવન, કરીના કપુર, જાહનવી કપુર, સારા અલી ખાન અને કાર્તિક આર્યન દમદાર પર્ફોમન્સ રજુ કરશે.

સમારોહની શરુઆત એક દિવસ પહેલા સુંદર સાંજથી થશે જેને એક્ટ્રેસ કરીશ્મા તન્ના અને અપારશક્તિ ખુરાના હોસ્ટ કરશે.

## વિદ્યા બાલનનું ફેક ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બન્યું, રિપોર્ટ કરવા અપીલ



વિદ્યા બાલને તાજેતરમાં પોતાના નામે ફેક ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બન્યું હોવાનો ખુલાસો કર્યો છે. પોતાના નામનો દુરુપયોગ કરીને બનેલા આ એકાઉન્ટને ફોલો નહીં કરવા વિદ્યાએ અપીલ કરી છે. આ સાથે એકાઉન્ટને બ્લોક અને રિપોર્ટ કરવા ફેન્સને જણાવ્યું છે. વિદ્યા બાલને ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં આ અંગે વાત કરતા જણાવ્યુ હતું કે, અગાઉ ફોન નંબર હતો અને હવે લોકો આ એકાઉન્ટનો ઉપયોગ કરીને મારું નામ વટાવવા માગે છે. મેં અને મારી ટીમે આ એકાઉન્ટ સામે રિપોર્ટ કર્યો છે, પરંતુ તમે પણ રિપોર્ટ કરશો તો અમારી મોટી મદદ થશે.

ફેક ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ બનાવનારાએ વિદ્યા બાલન તરીકે ઓળખ આપી અનેક મિત્રો અને પરિચિતોનો સંપર્ક કર્યો હતો. આવા બનાવટી એકાઉન્ટ કે ઓળખ આપનારા લોકોથી સાવચેત રહેવા વિદ્યાએ અપીલ કરી હતી. સોશિયલ મીડિયા પર એક્ટિવ રહીને ચર્ચામાં રહેનારા બોલિવૂડ સ્ટાર્સમાં વિદ્યાનો સમાવેશ થાય છે.

## ઇમરજન્સી લાગૂ કરવાની તારીખ પહેલા રજૂ થશે કંગનાની 'ઇમરજન્સી' ફિલ્મ

કંગના રનૌત 14 જૂન, 2024 ના રોજ પોલિટિકલ ડ્રામા 'ઈમરજન્સી'માં ભારતના સૌથી અંધકારમય સમયની વાર્તાને અનલૉક કરવા માટે તૈયાર છે. ચાર વખત રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા અને વિવેચકો દ્વારા વખાણાયેલી અભિનેત્રી કંગના રનૌત તેના ખૂબ જ અપેક્ષિત આગામી સમયગાળાના રાજકીય નાટક 'ઈમર્જન્સી'માં ફરીથી પ્રેક્ષકોને જીતવા માટે કમર કસી રહી છે, જેમાં તે પૂર્વ વડા પ્રધાન ઈન્દિરા ગાંધીની ભૂમિકામાં જોવા મળશે. નોંધનીય છે કે ઈન્દિરાએ 25 જૂનના રોજ ઈમરજન્સી લાગૂ કરી હતી.



ઝી સ્ટુડિયો અને મણિકર્ણિકા ફિલ્મ્સ દ્વારા સમર્થિત, 'ઈમર્જન્સી' એ ભારતીય લોકશાહીના ઈતિહાસમાં સૌથી વિવાદાસ્પદ સમયગાળાને ફિલ્મી પડદે ચમકાવવામાં આવી રહ્યું છે.ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધી આ તમામ સમયના સૌથી સનસનાટીભર્યા નેતાઓમાંના એક છે.ભવ્ય વિશ્વવ્યાપી રિલીઝ માટે નિર્ધારિત, 'ઈમર્જન્સી' 14 જૂન, 2024 ના રોજ સ્ક્રીન પર આવવાની છે. કંગના રનૌત દ્વારા લખાયેલ, દિગ્દર્શિત અને નિર્મિત, અભિનેત્રી દ્વારા સોશિયલ મીડિયા પર એક પોસ્ટર દ્વારા ફિલ્મની રિલીઝ તારીખની જાહેરાત કરવામાં આવી હતી કંગના રનૌતે ફિલ્મ પર પોતાના વિચારો શેર કરતા કહ્યું, "ઈમર્જન્સી એ મારો સૌથી મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે અને મણિકર્ણિકા પછીનો બીજો દિગ્દર્શન છે, અમારી પાસે આ મોટા બજેટ, ગ્રાન્ડ પીરિયડ ડ્રામા માટે શ્રેષ્ઠ ભારતીય અને આંતરરાષ્ટ્રીય પ્રતિભાઓ સાથે છે."

## અક્ષય અને ટાઈગરની 'બડે મિયાં છોટે મિયાં'માં માનુષીનો લીડ રોલ



અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફની બિગ બજેટ એક્શન એન્ટરટેઈનર 'બડે મિયાં છોટે મિયાં'નું શૂટિંગ પૂરજોશમાં ચાલી રહ્યું છે. શૂટિંગ માટે ફિલ્મની ટીમ સાથે અક્ષય કુમાર પણ જોર્ડનમાં હોવાથી અયોધ્યામાં શ્રી રામમંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજરી આપી ન હતી. અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફની આ ફિલ્મમાં લીડ એક્ટ્રેસ આખરે જાહેર થઈ છે. માનુષી છિલ્લરે જોર્ડનમાં અક્ષય-ટાઈગરની સાથે ફિલ્મનું શૂટિંગ શરૂ કરી દીધું છે.

અલી અબ્બાસ ઝફરના ડાયરેક્શનમાં બની રહેલી આ ફિલ્મના પ્રમોશન માટે પોસ્ટર અગાઉ શેર થયેલા છે. જો કે તે સમયે માનુષીના લીડ રોલ અંગે વાત થઈ ન હતી. અક્ષય અને ટાઈગર બંનેને એક હિટ ફિલ્મની જરૂર છે અને તેઓ મસાલા હિન્દી ફિલ્મની અક્સીર ફોર્મ્યુલા અનુસાર 'બડે મિયાં છોટે મિયાં' બનાવવામાં આવશે. આ ફિલ્મનું ટીઝર 24 જાન્યુઆરીએ રિલીઝ થવાનું છે અને ફિલ્મને ઈદના પ્રસંગે એપ્રિલ મહિનામાં રિલીઝ કરવાનો પ્લાન છે.

### અક્ષય કુમાર અને માનુષી છિલ્લરે અગાઉ 'સમ્રાટ પૃથ્વીરાજ'માં સાથે કામ કર્યું હતું

ફિલ્મમાં માનુષીએ હેકરનો રોલ કર્યો હોવાનું કહેવાય છે. માનુષી બીજી ફેબ્રુઆરી સુધી જોર્ડનમાં છે અને અહીંયા ફિલ્મના ત્રણ લાંબા સીક્વન્સ શૂટ થવાના છે. 20 જાન્યુઆરીએ ડાયરેક્ટર અલી અબ્બાસ, પ્રોડ્યુસર જેકી ભગનાની, ટાઈગર શ્રોફ, અલાયા એફ માનુષી છિલ્લર અને સોનક્ષી સિંહા સાથે 200 બેકગ્રાઉન્ડ ડાન્સર્સ જોર્ડન પહોંચ્યા હતા. ફિલ્મમાં સોનાક્ષી અને અલાયાના રોલ અંગે અગાઉ સ્પષ્ટતા થયેલી હતી પરંતુ માનુષીનું નામ હવે ઉમેરાયું છે. માનુષીએ અક્ષય કુમાર સાથે અગાઉ 'સમ્રાટ પૃથ્વીરાજ'માં સાથે કામ કર્યું છે. આ ફિલ્મ ખાસ ચાલી ન હતી અને બાદમાં માનુષીએ સાઉથની વાટ પકડી હતી. 16 ફેબ્રુઆરીએ તેલુગુ સ્ટાર વરુણ તેજ સાથે માનુષીની 'ઓપરેશન વેલેન્ટાઈન' રિલીઝ થવાની છે.

## 'અન્નપૂર્ણી'ના વિવાદ બાદ નયનતારાએ માફી માગી



તાજેતરમાં રિલીઝ થયેલી નયનતારાની ફિલ્મ 'અન્નપૂર્ણી'માં ધાર્મિક લાગણી દુભાવવાની સાથે લવ જેહાદને પ્રોત્સાહન આપવાના આક્ષેપ થઈ રહ્યા છે. આ મામલે વિવાદ વધતો જોઈને નેટફ્લિક્સે પોતાના પ્લેટફોર્મથી આ ફિલ્મને હટાવી લીધી છે. ઓટીટી પ્લેટફોર્મના આ નિર્ણય બાદ નયનતારાએ વિવાદ રોકવા માટે માફી માગી છે અને ધાર્મિક લાગણી દુભવવાનો કોઈ ઈરાદો ન હોવાની સ્પષ્ટતા કરી છે. નયનતારાની ફિલ્મ પહેલી ડિસેમ્બરે થીયેટરમાં રિલીઝ થઈ હતી. ત્યારબાદ નેટફ્લિક્સ પર તેનું સ્ટ્રીમિંગ શરૂ થયુ હતું. નયનતારાએ આ ફિલ્મમાં રૂઢિચુસ્ત હિન્દુ યુવતીનો રોલ કર્યો છે. મંદિરના પૂજારી પરિવારમાંથી આવતી નયનતારાને મુસ્લિમ યુવક સાથે પ્રેમ થાય છે અને બાદમાં બંને મેરેજ કરે છે. લગ્ન બાદ મુસ્લિમ યુવક નોનવેજ ખાવા માટે અન્નપૂર્ણી - નયનતારાને સમજાવે છે અને તેના માટે ભગવાન રામનો ઉલ્લેખ કરે છે. આ ફિલ્મમાં લવ જેહાદને પ્રોત્સાહન આપીને ધાર્મિક લાગણી દુભાવવાના આરોપ લાગ્યા હતા અને મુંબઈમાં પોલીસ ફરિયાદ પણ નોંધાઈ હતી.

# લોકસભાની 26 બેઠકોનો ચુંટણીનો ખર્ચ રૂ. 450 કરોડ થવાની શક્યતા

■ આ ખર્ચ રાજય સરકાર- ચુંટણીપંચ સંયુક્ત રીતે કરશે

ગુજરાત | વંદન




ગુજરાતમાં રાજકીય પક્ષોની સાથે રાજય સરકાર અને ખાસ કરીને વહીવટીતંત્રમાં લોકસભા ચૂંટણી તૈયારી શરૂ કરી છે અને અન્ય રાજયોની માફક ગુજરાતને પણ તેનું ચુંટણી પ્લાનર કે ચુંટણી કેલેન્ડર તૈયાર રાખવા ચુંટણીપંચે સૂચના આપી છે તે સમયે ગત બજેટમાં લોકસભા ચુંટણી માટે રૂા.159 કરોડની જે ફાળવણી કરવામાં આવી તે તેની સામે વાસ્તવિક ખર્ચ વધવાની તમામ શકયતાને ધારણા માટે તે ચુંટણી વધુ રૂા.313.59 કરોડનો ખર્ચ માટે ફાળવણી કરવા જણાવતા ગુજરાતને આ ચુંટણી રૂા.450 કરોડમાં પડશે.

આ ખર્ચ ફકત રાજય સરકાર અને ચુંટણીપંચ સંયુક્ત રીતે જે કરશે તે જ છે. જયારે રાજકીય પક્ષો અને ઉમેદવારોના ખર્ચ તેનાથી પણ અનેક ગણો વધુ હશે. તા.1થી ગુજરાતનું બજેટ સત્ર શરૂ થનાર છે અને તા.2ના રાજયનું બજેટ રજુ થશે તેમાં ચુંટણી ખર્ચ માટે વધુ ફાળવણીનો સંકેત મળી જશે. રાજય સરકાર તેના સ્ટાફને જે ચુંટણી સહિતની આ કવાયતલક્ષી કામગીરી માટે જે ફાળવે છે તેના ભથ્થા- ટ્રાન્સપોર્ટેશન ખર્ચ, બુથ સંચાલન વિ.નો છે.

ગુજરાત ચુંટણી અધિકારીને રૂા.313.59 કરોડની ફાળવણી થઈ ગઈ છે અને તેના આધારે પંચ મારફત ખર્ચ પણ શરૂ થઈ ગયા છે. પંચના અંદાજ મુજબ કુલ ખર્ચ રૂા.472.99 કરોડ સુધીનો પણ થઈ શકે છે. પંચને ચુંટણી પુર્વે એક ચોકકસ રકમ ફાળવી દેવાય છે અને બાદમાં ખરેખર ખર્ચના આધારે બાકીની રકમ ફાળવવામાં આવે છે. 2022ની ધારાસભા ચુંટણીમાં રૂા.450 કરોડનો ખર્ચ થયો હતો. આ ચુંટણીમાં તે અંદાજ મુજબ આગળ વધાઈ રહ્યું છે.

2017થી ધારાસભા ચુંટણી માટે રૂા.250 કરોડનું પ્રોવિઝન કરવામાં આવ્યું હતું અને ખરેખર ખર્ચ રૂા.326 કરોડનો થયો છે. 2022માં રૂા.175 કરોડની જોગવાઈ થઈ હતી પણ ખરેખર ખર્ચ તેના કરતા ડબલથી વધી ગયો હતો.

# બાકી મિલકતવેરાની વસૂલાત માટે ટ્રીગર ઝૂંબેશ હાથ ધરાઈ

■ શહેરના સાત ઝોનમાં બાકીદારોની કુલ મળીને ૨૦૭૮૯ મિલકતો સીલ કરાઈ

ગુજરાત | વંદન



અમદાવાદમાં બાકી મિલકતવેરાની વસૂલાત માટે ટ્રીગર ઝૂંબેશ કરાઈ હતી.એક જ દિવસમાં શહેરના સાત ઝોનમાં બાકીદારોની કુલ મળીને ૨૦૭૮૯ મિલકત મ્યુનિ. તંત્ર દ્વારા સીલ કરાઈ હતી. ઉત્તરઝોનમાં સૌથી વધુ ૬૦૨૫ મિલકત સીલ કરાઈ હતી. દિવસાંતે મિલકતો સીલ કરી સાત ઝોનમાંથી રુપિયા ૧૫.૭૮ કરોડ જેટલી માતબર રકમની વસૂલાત કરવામાં આવી હતી. ઉત્તરઝોનના અમદુપુરા વોર્ડમાં આવેલ સુમેલ-૪મા આવેલ કોમર્શિયલ ઓફિસો ઉપરાંત સુમેલ-૧૦માં આવેલી ઓફિસો તથા દુકાનો, નવા નરોડા તથા હંસપુરા વોર્ડમા આવલા જુદા જુદા કોમ્પલેકસની દુકાનો તથા ઓફિસો બાકી મિલકતવેરાની વસૂલાત માટે સીલ કરવામા આવી હતી.

બાપા સીતારામ ચોક વોર્ડમા આવેલી જુદી જુદી મિલકતો ઉપરાંત મોટા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમા પણ સીલીંગ કરવામા આવ્યુ હતુ. કુલ ૬૦૨૫ મિલકત સીલ કરી રુપિયા ૨.૮૭ કરોડની રકમ બાકી મિલકતવેરા પેટે વસૂલ કરાઈ હતી. પૂર્વઝોનના વિવિધ વોર્ડ વિસ્તારમાં કુલ મળીને ૩૮૫૪ મિલકત બાકી વેરાની વસૂલાત કરવા માટે સીલ કરાઈ હતી.જે સામે રુપિયા ૩.૨૦ કરોડની આવક થવા પામી હતી.

મ્યુનિ.ના વિવિધ વિભાગની કુલ ૨૦ ટીમ આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરની આગેવાનીમા પેવેલીયન મોલ,નિકોલ, દુર્ગા એસ્ટેટ,રખિયાલ, ગ્લોબલ બિઝનેસ પાર્ક, ઓઢવ સહિતના અન્ય વિસ્તારમાં કાર્યરત કરાઈ હતી.દક્ષિણ-પશ્ચિમ ઝોનના જોધપુર, એસ.જી.હાઈવે, આંબલી રોડ, આનંદનગર-૧૦૦ ફૂટના રોડ સહિત મકતમપુરા અને સરખેજ સહિતના અન્ય વિસ્તારમા બાકીદારોની ૨૫૧૫ મિલકત સીલ

...અનુસંધાન પેજ નં. 6 પર

# અમદાવાદ : પોલીસ કર્મીએ કર્યો અકસ્માત, કારમાંથી દારૂની બોટલ મળી આવી



■ અકસ્માત સર્જાયા પછી કોન્સ્ટેબલ રોફ જમાવતો હોવાનું પણ સામે આવ્યું હતું

ગુજરાત | વંદન

અમદાવાદમાં નવરંગપુરામાં સ્વસ્તિક ચાર રસ્તા નજીક અકસ્માતની ઘટના સામે આવી છે. મળતા અહેવાલ પ્રમાણે સ્પીડમાં કાર ચલાવીને પોલીસકર્મચારીએ આ અકસ્માત સર્જ્યો હતો. મળતા અહેવાલ પ્રમાણે નવરંગપોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ અનિરુદ્ધ વાઘેલાએ આ અકસ્માત સર્જ્યો હોવાની પ્રાથમિક જાણકારી મળી છે. પોલીસ કર્મચારીએ અન્ય કારને ટક્કર મારી હતી. પોલીસ કર્મીની કાર એટલી સ્પીડમાં હતી કે તેને પણ ઘણું નુકશાન થયું હતું. તો બીજી તરફ અકસ્માત સર્જાયા પછી કોન્સ્ટેબલ રોફ જમાવતો હોવાનું પણ સામે આવ્યું હતું.

અકસ્માત બાદ મોટી સંખ્યામાં લોકોનું ટોળું એકઠ્યું થયું હતું, ઉલ્લેખનીય છે કે લોકોએ હોબાળો મચાવ્યો હતો, અને અકસ્માત સર્જનાર પોલીસ હેડ કોન્સ્ટેબલને

...અનુસંધાન પેજ નં. 6 પર

# શહેરમાં સામાન્ય અકસ્માત બાબતે ત્રણ યુવકો પર લોહિયાળ હુમલો

■ પાંચ લોકો વિરૂદ્ધ હત્યાની કોશિશની ફરિયાદ દાખલ

ગુજરાત | વંદન




શહેરના શીલજબ્રિજ પાસે આવેલા માહોલ કાફેની સામે મોડી રાતે સામાન્ય અકસ્માત મામલે પાંચથી વધુ શખ્સોએ ત્રણ યુવકને પાઈપ તેમજ ડંડાથી માર મારીને લોહીલુહાણ કરી દેતા મામલો બીચક્યો છે. બે યુવક સ્કોર્પિયો લઈને જતા હતા ત્યારે એક યુવકની વર્ના કાર સામાન્ય અથડાઈ હતી. સ્કોર્પિયેના ચાલકે યુવક પાસે ખર્ચો માગ્યો હતો.

જેથી મામલો બીચક્યો હતો. વર્નાચાલકે તેના બે મિત્રોને સમાધાન માટે બોલાવી દીધા હતા જ્યારે સ્કોર્પિયોના ચાલકે માથાકૂટ કરવા તેના મિત્રોને બોલાવી દીધા હતા. સ્કોર્પિયોચાલક તેના મિત્રો સાથે મળીને ત્રણેય યુવકને માર મારીને નાસી ગયો હતો. સાયન્સસિટી વિસ્તારમાં આવેલ ગોકુલ બંગ્લોઝમાં રહેતા મેઘલ પ્રજાપતિએ બોડકદેવ પોલીસ સ્ટેશનમાં મયૂર ઠાકોર, પંકજ ઠાકોર, નીલેશ ઠાકોર સહિત પાંચ લોકો વિરૂદ્ધ હત્યાની કોશિશની ફરિયાદ કરી છે.

ગઈ કાલે રાતે મેઘલ તેની વર્ના કાર લઈને શીલજબ્રિજ પાસે આવેલ માહોલ કેફે પાસે ગયો હતો. મેઘલની કારની આગળ એક બ્લેક કલરની સ્કોર્પિયો હતી. જેણે એકાએક યુટર્ન મારતા મેઘલે તેની કારને બ્રેક મારી હતી. મેઘલે બ્રેક માર્યા બાદ પણ કાર થોડી સ્કોર્પિયોને ટક્કર વાગતાં તેમાથી બે યુવકો ઊતર્યા હતા અને મેઘલને કહેવા લાગ્યા હતા કે કેમ નુકસાન કર્યું છે.

મેઘલે બંને યુવકને કહ્યું કે હું તમને નુકસાનના રૂપિયા આપી દઈશ પરંતુ તમે મારી સાથે બબાલ ના કરશો. મેઘલની વાત સાંભળીને બંને યુવક કહેવા લાગ્યા હતા કે મારે હાલને હાલ નુકસાનના રૂપિયા જોઈએ છે નહીં તો મારી ગાડી રિપેર કરાવીને આપ. મેઘલ પાસે રૂપિયા નહીં હોવાથી તેણે તેના મિત્ર જય પટેલ તેમજ દેવ ઓઝાને ફોન કર્યો હતો. જય અને દેવ બંને મેઘલ પાસે આવી ગયા હતા અને ગાડીના નુકસાનના બાબતે બે યુવક સાથે ચર્ચા કરી રહ્યા હતા.

બંને પક્ષે સમાધાનની વાત ચાલતી હતી, પરંતુ સ્કોર્પિયોના ચાલકે પણ તેમના ઓળખીતાને બોલાવી દીધા હતા. યુવકોએ આવીને સ્કોર્પિયો ચાલકને પૂછ્યું હતું કે મયૂર શું થયું, આ લોકો તારી સાથે કેમ ઝઘડો કરે છે. ઉશ્કેરાયેલા મયૂરે બૂમો પાડીને તેના મિત્રોને કહ્યું કે પંકજ ઠાકોર અને નીલેશ ઠાકોર શું જોઈ રહ્યા છો ગાડીમાં લાકડીઓ અને પાઈપો પડી છે પૈસા નથી લેવા આજે આમને પૂરા કરી દેવા છે. જોતજોતામાં ગાડીમાંથી મયૂરે પાઈપ અને ડંડા કાઢ્યા હતા અને પાંચથી વધુ લોકોએ મેઘલ, જય અને દેવ પર હુમલો

...અનુસંધાન પેજ નં. 6 પર

# 18 વર્ષથી ફરાર મહિલા આરોપીની ગુજરાત એટીએસ દ્વારા ધરપકડ

■ ગોધરા કાંડ બાદ બદલો લેવા માટે તે સમયે હથિયારો મંગાવ્યા હતા

ગુજરાત | વંદન




ગુજરાત ATSએ છેલ્લા 18 વર્ષથી ફરાર મહિલા આરોપીની આર્મ્સ એક્ટ હેઠળ ધરપકડ કરી છે. 2002માં થયેલ ગોધરા કાંડ બાદ બદલો લેવા માટે જેતે સમય હથિયાર મંગાવવામાં આવેલ હતા તેમાં આ મહિલા અને તેના પતિની મુખ્ય ભુમિકા હતી.

2002માં ગુજરાતમાં ગોધરા હત્યાકાંડ બાદ અમદાવાદ શહેર તથા ગુજરાતમાં કોમી તોફાનો થયેલા તે તોફાનોનો બદલો લેવા માટે આ ગુનામાં પકડાયેલ આરોપીઓ વારીસ બરાઉદ્દીન પઠાણ તથા નસીમ અહેમદ હવાલદારખાન પઠાણ તથા નાદીરખાન બાબાખાન નવાબખાન પઠાણે ભેગા મળી હથિયારો ખરીદવા માટે ભંડોળ એકત્રીત કર્યું હતું.

વારીસ બરાઉદ્દીન પઠાણે રૂ.10,000 તથા નસીમ અહેમદ હવાલદારખાન પઠાણે રૂ.20,000 તથા નાદીરખાન બાબાખાન નવાબખાન પઠાણે રૂ.20,000/- એમ કુલ રૂ.50,000/-નુ ભંડોળ ભેગુ કરી આ ગુનામાં પકડાયેલ આરોપી ગુલામ રબ્બાની નસરુદ્દીન શેખને આ રૂ.50,000/- આપી ઉત્તર પ્રદેશથી હથિયારો તથા કારતૂસો મંગાવ્યા હતા. આરોપી ગુલામ રબ્બાની નસરુદ્દીન શેખ પાસેથી દેશી તમંચા નંગ-

...અનુસંધાન પેજ નં. 6 પર

# જૂનાગઢમાં આચાર્ય દેવવ્રતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં ફરકાવ્યો ત્રિરંગો



■ ગુજરાત પોલીસના જવાનો દ્વારા બાઈક સ્ટંટના કરતબ રજૂ કરાયા

ગુજરાત | વંદન

ગુજરાતમાં 75માં પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી જૂનાગઢમાં થઈ હતી. જૂનાગઢના પીટીસી ગ્રાઉન્ડમાં આ કાર્યક્રમ યોજાયો હતો. . જેમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમાં 75માં પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી જૂનાગઢ ખાતે કરવામા આવી છે. પ્રજાસત્તાક દિવસ પર રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં ત્રિરંગો ફરકાવ્યો હતો. આ કાર્યક્રમમાં ધ્વજવંદન બાદ શાળા કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. આ સાથે ગુજરાત પોલીસના જવાનો દ્વારા બાઈક સ્ટંટ કરવામા આવ્યુ હતું.

આ કાર્યક્રમમાં ગુજરાતની મહિલા પોલીસની ટીમ દ્વારા દિલધડક કોરિયોગ્રાફી કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. મહિલા પોલીસે દિલધડક કોરિયોગ્રાફી કાર્યક્રમ રજૂ કરી નારી શક્તિના દર્શન કરાવ્યા હતા. તિરંગાના રંગમાં સજ્જ ત્રણ ટીમોએ પરેડ

...અનુસંધાન પેજ નં. 6 પર

# પદ્મશ્રી એવોર્ડ મળતા હાસ્ય કલાકાર જગદીશ ત્રિવેદીએ ખુશી વ્યક્ત કરી

■ મારા કાર્યક્રમોની સંપૂર્ણ આવક હુ આરોગ્ય અને શિક્ષણમાં દાન કરૂ છું :ત્રિવેદી

ગુજરાત | વંદન



75માં ગણતંત્ર દિવસના એક દિવસ પહેલા પદ્મ પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી હતી. આ વર્ષે 132 હસ્તીઓને પદ્મ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. જેમાંથી 5ને પદ્મ વિભૂષણ, 17ને પદ્મ ભૂષણ અને 110ને પદ્મશ્રી એનાયત કરવામાં આવશે. આમાં 6 ગુજરાતીઓનો પણ સમાવેશ થાય છે. તેમાંના એક છે સુરેન્દ્રનગરના વતની અને જગવિખ્યાત હાસ્ય કલાકાર જગદીશ ત્રિવેદી. પદ્મશ્રી એવોર્ડ પ્રાપ્ત થવા અંગે જગદીશ ત્રિવેદીએ પોતાની પ્રતિક્રિયા આપી છે. કેન્દ્ર સરકાર દ્વારા પ્રજ્ઞશ્રી એવોર્ડ એનાયત કરવાની જાહેરાત કર્યા બાદ તેમને વધુ એક સંકલ્પ કર્યો છે કે, હવે પોતાની જિંદગીમાં જે હાસ્ય કલાકારના કાર્યક્રમો કરશે અને તેની પાછળ મળતી રકમ છે તે તમામ રકમ શિક્ષણ અને સેવા અને આરોગ્ય પાછળ તે ખર્ચ કરી નાખશે.

જગદીશ ત્રિવેદીએ જણાવ્યું કે, મારા માટે અત્યંત આનંદના સમાચાર છે. મને પદ્મશ્રી એવોર્ડ એનાયત કરવાની જાહેરાત કરવામા આવી છે તે મારી જીંદગીના અત્યાર સુધીના સૌથી મોટા સમાચાર છે. પીએમ મોદીએ મન કી બાત કાર્યક્રમમાં મારા વિશે વાત કરી ત્યારે મારો સમાજસેવા કરવાનો ઉત્સાહ બમણો થઈ ગયો

...અનુસંધાન પેજ નં. 6 પર

# જ્ઞાનસહાયકો પૂરતા પ્રમાણમાં નથી ત્યારે પ્રવાસી શિક્ષકોને છૂટા કરવાનો આદેશ

■ સમગ્ર રાજ્યમાં હાલ 8 હજારથી વધુ શિક્ષકોની ઘટ સર્જાઈ છે

ગુજરાત | વંદન


પ્રતિકાત્મક તસ્વીર

રાજ્ય શિક્ષણ વિભાગના અણઘડ આયોજનનો ભોગ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ બનવાનો વારો આવ્યો છે. શિક્ષણ વિભાગે ઉચ્ચતર માધ્યમિક એટલે ધોરણ 11 અને 12 માં જ્ઞાન સહાયક શિક્ષકોની ભરતી કર્યા બાદ હવે પ્રવાસી શિક્ષકોને છૂટા કરવા માટે આદેશ કરી દીધો છે. જોકે જમીની હકીકત એ છે કે ધોરણ 11 અને 12 ગ્રાન્ટેડ શાળાઓમાં જ્ઞાન સહાયક શિક્ષકો પૂરતા પ્રમાણમાં મળ્યા નથી અને બીજી તરફ કામ ચલાઉ પ્રવાસી શિક્ષક તરીકે કામ કરી રહ્યા હતા, એ શિક્ષકોની 23મી જાન્યુઆરીએ મર્યાદા પૂર્ણ થતા છૂટા કરવા માટે હુકમ કરવામાં આવ્યો છે.

રાજ્યની ગ્રાન્ટેડ અને સરકારી શાળાઓમાં શિક્ષકોની ઘટ પૂર્ણ કરવા માટે સરકાર પ્રવાસી શિક્ષકોની યોજના લઈને આવી હતી. જેમાં TET-TAT પાસ ઉમેદવારોને લેવામાં આવતા હતા. જો કે ત્યારબાદ ચાલુ શૈક્ષણિક વર્ષથી જ્ઞાન સહાયક યોજના લાવવામાં આવી. જ્યાં શિક્ષકોની ઘટ છે ત્યાં જ્ઞાન સહાયકો આપવામાં આવ્યા. પૂરતા પ્રમાણમાં શાળાઓને જ્ઞાન સહાયકો ન મળતા તેમને 6 મહિના માટે પ્રવાસી શિક્ષકો રાખવા છૂટ આપવામાં આવી હતી. જે 23 જાન્યુઆરીએ પૂર્ણ થતાં પ્રવાસી શિક્ષકોને તાત્કાલિક છૂટ્ટા કરવા સૂચના આપવામાં આવી છે.

હાલ સ્થિતિ એવી છે કે બે રાઉન્ડ બાદ પણ શાળાઓને જ્ઞાન સહાયકો નથી મળ્યા. શૈક્ષણિક કાર્ય પ્રવાસી શિક્ષકો થકી ચાલી રહ્યું હતું એ પણ સરકારના નિર્ણયના કારણે ખોરંભાયું છે. શાળા સંચાલકો કહે છે કે કેટલાક વિષયો એવા છે કે જેના શિક્ષકો જ્ઞાન સહાયક યોજના હેઠળ મળ્યા જ નથી. ઉપરાંત અંગ્રેજી માધ્યમની શાળાઓમાં પણ શિક્ષકો નથી મળ્યા. જેથી આ યોજનાનો અર્થ રહેતો નથી.

...અનુસંધાન પેજ નં. 6 પર

# સાવધાન! પગથી બટાકા ધોવાય છે, પિત્ઝાના સલાડમાંથી ઈયળ નીકળે છે !!

■ પાણીપુરીની લારીવાળો મોટા તપેલામાં પગથી બટાકા ધોઈ રહ્યો હોય તેવો વીડિયો વાઈરલ

ગુજરાત | વંદન



બજારમાં જઈએ અને કોઈ પાણીપુરી વાળો દેખાય ત્યારે ચટપટી પાણીપુરી ખાવાની ઈચ્છા થતી હોય છે. અમદાવાદ હોય કે વડોદરા કોઈ પણ સ્થળે પાણીપુરી ખાતા પહેલા વિચારવું પડે તેમ છે કેમકે હાલમાં એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં લારીવાળો બટાકા પગથી ધોઈ રહ્યો હોય તેવું જોવા મળી રહ્યો છે. વાસ્તવમાં આ વીડિયો વડોદરાનો છે. શહેરના દાંડીયા બજારમાં પાણીપુરીની લારીવાળો પગથી બટાકા ધોતો હોય તેવો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. પાણીપુરીની લારીવાળો મોટા તપેલામાં પગથી બટાકા ધોઈ રહ્યો હોય તેવું વીડિયોમાં જોઈ શકાય છે. એટલું જ નહી વીડિયોમાં જોઈ શકાય છે કે બટાકા રોડ પર પડી જતા તે પાણીથી ધોઈ ફરીથી તપેલામાં નાખી રહ્યો છે. આવા લારી વાળા હાઈજીન પાણીપુરીના નામે લોકો પાસેથી વધુ રૂપિયા વસૂલે છે.

હાઈજીનના નામે પાણીપુરી વેચતા લોકો પર આ વીડિયો સવાલો ઉભો કરી રહ્યો છે. ગયા મહિને જ રાજકોટની સંકલ્પ હોટલમાં ઢોંસા સાથે અપાતા સાંભરમાંથી માખી નીકળી હોવાની ઘટના બની હતી. રાજકોટના રૈયા સર્કલ પાસે આવેલી સંકલ્પ હોટલમાં એક વ્યક્તિ પરિવાર સાથે જમવા માટે ગયા હતા. જ્યાં તેમણે ઢોંસાનો ઓર્ડર આપ્યો હતો. ત્યારે ઢોંસા સાથે આપવામાં આવતા સાંભરમાંથી માખી નીકળી હતી. જેનો ગ્રાહકે વીડિયો બનાવ્યો હતો. બાદમાં ગ્રાહકે હોટલના મેનેજરને આ અંગેની ફરિયાદ કરી હતી. જોકે હોટલ મેનેજરે કહ્યું કે અમે બેદરકારી દાખવતા નથી પણ ભૂલ થઈ ગઈ હશે.

આખરે ગ્રાહકે વીડિયો સોશલ મીડિયામાં વાયરલ કરી અન્ય લોકોને સાવચેત રહેવા અપીલ કરી હતી. નોંધનીય છે કે અમદાવાદમાં પણ ગયા મહિને આ પ્રકારની ઘટના બની હતી. અમદાવાદમાં એક પિત્ઝા સેન્ટરમાં સલાડમાંથી ઈયળ નીકળવાની ઘટના બની હતી. શહેરના વસ્ત્રાલમાં વિસ્તારમાં આવેલા બ્રિટિશ પિત્ઝામાં જમવા ગયેલા એક ગ્રાહકને કડવો અનુભવ થયો હતો. બ્રિટિશ પિત્ઝામાં સલાડમાંથી ઈયળ નીકળી હતી. આ અંગે ગ્રાહકે હોટલ સંચાલકને ફરિયાદ કરી હતી. ન્યુ રાણીપ વિસ્તારમાં આવેલ રિયલ પેપરિકામાં પણ

...અનુસંધાન પેજ નં. 6 પર

# ગુજરાતના 18 પોલીસ અધિકારીઓ અને જવાનો રાષ્ટ્રપતિ ચંદ્રકથી સન્માનિત

ગુજરાત | વંદન




પ્રજાસત્તાક પર્વ પ્રસંગે ગુજરાતના 18 પોલીસ અધિકારીઓ અને જવાનોને રાષ્ટ્રપતિ પોલીસચંદ્રક જાહેર કરવામાં આવ્યા છે. વિશિષ્ટ સેવા અંગેના પોલીસ મેડલ બે અધિકારીઓને જાહેર કરવામાં આવ્યા છે.

પ્રશંસનીય સેવા અંગેના પોલીસ મેડલ માટે 16 અધિકારીઓના નામ જાહેર કરાયા છે. SRP નડીઆદમાં DYSP શશીભૂશન શાહ તેમજ ભરૂચના ASI પ્રદીપ મોઘેને વિશિષ્ટ મેડલ એનાયત કરવામાં આવશે.

વિશિષ્ટ સેવામાં અમદાવાદ રેન્જ આઈ.જી પ્રેમવીર સિંહ તેમજ ટ્રાફિક JCP નરેન્દ્ર ચૌધરીનું નામ જાહેર કરવામાં આવ્યું છે.ગાંધીનગરના IPS રાઘવેન્દ્ર વત્સ સહિત જૂનાગઢ DYSP ભગિરથસિંહ ગોહિલનું નામ જાહેર કરવામાં આવ્યું છે.

વડોદરા SRP DYSP કિરીટ ચૌધરી સને ભમરાજી જાટનું નામ જાહેર કરવામાં આવ્યું છે. PSI દિલીપસિંહ ઠાકોર, અલ્તાફખાન પઠાણ, કમલેશસિંહ ચાવડા, શૈલેષ પટેલ, યોગેન્દ્રસિંહ રાઠોડનું નામ જાહેર કરવામાં આવ્યું છે. ASI

...અનુસંધાન પેજ નં. 6 પર



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009